દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 163 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ વદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 July 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૧૧ જુલાઈ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


મેટિની પૂર્તિ ૫ ૬ ૭


LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ગણેશોત્સવ મહારાષ્ટ્રનો રાજ્ય ઉત્સવ

## ‘ગણેશોત્સવ ફક્ત એક ઉજવણી નથી, મહારાષ્ટ્રના સાંસ્કૃતિક ગૌરવ અને ઓળખનું પ્રતીક’

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એક સદીથી વધુ જૂના ‘સાર્વજનિક ગણેશોત્સવ’ને ગુરુવારે સત્તાવાર રીતે ‘મહારાષ્ટ્રનો રાજ્ય ઉત્સવ’ જાહેર કરવામાં આવ્યો હતો. સરકારે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તે આ ઉત્સવના સાંસ્કૃતિક વારસાને જાળવવા અને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

વિધાનસભામાં આ બાબતની જાહેરાત કરતા સાંસ્કૃતિક બાબતોના પ્રધાન આશિષ શેલારે કહ્યું હતું કે, ‘ગણેશોત્સવ ફક્ત એક ઉજવણી નથી, તે મહારાષ્ટ્રના સાંસ્કૃતિક ગૌરવ અને ઓળખનું પ્રતીક છે.’

પ્રધાને એક નિવેદનમાં જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં સાર્વજનિક ગણેશોત્સવ (જુઓ પાનું ૨) ▶▶


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 89,190/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં મૃત્યુઆંક ૧૭: ચાર એન્જિનિયર સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વડોદરા જિલ્લામાં મહીસાગર નદી પરના તૂટી પડેલા પુલના સંબંધમાં રાજ્યના માર્ગ અને ઇમારત વિભાગના ચાર ઇજનેરને ગુરુવારે સસ્પેન્ડ કર્યા હતા. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૭ જણ માર્યા ગયાં હતાં અને અન્ય અનેક લોકો ઘાયલ થયા હતા.


અગાઉ, માર્ગ અને ઇમારત વિભાગ સંભાળતા મુખ્ય પ્રધાન પટેલે આ પુલનાં સમારકામ, નિરીક્ષણ (તપાસ) અને ગુણવત્તા તપાસવાની બાબતમાં અહેવાલ તૈયાર કરવા નિષ્ણાતોને સૂચના આપી હતી અને આ અહેવાલને આધારે ચાર એન્જિનિયરને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવાયો હતો.

વડોદરાના પાદરા-જંબુસર વચ્ચે આવેલો ગંભીરા બ્રિજ બુધવારે તૂટી પડતાં અનેક વાહનો નદીમાં પડ્યાં હતાં. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૭ લોકોનાં મોત નીપજ્યાં છે. બુધવાર મોડી રાતથી એસડીઆરએફ, એનડીઆરએફ અને ફાયરબ્રિગેડ સહિત ૧૦થી વધુ એજન્સીઓની ટીમો બચાવ અને રાહતકાર્યમાં જોતરાયેલી

(જુઓ પાનું ૨) ▶▶


10,000+HAPPY TOURIST
મૈસુર-કુર્ગ-મદૂરાઈ ઉટી-કોડાઈ-રામેશ્વર OCT,NOV,Rs.35,000/*
આસામ-મેઘાલય અરૂણાચલ દિ.૧૧ OCT. TO MAY રજવાડી ભોજન
DUBAI-ABUDHABI
FERARI/WARNER/SEA WORLD
SEP. TO MAR SPL.AIRFARE-DIWALI
૪*હોટલ્સ,પ્યોર વેજ/જૈન લંચ-ડીનર-નાસ્તો-વીઝા
EUROPE સ્વીઝરલેન્ડ,પેરીસ,ઈન્સબ્રુક રોમ,પીસા,વેનીસ,એમસ્ટરડેમ
બ્રસેલ્સ,જર્મની દિ.૧૫,ઉ.૫ સપ્ટે,૪*હોટલ્સ
એરફેર,વીઝા,વેજ/જૈન લંચ-ડીનર-નાસ્તો,સાઇટસીઇંગ
VIETNAM-SAPA SEP TO MAR
11D,4/5*હોટલ્સ,એરફેર,વીઝા
સાઇટસીઇંગ,વેજ/જૈન લંચ-ડીનર-નાસ્તો
LIMITED SEATS@Rs.1,49,000/*
સીંગાપોર-મલેશીયા-થાઈલેન્ડ
બેંગકોક,પટ્ટાયા,જેન્ટીંગ,કુઆલાલુમ્પુર
SEPT/OCT/JAN,D-14/12/9/6
૨ રાત્રી જેન્ટીંગ ડ્રીમ ક્રુઝ
કાશ્મીર કેરાલા નેપાલ ચારધામ યુપી
SINCE 2003 નીરવ સંઘવી સંચાલીત
વિનાયક ટુર્સ
9930716930/9137946753
9820093130 Timing 11 to 8
૮,વલ્લભ,મહાવીરનગર,કાંદીવલી(વે)

RAAS
SAREES | BRIDAL & MUCH MORE
Annual Sale
OF THE YEAR
UPTO 40% OFF
S.V.ROAD,SANTACRUZ WEST
022 4748 3803 | 88799 63976






**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કટોકટીની ટીકાઃ થરૂરે કૉંગ્રેસને આયનો બતાવી દીધો

**કૉંગ્રેસના** સાંસદ શશી થરૂર લાંબા સમયથી કૉંગ્રેસની નેતાગીરીને અકળાવ્યા કરે છે. કૉંગ્રેસ સંગઠનની નબળાઈઓની જાહેરમાં ચર્ચા કરવાથી માંડીને નરેન્દ્ર મોદીનાં વખાણ કરવા સહિતની પ્રવૃત્તિઓના કારણે કૉંગ્રેસનો એક વર્ગ થરૂરને કૉંગ્રેસમાંથી તગેડી મૂકવાની માગ પણ કરે છે ત્યારે થરૂરે આ માગ પ્રબળ બને એવું વધુ એક કારણ પૂરૂં પાડીને ૧૯૭૫માં ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટોની આકરી ઝાટકણી કાઢી છે.

મલયાલમ દૈનિક દીપિકામાં કટોકટી પર એક લેખમાં થરૂરે , ૨૫ જૂન ૧૯૭૫થી ૨૧ માર્ચ ૧૯૭૭ દરમિયાન વડા પ્રધાન ઇન્દિરા ગાંધીએ લાદેલી કટોકટીને ભારતના ઇતિહાસનું કાળું પ્રકરણ ગણાવીને લખ્યું છે કે, શિસ્ત અને વ્યવસ્થા માટે કરવામાં આવેલા પ્રયાસો ક્રૂરતાના કૃત્યોમાં ફેરવાઈ ગયા જેને વાજબી ઠેરવી શકાય નહીં. થરૂરે એમ પણ લખ્યું છે કે, કટોકટીને ફક્ત ભારતના ઇતિહાસના કાળા પ્રકરણ તરીકે યાદ રાખવી જોઈએ નહીં પણ કટોકટીમાંથી શીખેલા પાઠને સંપૂર્ણ રીતે સમજવા જોઈએ.

થરૂરે લખ્યું છે કે, ઇન્દિરા ગાંધીના પુત્ર સંજય ગાંધીએ બળજબરીથી નસબંધી ઝુંબેશ ચલાવીને કટોકટી દરમિયાન અત્યાચારનું એક કુખ્યાત ઉદાહરણ પૂરું પાડ્યું. નસબંધીના મનસ્વી ટાર્ગેટને પૂરા કરવા ગરીબ લોકો પર અત્યાચારો ગુજારાયા અને ગ્રામીણ વિસ્તારોમાં હિંસા અને બળજબરીનો ઉપયોગ કરવામાં આવ્યો. નવી દિલ્હી જેવાં શહેરોમાં, ઝૂંપડપટ્ટીઓને નિર્દયતા અને ક્રૂરતાથી તોડી પાડીને હજારો લોકોને બેઘર બનાવવામાં આવ્યા અને લોકોના કલ્યાણને ધ્યાનમાં લેવામાં આવ્યું ન હતું. થરૂરે એવી ટકોર પણ કરી છે કે, લોકશાહી હળવાશથી લેવાની વસ્તુ નથી પણ કિંમતી વારસો છે કે જેને સતત સંવર્ધન અને સાચવણીની જરૂર પડે છે.

થરૂરે આખો લાંબો લેખ લખ્યો છે. આ લેખનો ટૂંક સાર એ જ છે કે, કૉંગ્રેસે કટોકટી વખતે લોકશાહીને અભરાઈ પર ચડાવી દીધી હતી અને સંજય ગાંધીએ અત્યાચારો કરવામાં કોઈ કસર નહોતી છોડી. થરૂરે લખેલી વાતો સો ટકા સાચી છે કેમ કે કટોકટી કાળમાં સંજય ગાંધી અને તેમના ચમચાઓએ બેફામ બનીને લોકશાહીના સિદ્ધાંતોની પત્તર ખાંડી દીધી હતી. સંજય સત્તાવાર રીતે કોઈ હોદ્દા પર નહોતો છતાં સુપર પ્રાઈમ મિનિસ્ટર તરીકે વર્તતો હતો. કૉંગ્રેસીઓ સંજય ગાંધીના પગોમાં આળોટી ગયા હતા અને કરોડરજ્જુ વિનાના બનીને વર્તતા હતા.

સંજયને સૂઝે એ તુક્કો કાયદો બની જતો ને તેના ચમચાઓને ગમે એ નિયમ બની જતો. એ વખતે ટીવી ચેનલો કે ડિજિટલ મીડિયા તો નહોતું પણ અખબારોનો અવાજ દબાવી દેવા માટે સેન્સરશિપ લાદી દેવાઈ હતી. ઈન્દિરા ગાંધી સરમુખત્યારની જેમ વર્તતાં અને જેમણે લોકશાહીનું ગળું દબાવી દેવાના પ્રયાસો સામે અવાજ ઉઠાવ્યો એ બધાંને ઉઠાવીને જેલમાં નાંખી દેવાયા હતા.

વિપક્ષી સાંસદોને જેલમાં ધકેલીને પોતાની કઠપૂતળી જેવા સાંસદોના જોરે બંધારણ બદલી દેવાયું હતું. બંધારણની પ્રસ્તાવનામાં ફેરફાર ના કરી શકાય પણ ઈન્દિરા ગાંધીએ એ પાપ પણ કરી નાંખેલું. બંધારણીય જોગવાઈઓ બદલીને અને કાયદા સુધારીને ઇન્દિરા ગાંધીની સત્તા સામે કોઈ પડકાર જ ના રહે એવી સ્થિતિ પેદા કરી દેવાઈ હતી એ જોતાં કટોકટી કાળને દેશના ઈતિહાસનું સૌથી કલંકિત પ્રકરણ ગણવામાં જરાય અતિશયોક્તિ નથી.

આઝાદ ભારતના ઈતિહાસના સૌથી કલંકિત પ્રકરણ એવી કટોકટીને ૫૦ વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે લખેલા લેખમાં થરૂરે કૉંગ્રેસને ઈતિહાસની કડવી વાસ્તવિકતાનો આયનો બતાવી દીધો એ ઘણા નેતાઓને ગમ્યું નથી. થરૂરને કૉંગ્રેસમાં કાઢી મૂકવાનો ગણગણાટ પાછો શરૂ થયો છે પણ કૉંગ્રેસની નેતાગીરીની તકલીફ એ છે કે, થરૂરને કમ સે કમ આ મુદ્દે તગેડી શકે તેમ નથી. કટોકટીનો ઈતિહાસ ખુલ્લી કિતાબ છે. ઈન્દિરા ગાંધીએ કરેલું મહાપાપ અને સંજય ગાંધીના અત્યાચારોની વાતો અડધી સદી જ જૂની છે તેથી તેને નકારી શકાય એમ નથી.

સંજયના અત્યાચારોના કારણે કૉંગ્રેસ પોતે જ એટલો અપરાધભાવ અનુભવે છે કે, સંજય ગાંધીનું નામ પણ લેતી નથી. સંજય ગાંધી એક સમયે ઈન્દિરા ગાંધીના રાજકીય વારસ ગણાતા હતા, પણ કૉંગ્રેસે તેમને કોરાણે મૂકી દીધા છે. કૉંગ્રેસ પોતે સાવ વખારમાં નાંખી દીધેલા ઘણા નેતાઓને વચ્ચે વચ્ચે યાદ કરી લે છે, પણ સંજયનું નામ પણ લેતી નથી. તેનું કારણ એ જ છે કે, સંજયને યાદ કરાય એ સાથે જ કટોકટીની કલંકિત કથા પણ યાદ આવે તેથી કૉંગ્રેસે સંજયના નામનું નાહી નાંખીને તેને બાજુ પર જ મૂકી દીધો છે. કટોકટીની વાત કરતાં પણ કૉંગ્રેસ ખચકાય છે તેથી તેની ટીકા કરનારા થરૂરને કાઢવા જાય તો કૉંગ્રેસ કટોકટીનો બચાવ કરે છે એવું ચિત્ર ઉભું થાય. તેના કારણે ભાજપને મોટો મુદ્દો મળી જાય એટલે થરૂરને કટોકટીની ટીકા કરવા બદલ કાઢી મૂકાય એવી શક્યતા નથી.

થરૂરને કૉંગ્રેસ કાઢી ના શકે એ માટે બીજું કારણ પણ છે. થરૂરે આ લેખથી અલગ પોતાના સોશિયલ મીડિયા પર એક સર્વે પણ મૂક્યો છે. આ સર્વે પ્રમાણે ૨૦૨૬માં યોજાનારી કેરળ વિધાનસભાની ચૂંટણીમાં કૉંગ્રેસના નેતૃત્વ હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ)ની ભવ્ય જીત થશે જ્યારે હાલના મુખ્યમંત્રી પિનારાયી વિજયનના નેતૃત્વ હેઠળના ડાબેરી મોરચાને કારમી પછડાટ મળશે. સર્વેમાં યુડીએફના મુખ્યમંત્રીપદના દાવેદારોમાં શશી થરૂર સૌથી આગળ છે. લગભગ ૨૮ ટકા મતદારોએ થરૂર પર કળશ ઢોળ્યો છે. આ સર્વેની વિગતો સોશિયલ મીડિયામાં મૂકીને થરૂરે કૉંગ્રેસના મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે પોતાનો દાવો રજૂ કરી દીધો છે તેમાં શંકા નથી.

થરૂરે કટોકટી વિરોધી લેખ અને આ સર્વે દ્વારા કૉંગ્રેસ નેતૃત્વ સાથે આરપારની લડાઈ લડવાનું નક્કી કરી લીધું હોય એવું લાગે છે. થરૂરે સંકેત આપ્યો છે કે, મારી લાયકાતની કદર કરો નહિંતર આ પ્રકારની પરિસ્થિતી માટે તૈયાર રહો. થરૂર ચાર ટર્મથી થિરૂવનંથપુરમ બેઠક પરથી લોકસભાના સભ્ય તરીકે ચૂંટાય છે. કેન્દ્રમાં મંત્રી રહી ચૂક્યા છે અને બુદ્ધિશાળી તથા અભ્યાસુ વ્યક્તિ તરીકેની પોતાની છાપ ધરાવે છે. થરૂરની લાયકાતો વિશે ઘણું લખી શકાય તેમ છે ને એ મુખ્યમંત્રી બનવાને લાયક છે તેમાં બેમત નથી. કેરળ દેશનું સૌથી શિક્ષિત રાજ્ય છે એ જોતાં થરૂર જેવા ઉચ્ચ શિક્ષિતને કૉંગ્રેસ પોતાના મુખ્યમંત્રીપદના ઉમેદવાર બનાવે તો તેની અસર પણ પડે તેથી થરૂરના દાવો ખોટો નથી. આ દાવો સ્વીકારવાના બદલે કૉંગ્રેસ તેમને તગેડી મૂકે તો લોકો કૉંગ્રેસની નેતાગીરી સામે સવાલ કરવા માંડે એ જોતાં કૉંગ્રેસ હાલના તબક્કે થરૂરને કાઢવાનું જોખમ લે એ વાતમાં માલ નથી. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, શુક્રવાર, તા. ૧૧-૭-૨૦૨૫, સૌરાષ્ટ્રમાં મોળાકાતના પારણા, પારસી ૧૨મો સ્પેન્દાર્મદ માસારંભ

- ભારતીય દિનાંક ૨૦, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧ શા. શકે ૧૯૪૭, અષાઢ વદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ગાથા ૧ અહુનવદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૬મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરાષાઢા
- ચંદ્ર ધનુમાં બપોરે ક. ૧૨-૦૮ સુધી, પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષર ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ બપોરે ક. ૧૨-૪૩, મધ્યરાત્રે ક. ૦૦-૧૮
- ઓટઃ સાંજે ક. ૧૮-૫૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,

‘વિશ્વાવસુ’નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ – પ્રતિપદા. ઈષ્ટિ, સૌરાષ્ટ્રમાં મોળાકાતના પારણા, પારસી ૧૨મો સ્પેન્દાર્મદ માસારંભ. સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુમાં વાહન અશ્વ.

- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ વૈધૃતિ જન્મયોગ શાંતિ પૂજા, વિશ્વ દેવતાનું પૂજન, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મુંડન કરાવવું નહીં. ખેતીવાડીના કામકાજ, બી વાવવું.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ પ્રવૃત્તિપ્રિય
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ,
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# કટોકટી દેશની લોકશાહી પરનું કલંકઃ શશી થરૂર

## સંજય ગાંધીની કામગીરીની પણ ટીકા કરી

તિરુવનંતપુરમઃ કૉંગ્રેસના વરિષ્ઠ નેતા શશી થરૂરે ૧૯૭૫માં તે વખતનાં વડાં પ્રધાન ઇન્દિરા ગાંધી દ્વારા લદાયેલી કટોકટીને દેશના ઇતિહાસનો ‘કાળો યુગ’ અને લોકશાહી પરનું કલંક ગણાવીને તેની આકરી ટીકા કરી હતી અને જણાવ્યું હતું કે ઇન્દિરા ગાંધી દ્વારા તે વખતે જનતા સામે સત્તાના કરાયેલા ‘અતિરેક’ (દુરુપયોગ)ને લીધે જ તેમનો (કૉંગ્રેસ) પક્ષ ચૂંટણીમાં બહુ ખરાબ રીતે હારી ગયો હતો.

કૉંગ્રેસની કારોબારી સમિતિના સભ્ય શશી થરૂરે મલયાલમ અખબારમાંના એક લેખમાં જણાવ્યું હતું કે ઇન્દિરા ગાંધીના દીકરા સંજય ગાંધી પુરુષોની બળજબરીથી નસબંધી કરાવતો અને નવી દિલ્હીમાંની ઘણી ઝૂંપડપટ્ટી તોડી પડાવી હતી તેમ જ આવી ઘણી કુખ્યાત પ્રવૃત્તિ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે સંજય ગાંધીએ અનેક ઝૂંપડપટ્ટી તોડાવી હોવાથી હજારો લોકો બેઘર થઇ ગયા હતા. લોકો પર સરમુખત્યારની જેમ બળજબરી કરાતી હતી. કટોકટી વખતે લોકો ટોળે વળી નહોતા શકતા અને વાણી તેમ જ વિચાર વ્યક્ત કરવાની સ્વતંત્રતા છીનવી લેવાઇ હતી.

શશી થરૂરે જણાવ્યું હતું કે લોકશાહીને હળવાશથી લેવી ન જોઇએ. તે કીમતી વારસો છે. ભારતની હાલની સ્થિતિ અને ૧૯૭૫ની સ્થિતિમાં ઘણો જ ફરક છે. આજે આપણે વધુ આત્મવિશ્વાસ ધરાવતા અને વિકાસશીલ બન્યા છીએ. દેશમાં લોકશાહી વધુ મજબૂત થઇ છે.

શશી થરૂરના આ લેખ અંગે પુછાયેલા સવાલના જવાબમાં કૉંગ્રેસના અન્ય નેતા વી. ડી. સાથીસનને જણાવ્યું હતું કે આ અંગે પક્ષની માત્ર રાષ્ટ્રીય નેતાગીરી જ ટિપ્પણી કરી શકશે.

કૉંગ્રેસના નેતા કે. મુરલીધરણને આ સંબંધમાં કરાયેલા સવાલના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે કટોકટી અંગે હાલમાં ચર્ચા કરવી યોગ્ય નથી. (એજન્સી)■

# પીએમ મોદીના નેતૃત્વમાં ભારતનાં હિતોનું સંપૂર્ણ રક્ષણ થશેઃ ભાજપ

નવી દિલ્હીઃ ભાજપે ગુરુવારે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પાંચ દેશના પ્રવાસ દરમિયાન ભારતે મહત્ત્વપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમણે બ્રિક્સમાં આતંકવાદ સામે સ્પષ્ટ સર્વસંમતિ બનાવી છે, મહત્ત્વપૂર્ણ અને દુર્લભ પૃથ્વી સામગ્રી માટે કરારો કર્યા છે અને તેમની મુલાકાત દરમિયાન ભારતીય ડાયસ્પોરા સાથે સંબંધો ગાઢ બનાવ્યા છે.

પત્રકારો સાથે વાત કરતા, ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ બ્રિક્સ સભ્યો પર વધારાની ટૅરિફ લાદવાની યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની ધમકીને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે મોદીના નેતૃત્વમાં ભારત તેના લશ્કરી, રાજદ્વારી અને વેપાર હિતોનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ છે.

તેમણે કહ્યું કે બ્રિક્સ સભ્યો પર વધારાની ટૅરિફની ધમકી અમેરિકાનો આંતરિક મામલો છે.

તેમણે નોંધ્યું હતું કે ભારત વેપાર કરાર માટે દેશ સાથે વાટાઘાટો કરી રહ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ‘‘લોકોને સંપૂર્ણ વિશ્વાસ છે કે મોદીના નેતૃત્વમાં દરેક સંજોગોમાં દરેક ભારતીયનાં હિતનું સંપૂર્ણ રક્ષણ થાય છે.’’

અઠવાડિયાના પ્રવાસ પછી સવારે વડા પ્રધાન ભારત પરત ફર્યા ત્યારે, ભાજપના નેતા અને રાજ્યસભાના સાંસદ સુધાંશુ ત્રિવેદીએ દાવો કર્યો હતો કે તેમણે આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર દેશની ભૂમિકા માટે એક નવા યુગની શરૂઆત કરી છે.

તેમણે ઉમેર્યું હતું કે વૈશ્વિક દક્ષિણ સાથે ભારતનું જોડાણ નવી ઊંચાઈએ પહોંચ્યું છે.

મોદીને અત્યાર સુધીમાં ૨૭ દેશ તરફથી સર્વોચ્ચ નાગરિક સન્માન મળ્યું છે અને ૧૭ દેશની સંસદોને સંબોધિત કરી છે તે નોંધીને, ત્રિવેદીએ કહ્યું કે તે ફક્ત તેમનું જ નહીં પરંતુ દરેક ભારતીયનું સન્માન છે.

તેમણે કહ્યું કે એમણે ૨૭ ‘‘નક્ષત્ર’’ (તારાઓનું નક્ષત્ર)માં હિન્દુ પરંપરાગત માન્યતા જગાડી અને ઘણા દેશો દ્વારા મોદીને તેમનું સર્વોચ્ચ સન્માન આપવામાં આવવું એ ભારતની ઊભરતી શક્તિ અને સ્વીકૃતિનું તેજસ્વી પ્રતિબિંબ છે.

મોદી ઘાના, ત્રિનિદાદ અને ટોબેગો, આર્જેન્ટિના, બ્રાઝિલ અને નામિબિયાની મુલાકાત લઇને પાછા ફર્યા છે. ■

# યમનમાં કેરળની નર્સને મૃત્યુદંડથી બચાવવા સુપ્રીમ કોર્ટમાં અરજી

નવી દિલ્હીઃ યમનમાં બિઝનેસ પાર્ટનરની હત્યાને મામલે મૃત્યુદંડની સજાનો સામનો કરી રહેલી ભારતીય નર્સને ઉગારી લેવા દરમિયાનગીરી કરવાનો કેન્દ્ર સરકારને આદેશ આપવાની માગણી કરતી અરજીની સુનાવણી કરવા સુપ્રીમ કોર્ટે ગુરુવારે સહમતી દર્શાવી હતી.

હત્યાને મામલે ભારતીય નર્સને ૧૬મી જુલાઈએ મૃત્યુદંડની સજા આપવામાં આવે એવી શક્યતા છે.

ભારતીય નર્સને મૃત્યુદંડની સજામાંથી ઉગારી લેવા રાજદ્વારી માર્ગ શોધી કાઢવો જોઈએ એમ ઍડવોકેટ સુભાષચંદ્રને જણાવ્યા બાદ ન્યાયાધીશ સુધાંશુ ધુલિયા અને જયમાલા બાગચીની બનેલી ખંડપીઠે આ અરજીની સુનાવણી ૧૪મી જુલાઈએ હાથ ધરવાની તૈયારી દર્શાવી છે.

મૃતકના પરિવારને શરિયા કાનૂન અંતર્ગત કઈ રીતે આર્થિક વળતર આપી શકાય એમ છે તે પણ શોધી કાઢવું જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

આર્થિક વળતર આપી દેવાય તો મૃતકનો પરિવાર કદાચ કેરળની નર્સને માફ કરી દે તેવી શક્યતા હોવાનું વકીલે કહ્યું હતું.

ખંડપીઠે વકીલને અરજીની નકલ ઍટર્ની જનરલને આપી દેવા અને તેમની મદદ લેવા જણાવ્યું હતું.

મૂળ કેરળના પાલાક્કડ જિલ્લાની વતની ૩૮ વર્ષની નર્સ નિમિષાપ્રિયાને વર્ષ ૨૦૧૭માં યમનસ્થિત તેની બિઝનેસ પાર્ટનરની હત્યા કરવાને મામલે દોષી જાહેર કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૦માં તેને મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી અને વર્ષ ૨૦૨૩માં તેની અંતિમ અપીલ નકારી કાઢવામાં આવી હતી.

ભારતીય નર્સ હાલ યમનની રાજધાની સાનાસ્થિત જેલમાં છે.

નિમિષાપ્રિયાને કાયદાકીય સહાય આપતી સંસ્થા ‘સેવ નિમિષાપ્રિયા-ઈન્ટરનેશનલ ઍક્શન કાઉન્સિલ’ દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી છે. (એજન્સી)■

# કપિલ શર્માની કેનેડાની કૅફે પર ફાયરિંગઃ હુમલાખોરે કારમાંથી પિસ્તોલ કાઢીને ધડાધડ ગોળી છોડી

સરે (કેનેડા) : કેનેડાના સરે શહેરમાં કૉમેડિયન કપિલ શર્માની કેપ્સ કાફે પર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો છે. આનો એક વીડિયો પણ સામે આવ્યો છે. વીડિયોમાં દેખાય છે કે હુમલાખોર કારમાંથી પિસ્તોલ કાઢીને ધડાધડ ૧૦-૧૨ રાઉન્ડ છોડે છે. આ હુમલામાં કોઈને ઈજા થઈ હોવાના અહેવાલો નથી.

આ હુમલાની જવાબદારી ખાલિસ્તાની આતંકવાદી હરજિત સિંહ લડ્ડીએ લીધી છે. હરજિત સિંહનું નામ એનઆઈએના મોસ્ટ વોન્ટેડ આતંકવાદીની યાદીમાં છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે હરજિત બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ સાથે જોડાયેલો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે કપિલના કોઈ જૂના નિવેદન પર સંતપ્ત થઈને આ હુમલાને અંજામ દેવામાં આવ્યો છે. હજી એ જાણવા નથી મળ્યું કે આ કાફે હુમલાખોરનું સીધું નિશાન હતું કે પછી તેને ધમકી આપવા આ ગોળીબાર કરવામાં આવ્યો હતો.

અહીં ઉલ્લેખનીય છે કે બુધવારે રાત્રે જાણીતા કૉમેડિયન કપિલની કેપ્સ કાફે પર ગોળીબાર કરવામા આવ્યો હતો. કપિલે તાજેતરમાં આ કાફેનું ઉદ્દઘાટન કર્યું હતું. આ કપિલ શર્માનો પહેલો ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ છે. ઘટનાસ્થળે ફોરેન્સિક ટીમ પણ પહોંચી હતી. પોલીસ ઘટનાની ઝીણવટપૂર્વક તપાસ કરી રહી છે. ■

# બિહારમાં મતદાર યાદીની સુધારણાની પ્રક્રિયાને યોગ્ય ઠેરવતી સુપ્રીમ કોર્ટ

## ‘નાગરિકત્વ નક્કી કરવાનું કામ ચૂંટણી પંચનું નહિ, પણ ગૃહ મંત્રાલયનું છે’

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચ દ્વારા બિહારમાં હાથ ધરાયેલી મતદાર યાદીની સુધારણાની પ્રક્રિયાને કાયદેસર ગણાવી હતી, પરંતુ તેના સમય અંગે પ્રશ્ન કર્યો હતો.

સર્વોચ્ચ અદાલતની ન્યાયાધીશ સુધાંશુ ધૂળિયા અને જયમાલ્યા બાગચીની બનેલી બૅન્ચે બિહારમાંની મતદાર યાદીની સુધારણાની પ્રક્રિયામાં આધાર કાર્ડને ‘નાગરિકત્વનો પુરાવો’ નહિ ગણવા સામે સવાલ ઉઠાવ્યો હતો અને જણાવ્યું હતું કે કોઇ વ્યક્તિનું નાગરિકત્વ નક્કી કરવાનું કામ દેશના ચૂંટણી પંચનું નહિ પણ ગૃહ મંત્રાલયનું છે. ચૂંટણી પંચે મતદાર યાદી સુધારણાની પ્રક્રિયામાં (સ્થાનિક નાગરિકત્વના) પુરાવા તરીકે આધાર કાર્ડ, રેશન કાર્ડ અને મતદારના ઓળખપત્રનો સમાવેશ કરવા વિચારણા કરવી જોઇએ.

અગાઉ, ચૂંટણી પંચે દાવો કર્યો હતો કે આધાર કાર્ડ ‘નાગરિકત્વનો પુરાવો’ નથી.

ન્યાયાધીશ સુધાંશુ ધૂળિયાએ જણાવ્યું હતું કે ચૂંટણી પંચે જો બિહારમાં મતદાર યાદી સુધારણાની પ્રક્રિયામાં નાગરિકત્વની ચકાસણી કરવી હતી, તો તે ઘણાં સમય પહેલાં કરવી જોઇતી હતી.

બિહારમાં હાલમાં મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા હાથ ધરવાની સત્તા ચૂંટણી પંચની પાસે નહિ હોવાનું કહેતા અરજદારોના દાવાને સર્વોચ્ચ અદાલતે નકારી કાઢ્યો હતો.

‘એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ’ નામની સંસ્થા ઉપરાંત રાષ્ટ્રીય જનતા દળ, તૃણમૂલ કૉંગ્રેસ, કૉંગ્રેસ, એનસીપી (શરદ પવાર), સામ્યવાદી પક્ષ, જેએમએમના નેતાઓ મળીને કુલ ૧૦થી વધુ જણે ચૂંટણી પંચની બિહારમાંની સંબંધિત કામગીરીને પડકારતી અરજી સર્વોચ્ચ અદાલતમાં કરી હતી. (એજન્સી)■

# હરિયાણામાં ૪.૪ની તીવ્રતાનો ભૂકંપઃ દિલ્હી-એનસીઆરમાં પણ આંચકા અનુભવાયા

નવી દિલ્હીઃ હરિયાણાના ઝજ્જર નજીક ગુરુવારે સવારે ૪.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેની અસર દિલ્હી-એનસીઆરમાં પણ જોવા મળી હતી. અહીં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

ભૂકંપનું કેન્દ્રબિંદુ ઝજ્જરથી ૩ કિમી ઉત્તર-પૂર્વમાં અને દિલ્હીથી ૫૧ કિમી. પશ્ચિમમાં સ્થિત હતું. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના જણાવ્યા અનુસાર ભૂકંપ સવારે ૯-૦૪ વાગ્યે ૧૦ કિમીની ઊંડાઇએ નોંધાયો હતો. ઝજ્જર ઉપરાંત રોહતક અને ગુરુગ્રામ જિલ્લાઓ, પાનીપત, હિસાર અને મેરઠમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

ઝજ્જરના એક વૃદ્ધે જણાવ્યું કે તે એક જોરદાર આંચકો હતો. મારા જીવનમાં પહેલી વાર આટલો જોરદાર આંચકો અનુભવ્યો હોય તેવું મને લાગે છે. ભૂકંપના આંચકા અનુભવાતા જ ઘણા લોકો તેમના ઘરોની બહાર દોડી આવ્યા હતા. દિલ્હીમાં ભૂકંપના આંચકા અનુભવાતા જ આસપાસના વિસ્તારોમાં ગભરાટ ફેલાઇ ગયો અને લોકો ખુલ્લામાં એકત્રિત થઇ ગયા હતા. લોકો તેમના ઘરની બહાર દોડી આવ્યા હતા.

વિકાસપુરીના રહેવાસી સુલતાન ખાને જણાવ્યું કે આ અનુભવ ખૂબ જ ભયાનક હતો. અમે અચાનક જમીન ધ્રૂજતી અનુભવી અને અમે અમારા ઘરની બહાર દોડી આવ્યા હતા. પછી અમને ખ્યાલ આવ્યો કે આ ભૂકંપ હતો. પહેલા ગરમી, પછી રાતભર વરસાદ અને હવે ભૂકંપ. આ ત્રણેયને કારણે અમારી હાલત કફોડી બની છે.

નોઇડા અને ગ્રેટર નોઇડામાં પણ આવા જ દ્રશ્યો જોવા મળ્યા હતા. ગ્રેટર નોઇડાના કેન્દ્રીય વિહારના રહેવાસી નીલમ શર્માએ જણાવ્યું કે જ્યારે તેણીએ ભૂકંપનો આંચકો અનુભવ્યો ત્યારે તે રસોડામાં તેના પરિવાર માટે નાસ્તો બનાવી રહી હતી. જમીન કંપી ઊઠી અને જ્યારે મેં બારીમાંથી બહાર જોયું તો મારા પાડોશીઓ પહેલાથી જ બહાર ઊભા હતા અને ભૂકંપ વિશે વાત કરી રહ્યા હતા. ઘણા લોકોએ સોશિયલ મીડિયા પર ભૂકંપ અંગેના ફોટા અને વીડિયો પણ પોસ્ટ કર્યા હતા. ■

## પહેલા પાનાનું ચાલુ

### ગણેશોત્સવને

(ગણેશ ઉત્સવની જાહેર ઉજવણી) ૧૮૯૩માં લોકમાન્ય (બાળ ગંગાધર) તિલક દ્વારા શરૂ કરવામાં આવી હતી. ‘આ ઉત્સવનો સાર સામાજિક એકતા, રાષ્ટ્રવાદ, સ્વતંત્રતાની ભાવના, આત્મસન્માન અને આપણી ભાષાના ગૌરવમાં રહેલો છે,’ એમ તેમણે કહ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે, મહારાષ્ટ્ર સરકાર રાજ્ય અને રાષ્ટ્રભરમાં ગણેશોત્સવના સાંસ્કૃતિક વારસાને સાચવવા, પ્રોત્સાહન આપવા અને ઉજવણી કરવા માટે પ્રતિબદ્ધ છે.

‘કેટલીક વ્યક્તિઓએ વિવિધ કોર્ટમાં અરજીઓ કરીને, ઉજવણીમાં અવરોધ ઊભો કરવાનો પ્રયાસ કરીને આ વર્ષો જૂની જાહેર પરંપરાને અવરોધવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મહાયુતિ સરકારે ઝડપથી અને નિર્ણાયક રીતે આવા તમામ અવરોધોને દૂર કર્યા હતા,’ એમ તેમણે કહ્યું હતું.

પહેલાની સરકારે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સીપીસીબી)ની માર્ગદર્શિકા ટાંકીને પીઓપી (પ્લાસ્ટર ઓફ પેરિસ)ની મૂર્તિઓ પર નિયંત્રણો લાદ્યાં હતાં, પરંતુ વ્યવહારુ વિકલ્પો આપ્યા નહોતા. તેમના વિભાગે આ મુદ્દાને વધુ સંતુલિત દૃષ્ટિકોણથી ઉકેલ્યો હતો, એમ તેમણે કહ્યું હતું.

અમે પર્યાવરણને અનુકૂળ વિકલ્પો શોધવા અને પીઓપી ખરેખર પર્યાવરણ માટે હાનિકારક છે કે કેમ તેનું મૂલ્યાંકન કરવા માટે એક વ્યાપક અભ્યાસ શરૂ કર્યો. અમે રાજીવ ગાંધી વિજ્ઞાન આયોગ દ્વારા કાકોડકર સમિતિના માધ્યમથી ઊંડાણપૂર્વક અભ્યાસ શરૂ કર્યો હતો.

‘કેન્દ્રીય પ્રધાન ભૂપેન્દ્ર યાદવે તારણોને મંજૂરી આપી હતી અને અગાઉના પ્રતિબંધો હટાવી લેવામાં આવ્યા. કોર્ટના ચુકાદા મુજબ, હવે પીઓપી મૂર્તિઓ બનાવવા, પ્રદર્શિત કરવા અને વેચાણ કરવાની મંજૂરી છે, એમ તેમણે કહ્યું હતું. ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિ સરકારે ગણેશોત્સવ પર સ્પષ્ટ અને સક્રિય વલણ અપનાવ્યું છે. પુણે, મુંબઈ અને રાજ્યભરમાં ભવ્ય ઉજવણી માટે પોલીસ સુરક્ષા હોય, માળખાકીય સુવિધાઓની જરૂરિયાતો હોય કે આર્થિક સહાય હોય, મહારાષ્ટ્ર સરકાર જરૂરી ખર્ચ ઉઠાવશે, એમ તેમણે જાહેર કર્યું હતું.

હું બધા ગણપતિ મંડળોને અપીલ કરું છું કે તેઓ તેમના ઉત્સવોમાં એવા વિષયોનો સમાવેશ કરે જે આપણા સશસ્ત્ર દળોનું સન્માન કરે, સામાજિક પહેલ, ‘ઑપરેશન સિંદૂર’, રાષ્ટ્રની વિકાસલક્ષી સિદ્ધિઓને પ્રકાશિત કરે અને આપણા મહાન નેતાઓને તેમના સુશોભન પ્રદર્શનોમાં શ્રદ્ધાંજલિ આપે, એમ શેલારે કહ્યું હતું.

આ વર્ષે ૧૦ દિવસનો ગણપતિ ઉત્સવ ૨૭ ઓગસ્ટથી શરૂ થશે. ■

### ગંભીરા બ્રિજ

હતી. ગુરુવારે કુલ ચાર મૃતદેહ મળ્યા હતા.

આ ઘટનામાં તપાસ માટે માર્ગ અને મકાન વિભાગના છ સભ્યોની કમિટી બનાવાઈ હતી. આ કમિટી બ્રિજ તૂટવાના કારણો, ક્ષતિ, બેદરકારીની તપાસ કરશે. ૩૦ દિવસમાં તપાસ રિપોર્ટ તૈયાર કરીને સોંપવામાં આવશે. ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ ગુરુવારે સવારથી માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની ટીમ ઉચ્ચ સ્તરીય તપાસ માટે ઘટનાસ્થળે પહોંચી હતી. માર્ગ અને મકાન વિભાગની આ તપાસ સમિતિમાં મુખ્ય ઇજનેર સી. પટેલ અને એન. કે. પટેલ ઉપરાંત અધિક્ષક ઇજનેર કે. એમ. પટેલ, એમ. બી. દેસાઈ ઉપરાંત એન. વી. રાઠવા પણ જોડાયા હતા. ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ સરકાર એક્શનમાં આવી હતી. ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને મહત્ત્વની બેઠક મળી હતી. જેમાં દુર્ઘટનાની જવાબદારી નક્કી કરવા સીએમએ અધિકારીઓને સૂચના આપી હતી.

વડોદરા જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતાએ બ્રિજની દુર્ઘટનાની ગંભીરતાપૂર્વક તપાસ કરી છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન માર્ગ અને મકાન વિભાગમાં ફરજ સંભાળનાર જવાબદાર અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટરો સામે ઊંડાણપૂર્વક તપાસ કરી માનવવધનો ગુનો દાખલ કરવા માગણી કરી હતી. તેમણે કહ્યું કે, આ મુદ્દે આંદોલનની સાથે સાથે હાઇ કોર્ટમાં પણ દાદ માગવામાં આવશે. ■

# ઠાકરેઓ મૂળ મગધથી આવ્યા છે, મહારાષ્ટ્રના નથીઃ શંકરાચાર્ય

## મને નથી લાગતું કે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે વચ્ચેનું જોડાણ લાંબું ચાલશે કારણ કે સમય સાથે તેમની વિચારધારાઓ બદલાઈ ગઈ છે એમ પણ કહ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ગાજી રહેલા મરાઠી અને હિન્દીના મુદ્દા વચ્ચે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે રાજ ઠાકરે - ઉદ્ધવ ઠાકરે અંગે એવું નિવેદન કર્યું છે જેને કારણે આગામી દિવસોમાં વધુ વિવાદ થવાની શક્યતા છે. ઠાકરે ભાઈઓએ ત્રિ-ભાષાના સૂત્ર અનુસાર પહેલીથી ત્રીજી ભાષા શીખવવાના નિર્ણયનો વિરોધ કર્યો હતો અને આ મુદ્દે બંનેની એકતા જોઈને એવી ચર્ચા હતી કે આ ઠાકરે ભાઈઓના એક સાથે આવવાની શરૂઆત હતી. શંકરાચાર્યે ગુરુવારે કહ્યું હતું કે ઠાકરે પરિવાર મગધથી મહારાષ્ટ્ર આવ્યો હતો અને આ બંને ભાઈઓ ફક્ત મરાઠીના નામે રાજકારણ કરી રહ્યા છે. આ ઉપરાંત બંનેની રાજકારણ કરવાની રીત અલગ-અલગ હોવાથી બંને લાંબો સમય સાથે કામ કરી શકશે એવું મને નથી લાગતું.

મરાઠી ભાષાના પ્રચાર અંગે બોલતાં તેમણે કહ્યું હતું કે, 'જો કોઈ મરાઠીનો પ્રચાર કરી રહ્યું છે, તો કોઈ તેમને રોકવાનો પ્રશ્ન જ નથી, પરંતુ જો કોઈ મરાઠીને લોકપ્રિય ભાષા બનાવવા માટે આવા રસ્તા અપનાવી રહ્યા છે તો વાસ્તવમાં શું તે મરાઠીને સફળ બનાવશે કે નુકસાન પહોંચાડશે? એવું નથી કે ફક્ત મહારાષ્ટ્રમાં રહેતા લોકો જ મરાઠીને પ્રેમ કરે છે. આખો દેશ મરાઠીને પ્રેમ કરે છે. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ ક્યાંથી આવી? ઘણાં નામો લઈ શકાય છે, પરંતુ હિન્દી આપણા દેશની રાજભાષા છે. ■

# મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહને ખંડણીના કેસમાં ક્લીન ચિટ

થાણેઃ મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહ, સુનીલ જૈન, સંજય પુનમિયા સહિત પાંચ જણ વિરુદ્ધ પાંચ કરોડ રૂપિયાની ખંડણી વસૂલવાના આરોપસર કોપરી પોલીસ સ્ટેશનમાં ગુનો, જ્યારે કલ્યાણના બાઝારપેઠ પોલીસ સ્ટેશનમાં એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ મામલાની તપાસ સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ) દ્વારા કરવામાં આવી રહી હતી અને બંને ગુનામાં પરમબીર સિંહને ક્લીન ચિટ આપવામાં આવી હોઇ આ અંગેનો રિપોર્ટ કોર્ટમાં રજૂ કરાયો હતો. આ પ્રકરણની તપાસમાં કોઇ પણ તથ્ય જણાયું નહોતું. આથી ગુનામાં તેમને ક્લીન ચિટ અપાઇ છે. ૨૦૧૮માં પરમબીર સિંહ થાણેના પોલીસ કમિશનર હતા ત્યારે યુએલસી કૌભાંડ પ્રકરણે બિલ્ડર શ્યામસુંદર અગરવાલની ધરપકડ કરવામાં આવી હતી. તેની વિરુદ્ધ એમસીઓસીએ હેઠળ થનારી કાર્યવાહીને ટાળવા માટે સિંહ, થાણે ક્રાઇમ બ્રાન્ચના તત્કાલીન ડીસીપી પરાગ મણેરે સહિત સુનીલ જૈન, સંજય પુનમિયા, મનોજ ઘોટેકરે ૪.૬૮ કરોડ રૂપિયા વસૂલ્યાનો આરોપ અગરવાલના સંબંધી દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે કોપરી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■

# હિંગોલીમાં ૧૪.૫ હજારથી વધુ મહિલાઓમાં કેન્સર જેવા લક્ષણો

મુંબઈઃ મહારાષ્ટ્રના હિંગોલીમાં ૧૪,૫૦૦થી વધુ મહિલાઓમાં સંજીવની યોજના હેઠળ સ્ક્રીનિંગ દરમિયાન 'કેન્સર જેવા લક્ષણો' જોવા મળ્યા છે, એવી માહિતી રાજ્યના આરોગ્ય પ્રધાન પ્રકાશ આબિટકરે ગુરુવારે વિધાનસભામાં આપી હતી. આઠમી માર્ચથી કુલ ૨,૯૨,૯૯૬ મહિલાઓનો સર્વે કરવામાં આવ્યો હતો, જે દરમિયાન તેમને કેન્સરનાં લક્ષણો સંબંધિત પ્રશ્નાવલીના જવાબ આપવા પડ્યા હતા, એમ આબિટકરે ગૃહમાં લેખિત જવાબમાં જણાવ્યું હતું.આમાંથી ૧૪,૫૪૨ મહિલાઓમાં કેન્સર જેવા લક્ષણો જોવાં મળ્યાં હતાં. સ્ક્રીનિંગ અને પરીક્ષણો પછી અત્યાર સુધીમાં ત્રણમાં ગર્ભાશયનું કેન્સર, એકમાં સ્તન કેન્સર અને આઠને મૌખિક કેન્સર હોવાનું નિદાન થયું છે. ■

# જુહુ બીચ પર ડૂબતા યુવાનને બચાવી લેવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઉત્તર પ્રદેશથી મુંબઈ ફરવા આવેલા યુવક ગુરુવારે જુહુના દરિયામાં મોજા સાથે તણાઈ ગયો હતો. લાઈફગાર્ડને યુવકને બચાવી લીધો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ઉત્તર પ્રદેશમાં રહેતો ૨૦ વર્ષનો સાહેબ સિંહ ગુરુવારે બપોરના તેના પરિવાર સાથે જુહુ બીચ પર ફરવા આવ્યો હતો. સાંજે લગભગ ચારેક વાગ્યાની આસપાસ તે દરિયામાં અંદર ગયો હતો અને મોજા સાથે અંદર દરિયામાં તણાઈ ગયો હતો. લોકોની બચાવોની બૂમો સાંભળીને ત્યાં ફરજ બજાવી રહેલો લાઈફ ગાર્ડ દોડી આવ્યો હતો. દરિયામાં અંદર તણાઈ ગયેલા યુવકને તેને બચાવી લીધો હતો અને પોલીસને સોંપી દીધો હતો. ■

# રોડ સેફ્ટી માટેની સ્પર્ધા ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં



રોડ સેફ્ટી સંબંધે જાગૃતિ લાવવાની દિશામાંના ઐતિહાસિક પગલામાં થાણેની શ્રીમતી સુલોચનાદેવી સિંઘાનિયા હાઇ સ્કૂલ અને વેસ્ટર્ન ઈન્ડિયા ઑટોમોબાઇલ એસોસિયેશન (ડબ્લ્યુઆઇએએ)એ ડ્રોઇંગ-કમ-સ્લોગન સ્પર્ધા માટે સૌથી વધુ વિદ્યાર્થી (૧૧,૦૮૩) એકઠા કરવા બદલ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં પ્રવેશ મેળવ્યો હતો. ડબ્લ્યુઆઇએએના એક્ઝિક્યુટિવ ચેરમેન નીતિન ડોસાની લીડરશિપ હેઠળ ૩૬મા રાષ્ટ્રીય માર્ગ સલામતી મહિના ૨૦૨૫ દરમિયાન આ સ્પર્ધા યોજાઇ હતી. થાણેની શ્રીમતી સુલોચનાદેવી સિંઘાનિયા સ્કૂલમાં આ રેકોર્ડ-બ્રેકિંગ કાર્યક્રમ ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ રિજનલ ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટના નિરીક્ષણ હેઠળ યોજવામાં આવ્યો હતો, જેમાં સુલોચનાદેવી સિંઘાનિયા સ્કૂલ ઉપરાંત થાણેની શ્રીમતી સુનિતિદેવી સિંઘાનિયા સ્કૂલ, ગૌતમ સિંઘાનિયા ગ્લોબલ સ્કૂલ અને વાપીની સિંઘાનિયા સ્કૂલના ૧૧,૦૮૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# ચીનથી ઑપરેટ થતા સાયબર ફ્રોડનો પર્દાફાશઃ છની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારતીય નાગરિકોને છેતરીને નાણાં પડાવવાનાં ચીનથી ઑપરેટ થતા સાયબર ફ્રોડનો પર્દાફાશ કરી પોલીસે છ આરોપીની ધરપકડ કરી હતી. કંપનીના ડિરેક્ટરની પ્રોફાઈલ તસવીરવાળા વૉટ્સઍપ નંબરથી સંપર્ક કરીને કંપનીના અધિકારીઓ પાસેથી નાણાં પડાવનારા આરોપીઓ બાદમાં એને ક્રિપ્ટોકરન્સીમાં કન્વર્ટ કરીને ચીન મોકલતા હતા. સાયબર ફ્રોડ કરનારા આરોપી પાસેથી પોલીસને પિસ્તોલ અને કારતૂસો પણ મળી આવી હતી.

વેસ્ટ રિજન સાયબર પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ શુભમ બાજીરાવ કુંજીર (૨૮), અક્ષય ગોરખ શેળકે (૨૮), ઉજ્વલ રાજ અવધેશ કુમાર સિંહ (૨૯), શુભમકુમાર જયપાલ સિંહ પરદેશી ઉર્ફે રાજપૂત (૨૮), આદિત્ય દિલીપ શિંદે ઉર્ફે લ્યુસિફર (૩૧) અને આર્યન શિવપાલ મિશ્રા ઉર્ફે સિંચન નોહરા (૩૩) તરીકે થઈ હતી. આરોપીઓ પાસેથી ૨૮ મોબાઈલ ફોન, એક લૅપટોપ, ૧૬ સિમ કાર્ડ, વિવિધ બૅન્ક ખાતાંની ૧૩ ચેક બુક અને આઠ ડેબિટ કાર્ડ હસ્તગત કરાયા હતા. મુખ્ય આરોપી નોહરા પાસેથી એક પિસ્તોલ અને ચાર કારતૂસો પણ મળી આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર એપ્રિલ, ૨૦૨૫માં પ્રતિષ્ઠિત કંપનીના અધિકારીનો આરોપીએ વૉટ્સઍપ પર સંપર્ક સાધ્યો હતો. આરોપીએ જે નંબર પરથી સંપર્ક સાધ્યો હતો તેના પ્રોફાઈલ પર કંપનીના ડિરેક્ટરનો ફોટો હતો. મીટિંગમાં વ્યસ્ત હોવાનું કહીને અધિકારીને કંપનીના બૅન્ક ખાતામાંથી ૧.૯૩ કરોડ રૂપિયા વ્યવસાયાર્થે ટ્રાન્સફર કરવાની સૂચના અપાઈ હતી અને આ માટે બૅન્ક ખાતા નંબર પણ આપવામાં આવ્યો હતો.

કંપનીના ડિરેક્ટરની સૂચના હોવાનું માની અધિકારીએ તાત્કાલિક નાણાં ટ્રાન્સફર કર્યાં હતાં. જોકે બાદમાં પોતાને છેતરવામાં આવ્યો હોવાની જાણ અધિકારીને થતાં પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી. સાયબર પોલીસે જે બૅન્ક ખાતામાં નાણાં ટ્રાન્સફર થયાં હતાં તેની વિગતો મેળવી હતી. એ બૅન્ક ખાતું આરોપી શુભમ કુંજીરના નામે હતું. પુણેમાં રહેતા કુંજીર સહિત અક્ષય શેળકે અને ઉજ્વલ સિંહને પણ આ રીતે બૅન્ક ખાતાં ખોલાવવાં નાણાંની લાલચ અપાઈ હતી. બાદમાં ત્રણેયને આરોપી પરદેશીએ મુંબઈની એક હૉટેલમાં રાખ્યા હતા અને તેમની પાસેથી બૅન્ક ખાતાની કિટ પ્રાપ્ત કરી હતી. ■




# નાલાસોપારામાં ગૂણીમાંથી એક મહિનાની બાળકી મળી

મુંબઈઃ નાલાસોપારામાં કળંબ બ્રિજ નજીક મૅન્ગ્રોવ્ઝમાં પડેલી ગૂણીમાંથી એક મહિનાની બાળકી મળી આવી હતી. નાલાસોપારા પોલીસના જણાવ્યા મુજબ ગુરુવારની બપોરે બે વાગ્યાની આસપાસ બાઈકસવાર યુવાન નાલાસોપારા પશ્ચિમમાં કળંબ બ્રિજ નજીકથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેને બાળકીના રડવાનો અવાજ આવ્યો હતો. બાઈક પાર્ક કરીને યુવાને મૅન્ગ્રોવ્ઝમાં જોયું તો પ્લાસ્ટિકની ગૂણી પડી હતી. ગૂણી ખોલીને જોતાં તેમાં બાળકી હોવાનું નજરે પડ્યું હતું. તાત્કાલિક યુવાને પોલીસને જાણ કરી હતી. નાલાસોપારા પોલીસે બાળકીને હૉસ્પિટલમાં દાખલ કરી હતી. પ્રાથમિક ઉપચાર પછી બાળકી સ્વસ્થ હોવાનું પોલીસનું કહેવું છે. આ પ્રકરણે પોલીસે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આરોપીની શોધ માટે પોલીસ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. સ્થાનિક હૉસ્પિટલ્સ અને મેટરનિટી સેન્ટરમાં પણ બાળકીઓની વિગતો તપાસવામાં આવી રહી છે. ■




# મધ્ય રેલવેની ટ્રેનોમાં સિનિયર સિટિઝનો માટેનો અલગ કૉચ જોડી દેવાયો

મુંબઈઃ મધ્ય રેલવે દ્વારા મુંબઈ લોકલમાં પ્રવાસ કરનારા વરિષ્ઠ નાગરિકો માટે એક અલગ કોચની જોગવાઈ કરાઈ છે.મધ્ય રેલવે દ્વારા ગુરુવારે બપોરે ૩.૪૫ કલાકે સીએસએમટીથી ડોમ્બિવલી માટે રવાના થતી લોકલમાં આ કોચ લોન્ચ કર્યું હતું. આવનારા સમયમાં રેલવેની આ પહેલ વરિષ્ઠ નાગરિકોની મુસાફરીને આનંદદાયક બનાવશે, એવો વિશ્વાસ વ્યક્ત કરાઈ રહ્યો છે.

માટુંગા વર્કશોપની ટીમ રેલવે બોર્ડના આદેશો પર ઝડપી અમલ કરતાં મુંબઈ તરફથી છઠ્ઠા કોચના લગેજ કોચને સંપૂર્ણપણે વરિષ્ઠ નાગરિકો માટે ડિઝાઈન કર્યો હતો. આ નવો કોચ માત્ર પીક અવર્સમાં સિનિયર સિટીઝનને ચઢવા-ઉતરવામાં પડતી મુશ્કેલી ઉકેલશે, પણ તેમના પ્રવાસને વધુ સુરક્ષિત અને આરામદાયક બનાવશે. ■

# ટ્રેનોમાં ભીડ ઓછી કરવા ઑફિસ ટાઈમિંગ બદલોઃ મધ્ય રેલવેએ કંપનીઓને કહ્યું

મુંબઈઃ મુંબઈની લાઈફલાઈન ગણાતી ઉપનગરીય ટ્રેનોમાં દિવસે ને દિવસે અસહ્ય ભીડ વધી રહી છે. તાજેતરમાં લોકલ ટ્રેનોમાં ભીડને કારણે દુર્ઘટનાઓનું પ્રમાણ પણ વધી ગયું છે અને મુસાફરોના જીવ જોખમમાં મુકાય છે. આવી સ્થિતિમાં પીક અવર્સ દરમ્યાન મુંબઈની લોકલ ટ્રેનોમાં ભીડ ઓછી કરવા માટે મધ્ય રેલવેએ ૮૦૦ થી વધુ કંપનીઓને સંપર્ક કર્યો છે અને કામના કલાકોમાં તબક્કાવાર ફેરફાર સૂચવ્યા છે. ■

**મીઠી નદીમાંથી ગાળ કાઢવાનું કૌભાંડ**


# આરોપીઓ સામે એમસીઓસીએ અમલી કરવાની માગણી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મીઠી નદીનો ગાળ કાઢવાના કરોડો રૂપિયાના કૌભાંડમાં સંડોવાયેલા લોકો સામે મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઑગનાઈસ્ડ ક્રાઈમ ઍક્ટ (એમસીઓસીએ) લગાવવાની માગણી ગુરુવારે વિધાનપરિષદમાં ભાજપ અને કૉંગ્રેસના સભ્યો કરી હતી.

મીઠી નદીનું ઉદ્ગમ સ્થાન વિહાર તળાવ છે. પૂર્વ ઉપનગરથી તે આગળ પશ્ચિમ ઉપનગરમાં બાન્દ્રાથી માહિમમાં વહીને આગળ સીધી અરબી સમુદ્રમાં ભળે છે. ૨૦૦૫માં મુંબઈમાં અતિવૃષ્ટિ દરમ્યાન મીઠી નદીમાં આવેલા વિનાશકારી પૂર બાદ મીઠી નદીની સફાઈનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. વર્ષો સુધી મીઠીની સફાઈ પાછળ કરોડો રૂપિયા ખર્ચયા બાદ પણ તેમાંથી હજી સુધી કાંપ, કચરો કાઢી શકાયો નથી. મીઠી નદીની સફાઈમાં કરોડો રૂપિયાનું કૌભાંડ થયું હોઈ પૂરા પ્રકરણની તપાસ કરવામાં આવી રહી છે ત્યારે ગુરુવારે ભાજપના સભ્યએ વિધાનપરિષદમાં મીઠી નદીની સફાઈ પાછળ અત્યાર સુધી કરોડો રૂપિયા ખર્ચવામાં આવ્યા હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

વિધાનપરિષદમાં તેના પર ચાલી રહેલી ચર્ચા દરમ્યાન ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે નાયબ મુખ્ય પ્રધાન અને અર્બન ડેવલપમેન્ટ મિનિસ્ટર એકનાથ શિંદે વતી કહ્યું હતું કે મીઠી નદીની સફાઈનું ટેન્ડર ૨૦૧૨માં બહાર પાડવામાં આવ્યું તે અગાઉ તેનો ગાળ દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ઠાલવવામાં આવતો હતો. ■









# સંસ્થા સમાચાર

## ગુરુપૂર્ણિમા ઉત્સવ

આચાર્ય ભગવાન શ્રી વેંકટેશજીની હાજરીમાં લોકોના કલ્યાણ માટે ભગવાન શ્રી પૂજન ૧૦ જુલાઈના રોજ શ્રી વેંકટેશ દેવસ્થાન, ફણસવાડીમાં કરવામાં આવ્યો હતો. ભ. ગાદી સ્વામી શ્રી શ્રીનિવાસચાર્યજી મહારાજ અને પ્ર.ભ. શ્રી અનંતાચાર્યજી મહારાજની ઉપસ્થિતિમાં સવારે ૯થી બપોરે ૧ વાગ્યા સુધી પૂજનનો લાભ લઈ શકાશે.

## શ્રી કોટ તપાગચ્છ મૂર્તિ. શ્વેતાંબર જૈન સંઘમાં ચાતુર્માસ પ્રવેશ

મુંબઈનું સર્વપ્રથમ જૈન મંદિર અને દાદાગુરુદેવ ગચ્છાધિપતિ આચાર્ય શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મહારાજની કાળ થયાની ભૂમિમાં રાષ્ટ્રસંત ૧૫૦ વધારે જૈન મંદિરોની પ્રતિષ્ઠાકારક આચાર્ય શ્રી ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મ.સા.ના ઓજસ્વી શિષ્યો પૂ. મુનિરાજ શ્રી અર્હમચન્દ્રસાગરજી મ.સા. આદિ ઠાણાનો કોટના બોરાબજારમાં શ્રી કોટ શાંતિનાથજી જૈન દેરાસરના શ્રી કોટ તપાગચ્છ મૂર્તિ. શ્વેતાંબર જૈન સંઘમાં ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો. સાથે સાધ્વીજી મોક્ષપ્રિયાશ્રીજી આદિ ઠાણાનો પણ ચાતુર્માસ પ્રવેશ થયો હતો.

## પ્રશાંતમૂર્તિ ગુરુદેવ આ. શ્રી વિ.તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્નોનો ચાતુર્માસ પ્રવેશ

પ.પૂ. આ. દેવ શ્રી વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ ગુરુદેવ આ. શ્રી વિ.તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.ના ઓજસ્વી શિષ્યરત્ન પ.પૂ. મુનીરાજ શ્રી તીર્થસુંદરવિજયજી મ.સા. આદિ ઠાણા-૫નો ચાતુર્માસ પ્રવેશ થાણાના શ્રી વાગડ વિસા ઓસવાલ શ્વે. મૂર્તિ તપાગચ્છ જૈન સંઘના મામા-ભાણેજ કલાપૂર્ણસૂરી આરાધના ભવનમાં થયો. પ.પૂ. મુનિરાજ શ્રી તીર્થતિલક વિજયજી મ.સા. આદિ ઠાણા-૬નો ચાતુર્માસ પ્રવેશ ઘાટકોપરના પંતનગરમાં આવેલા શ્વે. મૂર્તિ જૈન સંઘમાં થયો. એ દરમિયાન વિવિધ અનુષ્ઠાન કરવામાં આવ્યા.

## પ્રશાંતમૂર્તિ પ.પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિ.તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.ના ઓજસ્વી પ્રવચનકાર સુશિષ્યોનો કચ્છમાં ચાતુર્માસ પ્રવેશ

પ.પૂ. આધ્યાત્મયોગી આ.દે. શ્રી વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન આત્મહિતેદેશક પ.પૂ. ગુરુદેવ આ.ભ. શ્રી વિ.તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.ના ઓજસ્વી પ્રવચનકાર શિષ્યો પ.પૂ. મુનિરાજ શ્રી તીર્થરાજવિજયજી અને મુ.શ્રી તીર્થનંદનવિજયજી આદિ ઠાણા-૪નો વીસમી જૂને લીંબડીમાં ચાતુર્માસ પ્રવેશ, પ.પૂ. મુનિરાજ શ્રી તીર્થબોધિવિજયજી વિ. આદિ ઠાણા-૩નો ૨૭ જૂને ધ્રાંગધ્રામાં ચાતુર્માસ પ્રવેશ, પ.પૂ. મુનિરાજ શ્રી તીર્થપૂર્ણવિજયજી આદિ ઠાણા-૫નો ૨૯ જૂને સુરેન્દ્રનગરમાં ચાતુર્માસ પ્રવેશ, પ.પૂ. મુનિરાજ શ્રી તીર્થવંદનવિજયજી આદિ ઠાણા-૩નો વીસ જૂને (કચ્છ) મુન્દ્રામાં ચાતુર્માસ પ્રવેશ, પ.પૂ. મુનીરાજ શ્રી તીર્થવલ્લભવિજયજી આદિ ઠાણા-૫નો ૨૭ જૂને ભુજમાં ચાતુર્માસ પ્રવેશ, પ.પૂ. મુનિરાજ શ્રી તીર્થરશ્મિવિજયજી આદિ ઠાણા-૩નો ૨૭ જૂને માંડવીમાં ચાતુર્માસ પ્રવેશ, પ.પૂ. મુનિરાજ શ્રી તીર્થહેમવિજયજી આદિ ઠાણા-૩નો ત્રીજી જુલાઈએ મનફરા (કચ્છ) માં ચાતુર્માસ પ્રવેશ થયો છે.

### બુલેટ ટ્રેન

કિલોમીટર લાંબી ટનલના પ્રથમ હિસ્સાનું બાંધકામ બુધવારે પૂર્ણ થયું હતું. આ સિદ્ધિ ભારતના પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે. બુલેટ ટ્રેનને કારણે મુંબઈ - અમદાવાદ પ્રવાસ ઝડપી બનશે, મુસાફરીના સમયમાં ધરખમ ઘટાડો અને આર્થિક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવતા બે શહેર વચ્ચે પરિવહન કાર્યક્ષમતામાં વધારો કરવાનો છે. વધુ માહિતી અનુસાર ૨૧ કિલોમીટરની આ ટનલ હાઇ-સ્પીડ રેલ કોરિડોરનો મુખ્ય ભાગ હશે, જેમાં ૧૬ કિ.મી.નું નિર્માણ ટનલ બોરિંગ મશીન્સ (ટીબીએમએસ)ના ઉપયોગથી કરવામાં આવી રહ્યું છે અને બાકીના ૫ કિ.મી.નું નિર્માણ ન્યૂ ઓસ્ટ્રિયન ટનલિંગ મેથડ (એનએટીએમ) મારફતે કરવામાં આવશે.

### શાહપુરની શાળાની

પણ એવી માગણી કરી હતી કે દોષીને છોડવામાં ન આવે. તેમણે એમ પણ કહ્યું હતું કે શાળાઓમાં સેનિટરી નેપ્કિન વેન્ડિંગ મશીન અને પાણી જેવી સુવિધાઓ જરૂરી છે.

## પ્રિન્સિપાલ સામે વિગતવાર તપાસનો આદેશ અપાયો

થાણે જિલ્લાના શહાપુરમાં સ્કૂલના ટોઇલેટમાં લોહીના ડાઘ મળ્યા બાદ વિદ્યાર્થિનીઓને નિર્વસ્ત્ર કરીને પિરિયડ્સ છે કે નહીં તેની તપાસ કરવામાં આવી હતી. ઘટનાને પગલે વાલીઓમાં રોષ ફેલાયો હતો અને તેમણે સ્કૂલ પરિસરમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. શહાપુર પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને સ્કૂલની પ્રિન્સિપાલ સહિત બેની ધરપકડ કરી હતી. થાણે જિલ્લા પરિષદના જિલ્લા શૈક્ષણિક અધિકારી બાળાસાહેબ રક્ષેએ જણાવ્યું હતું કે આ અંગે વિગતવાર તપાસનો આદેશ આપવામાં આવ્યો છે અને તેનું નેતૃત્વ બ્લોક એજ્યુકેશન ઓફિસર (બીઇઓ) કરશે. બીઇઓને એક રિપોર્ટ રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે, જેના આધારે જિલ્લા વહીવટીતંત્ર આ મામલે આગળ વધશે. દરમિયાન આ ઘટના બાદ ધરપકડ કરાયેલી પ્રિન્સિપાલને પાણીચું આપવામાં આવ્યું છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે દિવસ દરમિયાન કેસની તપાસ આગળ વધી રહી છે અને આ ગુનામાં સંડોવાયેલા વધુ છ જણની ધરપકડ કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. દરમિયાન સ્કૂલ દિવસભર બંધ રાખવામાં આવી હતી અને વાલીઓએ સ્કૂલ બહાર વિરોધ પ્રદર્શન ચાલુ રાખ્યું હતું

શહાપુર વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત સ્કૂલના ટોઇલેટમાં મંગળવારે લોહીના ડાઘ મળ્યા બાદ આ ઘટના બની હતી. એક વિદ્યાર્થિનીના વાલીઓએ નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે પાંચમાથી દસમા ધોરણની વિદ્યાર્થિનીઓને સ્કૂલના કન્વેન્શન હૉલમાં બોલાવવામાં આવી હતી અને પ્રોજેક્ટર દ્વારા ટોઇલેટ તેમ જ ફ્લોર પરના લોહીના ડાઘના ફોટો તેમને દેખાડવામાં આવ્યા હતા. વિદ્યાર્થિનીઓને બાદમાં પૂછવામાં આવ્યું હતું કે શું તેમનામાંથી કોઇને પિરિયડ્સ આવ્યા છે? વિદ્યાર્થિનીઓને બાદમાં બે જૂથમાં વહેંચવામાં આવી હતી. જે વિદ્યાર્થિનીઓએ કહ્યું હતું કે તેઓ પિરિયડ્સમાંથી પસાર થઇ રહી છે, તેમને ટીચરોને અંગૂઠાની છાપ આપવાનું કહેવામાં આવ્યું હતું. જોકે જે વિદ્યાર્થિનીઓએ કહ્યું હતું કે તેમને આનો અનુભવ નથી થયો, તેમને એક પછી એક ટોઇલેટમા લઇ જવામાં આવી હતી અને મહિલા એટેન્ડન્ટ દ્વારા તેમના પ્રાઇવેટ પાર્ટ્સની તપાસ કરવામાં આવી રહી હતી.

દરમિયાન સ્કૂલમાં વિદ્યાર્થિનીઓની આ પ્રકારની તપાસ કરવામાં આવી હોવાની જાણ વાલીઓને થતાં તેમનામાં રોષ ફેલાયો હતો. વિદ્યાર્થિનીઓના વાલીઓ બુધવારે સ્કૂલ પરિસરમાં એકઠા થયા હતા અન વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેને પગલે થોડા સમય માટે પરિસ્થિતિ તંગ બની હતી. તેમણે ઘટનામાં સંડોવાયેલી ટીચરો સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી. આ ઘટના બાદ શહાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવાયેલી ફરિયાદને આધારે સ્કૂલની પ્રિન્સિપાલ, ચાર ટીચર, બે ટ્રસ્ટી અને મહિલા અટેન્ડન્ટ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યા બાદ પ્રિન્સિપાલ સહિત બેની ધરપકડ કરી હતી. પોલીસ દ્વારા આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# મહારાષ્ટ્રની જેલમાં ક્ષમતા કરતા ૧૨,૩૪૩ વધુ કેદીઓ: ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રની જેલોમાં તેની ક્ષમતા કરતા વધુ કેદીઓ ભરવામાં આવ્યા હોવાની કબૂલાત રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિધાન પરિષદમાં કરી હતી. રાજ્યની જેલની ક્ષમતા ૨૭,૧૮૪ની છે, તેની સામે ૬૦ જેલમાં મે, ૨૦૨૫ સુધીમાં ૩૯,૫૨૭ કેદીઓ હતા. એટલે કે ક્ષમતા કરતા ૧૨,૩૪૩ કેદીઓ વધુ જેલમાં રાખવામાં આવ્યા હતા.

રાજ્યની વિધાન પરિષદમાં કરવામાં આવેલા સવારનો લેખિતમાં બુધવારે જવાબ આપતા ગૃહ ખાતું પણ સંભાળતા મુખ્ય પ્રધાન ફડણવીસે કહ્યું હતું કે મુંબઈની સેન્ટ્રલ જેલની ક્ષમતા ૯૯૯ કેદીની છે પણ મે, ૨૦૨૫ સુધી જેલમાં ૩,૨૬૮ કેદીઓ હતા. એટલે તેની ક્ષમતા કરતા ત્રણ ગણા વધુ કેદીને જેલમાં હતા. મહારાષ્ટ્રની ૬૦ જેલોમાં મે, ૨૦૨૫ સુધીમાં ૩૯,૫૨૭ કેદીઓ હતા, જ્યારે તેની ક્ષમતા માત્ર ૨૭,૧૮૪ કેદીઓને સમાવવાની છે.

વિધાન પરિષદમાં માહિતી આપતા મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે રાજ્ય સરકાર જમીન ઉપલબ્ધ કરાવીને નવી જેલ બનાવીને કેદીઓને સમાવવાની ક્ષમતા વધારવા માટે પગલાં લઈ રહી છે. સરકાર હાલની જેલોમાં નવી બેરેક ઉમેરીને વધારાની જગ્યા પણ કેદીઓ માટે ઉપલબ્ધ કરાવી રહી છે. આ પગલાંથી ૧૭,૧૧૦ વધુ કેદીઓને સમાવવા માટે જગ્યા ઉપલબ્ધ થશે.

# પાલિકા ચૂંટણી માટે ઈન્ડિ અથવા એમવીએ જેવાં ગઠબંધનની જરૂર નથી: રાઉત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે ગુરુવારે કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા અને પાલિકાની ચૂંટણીઓ માટે ઈન્ડિ અથવા મહા વિકાસ આઘાડી (એમવીએ) જેવા ગઠબંધનોની આવશ્યકતા નથી. રાજ્યસભાના સભ્ય અહીં મીડિયા સાથે વાર્તાલાપ દરમિયાન પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે એમવીએ અને લોકસભાની ચૂંટણી માટે ઈન્ડિ બ્લોકની રચના કરવામાં આવી હતી. પાલિકા ચૂંટણીઓની વાત આવે ત્યારે આવા ગઠબંધનની કોઈ જરૂર રહેતી નથી, એમ તેમણે કહ્યું હતું.

દેશભરમાંથી લગભગ બે ડઝન પક્ષો ઇન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઇન્કલુઝિવ એલાયન્સ (ઈન્ડિ ગઠબંધન)નો ભાગ છે, જ્યારે એમવીએમાં કોંગ્રેસ, સેના (યુબીટી) અને એનસીપી (એસપી)નો સમાવેશ થાય છે. રાઉતે મુંબઈ અને અન્ય શહેરોમાં ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની સેના (યુબીટી) અને રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) વચ્ચે સંયુક્ત ચૂંટણી માટે લોકોની લાગણીનો પણ ઉલ્લેખ કર્યો હતો.

છેલ્લા પાનાનું ચાલુ

### સિંદૂર બ્રિજનું

કોર્પોરેશન (બીએમસી) દ્વારા પૂર્વ-પશ્ચિમને જોડતો 'સિંદૂર બ્રિજ' ફરીથી બનાવવામાં આવ્યો હતો. આ બ્રિજ ટ્રાફિકની ભીડ પર નિયંત્રણ લાવવામાં અને દક્ષિણ મુંબઈમાં કનેક્ટિવિટી સુધારવામાં મદદ કરશે.

પૂર્વ અને પશ્ચિમને જોડતો બ્રિટિશ યુગનો પુલ અગાઉ ૧૮૩૯થી ૧૮૪૧ દરમિયાન બોમ્બે પ્રોવિન્સના ભૂતપૂર્વ ગવર્નર રહેલા જેમ્સ રિવેટ કર્ણાકના નામ પરથી કર્ણાક બ્રિજ તરીકે ઓળખાતો હતો. ફડણવીસે જણાવ્યું હતું કે આ સ્થળ પરના જૂના પુલનું નામ બ્રિટિશ ગવર્નર કર્ણાકના નામ પરથી રાખવામાં આવ્યું હતું, અને ઇતિહાસ દર્શાવે છે કે તેમણે ભારતીયો પર અત્યાચાર કર્યો હતો.

પુલને ફૂલોથી શણગારવામાં આવ્યો હતો, અને દર થોડા મીટર પર ભાજપના ધ્વજ લગાવવામાં આવ્યા હતા. મુખ્ય પ્રધાન અને વિધાનસભા અધ્યક્ષના ફોટોગ્રાફ્સવાળા પોસ્ટરો પણ રાખવામાં આવ્યા હતા. (પીટીઆઈ)

### મિલકતમાં ધરખમ

પત્રકારો દ્વારા વાયરલ થયેલા એક વીડિયો વિશે પૂછવામાં આવ્યું જેમાં તેમને આવકવેરા નોટિસ વિશે વાત કરતા સાંભળવામાં આવી રહ્યા છે.

આ નોટિસ બે ચૂંટણીઓ વચ્ચે તેમની જાહેર કરેલી સંપત્તિમાં વધારા વિશે હતી, એમ તેમણે કહ્યું હતું.

''લોકોને લાગે છે કે રાજકીય નેતાઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. આવું નથી. હું નોટિસનો કાયદેસર રીતે જવાબ આપીશ,'' એમ શિરસાટે ઉમેર્યું હતું.

શું તેમને તેમની વિરુદ્ધ કોઈ ષડ્યંત્રની શંકા છે તે પૂછવામાં આવતા, શિરસાટે કહ્યું, ''કેટલાક લોકોએ ફરિયાદ કરી હતી અને આવકવેરા વિભાગે નોંધ લીધી... સિસ્ટમ તેનું કામ કરી રહી છે અને મને તેનાથી કોઈ સમસ્યા નથી. હું કોઈ દબાણ હેઠળ નથી.''

''મને નોટિસ મળી છે, અને શ્રીકાંત શિંદેને પણ આવકવેરા વિભાગ તરફથી નોટિસ મળી છે,'' એમ શિવસેનાના નેતાએ કહ્યું હતું.

લગભગ ૨૦ મિનિટ પછી પાછા ફરતા, તેમણે દાવો કર્યો કે ખોટી રજૂઆત કરવામાં આવી છે.

''હું અહીં મને જારી કરાયેલી આવકવેરા નોટિસ વિશે માહિતી આપવા આવ્યો હતો. કોઈએ મને એક પ્રશ્ન પૂછ્યો હતો કે શું શ્રીકાંત શિંદેને પણ નોટિસ મળી છે અને શું આ આખી બાબત રાજકીય વેરવૃત્તિનો ભાગ છે. જોકે, મારો જવાબ રજૂ કરવામાં આવ્યો કારણ કે હું લોકોને શિંદેને નોટિસ મળી છે તેની માહિતી આપી રહ્યો છું. હું સ્પષ્ટ કરવા માગુ છું કે આવકવેરા વિભાગે શિંદેને નોટિસ ફટકારી છે કે નહીં તે વિશે મને કોઈ ખ્યાલ નથી,'' એમ શિરસાટે કહ્યું હતું.

આજે વહેલી સવારે, છત્રપતિ સંભાજીનગરમાં એક કાર્યક્રમમાં શિરસાટે આપેલા ભાષણની એક વિડિઓ ક્લિપ વાયરલ થઈ હતી જ્યાં તેમણે આવકવેરા નોટિસ વિશે વાત કરી હતી.

''હવે, કાળું નાણું ઉપયોગી થવાનું નથી. હું મારા માટે બોલી રહ્યો છું,'' તે વીડિયોમાં કહેતા સાંભળવામાં આવે છે, જેનાથી હાસ્ય ફેલાયું છે.

તેમણે પછી ઉલ્લેખ કર્યો કે તેમને આવકવેરા નોટિસ મળી છે.

''પૈસા કમાવવા સરળ છે, પરંતુ તેનો ઉપયોગ કરવો મુશ્કેલ બની ગયો છે. મેં મારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો સંપર્ક કર્યો છે,'' એમ શિંદે-સેનાના નેતાએ ઉમેર્યું હતું.

તાજેતરમાં, શિરસાટ અને તેમના પુત્ર પર મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં હોટલ સોદા અંગે આરોપોનો સામનો કરવો પડ્યો હતો.

### ધારાવીના લોકોનું

વિસ્થાપિત થયેલા રહેવાસીઓના પુનર્વસન માટે મુલુંડ, ભાંડુપ અને વિક્રોલીમાં ૨૫૫.૬ એકર મીઠાના અગરની જમીન કેન્દ્ર સરકાર પાસેથી રાજ્યને ટ્રાન્સફર કરવાની મંજૂરી આપવામાં આવી હતી. પીઆઈએલમાં દલીલ કરવામાં આવી હતી કે આ પગલાથી નાજુક દરિયાકાંઠાની ઇકોસિસ્ટમને નુકસાન થશે અને અગાઉની નીતિઓ તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે મીઠાના અગરની જમીનનો ઉપયોગ અન્ય હેતુઓ માટે થવો જોઈએ નહીં. દેવરેએ એવો પણ દાવો કર્યો હતો કે આ જમીન કોસ્ટલ રેગ્યુલેશન ઝોન હેઠળ આવે છે અને તેને ભીનાશવાળી જમીન તરીકે સુરક્ષિત રાખવી જોઈએ.

જોકે, એડિશનલ સોલિસિટર જનરલ અનિલ સિંહે વળતો જવાબ આપ્યો કે સુધારેલા વેટલેન્ડ્સ નિયમો ૨૦૧૭ હેઠળ મીઠાના અગરની જમીનોને વેટલેન્ડ્સની વ્યાખ્યામાંથી બાકાત રાખવામાં આવી છે. તેમણે કોર્ટને એમ પણ કહ્યું કે જમીન રાજ્ય સરકારને એ શરતે ટ્રાન્સફર કરવામાં આવી હતી કે તમામ પર્યાવરણીય મંજૂરીઓ મેળવવામાં આવશે.

### મહારાષ્ટ્ર વિધાનસભામાં

લોકશાહી અને બંધારણ વિરુદ્ધ કામ કરતી સંસ્થાઓની પ્રવૃત્તિઓને રોકવા માટે આ કાયદો સમયની માગ હતી, એમ ફડણવીસે જણાવ્યું હતું.

'સત્તાનો કોઈ દુરુપયોગ થશે નહીં. આ એક સંતુલિત કાયદો છે, અને તેલંગણા, આંધ્ર પ્રદેશ, ઓડિશા અને ઝારખંડમાં અમલમાં રહેલા કાયદા કરતાં વધુ પ્રગતિશીલ છે,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે સંયુક્ત પસંદગી સમિતિના કોઈપણ સભ્યે બિલ સામે અસંમતિ વ્યક્ત કરી નથી.

બિલ રજૂ કરતી વખતે ફડણવીસે કહ્યું હતું કે તેનો અંતિમ મુસદ્દો તૈયાર કરતી વખતે જનતા તરફથી મળેલા ૧૨,૫૦૦ થી વધુ સૂચનો ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. બિલમાં 'સલાહકાર બોર્ડ' માટેની જોગવાઈઓ સામેલ છે, જેનું નેતૃત્વ હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અથવા નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ કરશે. બોર્ડના સભ્યો જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા હાઇકોર્ટના સરકારી વકીલ હશે, જ્યારે કાયદા હેઠળ નોંધાયેલા કેસોમાં તપાસ અધિકારી પોલીસ સબ-ઇન્સ્પેક્ટરને બદલે પોલીસ સુપરિન્ટેન્ડેન્ટના દરજ્જાના હશે. ગયા વિધાનસભાના શિયાળુ સત્રમાં બિલ રજૂ કરવામાં આવ્યું હતું અને સંયુક્ત પસંદગી સમિતિને મોકલવામાં આવ્યું હતું.

### મરાઠીઓને

ફરિયાદ આવી તો તેની સામે કડક પગલા લેવામાં આવશે. મુંબઈમાં સૌથી પહેલો હક મરાઠી માણસનો છે અને ઘર ખરીદવામાં તેમને પ્રાધાન્ય મળે તે માટે બહુ જલદી ધોરણ નક્કી કરવામાં આવશે. આ સંદર્ભમાં મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન સાથે ચર્ચા બાદ આગામી દિવસોમાં ધોરણ નક્કી કરવામાં આવશે એવું શંભુરાજ દેસાઈએ વિધાનપરિષદમાં કહ્યું હતું.

## 'ગદ્દાર' ટિપ્પણીને પગલે બોલાચાલી

'ગદ્દાર' ટિપ્પણી પર શિવસેનાના પ્રધાન શંભુરાજ દેસાઈ અને શિવસેના (યુબીટી)ના નેતા અનિલ પરબ વચ્ચે ગુરુવારે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જેના કારણે ગૃહની કાર્યવાહી થોડા સમય માટે મુલતવી રાખવામાં આવી હતી.

નવી બનેલી હાઉસિંગ સોસાયટીઓમાં પચાસ ટકા એકમો મરાઠી લોકો માટે અનામત રાખવાની માગણી પરની ચર્ચા દરમિયાન બંને નેતાઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

પરિષદના ઉપાધ્યક્ષ નીલમ ગોર્હેએ બાદમાં એવો આદેશ આપ્યો હતો કે બંને નેતાઓ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીને સત્તાવાર રેકોર્ડમાંથી કાઢી નાખવામાં આવશે.

# જૈન મરણ

પાટણ નિવાસી મનમોહનજીની શેરીના સ્વ. પ્રભાવતીબેન બાલુભાઇ કાપડીયાના સુપુત્ર તથા સ્વ. વસુમતીબેન મહેન્દ્રભાઇ શાહના જમાઇ. યોગેશભાઇ બાલુભાઇ કાપડીયા (ઉં. વ. ૭૭) ના ગુરુવાર તા. ૧૦-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે લતિકાબેનના પતિ. રીન્કુ, રીતુ, રીમાના પિતાજી. કમલભાઇ, નિપેશભાઇ, જયદીપભાઇના સસરા. પ્રશમ, પ્રનય, ઇશા ને રીશિના નાના. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ઘુઘરાળા નિવાસી હાલ મુંબઇ ઉલ્લાસબેન પ્રવીણચંદ્ર કપૂરચંદ બદાણીના પુત્રવધૂ અ. સૌ. પ્રજ્ઞાબેન તુષાર બદાણી (ઉં. વ. ૫૭) તા. ૧૦-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ચિંતનના માતા. આશિતભાઇના ભાભી. તે સ્વ. મણિલાલ ખીમજી પોલડિયા (બદાણી)ની સુપુત્રી. દીપકભાઇ અને અનિલાબેનના બહેન. ચેતનાબેનના નણંદ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જુનાગઢ નિવાસી (હાલ કાંદીવલી) માતુશ્રી કમળાબેન ગાંધી (ઉં વ. ૯૦) ૧૦-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નગીનદાસ ભુરાલાલ ગાંધીના ધર્મપત્ની. સ્વ. કપુરબેન માણેકચંદ સંઘવીના દીકરી. સુનીલ, સંજય, સતીષ, ભાવનાબેન હરેશભાઈ મડિયા, અલ્કાબેન બિપીનભાઈ દામાણી, અંકિતા ઉમેશભાઈ મહેતા, અનિલા સુનીલભાઈ દેસાઈ, સોનલ રાજેશભાઈ શાહના માતુશ્રી. રિટાબેન, રૂપાબેન, અમીબેનના સાસુ. ઉર્વી, ધ્રુવી, રિધ્ધી, સિધ્ધી, લબ્ધી, યશ, ભક્તિ, ભવ્યના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ બે ચોવીસી સ્થા. જૈન**

ગામ જાટાવાડા નિવાસી, હાલ મુંબઇ અ. સૌ. જયાબેન (ઉં. વ. ૭૪) તે શાંતિલાલ સોમચંદ પારેખના ધર્મપત્ની બુધવાર તા. ૯-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મનોજ, ધર્મેન્દ્ર, નયન અને રસિલાબેનના માતુશ્રી. પ્રીતિ, અંજના, હેતલ, જયેશકુમારના સાસુ. સ્વ. કાનજીભાઇ, સ્વ. ખીમજીભાઇ અને પ્રભાબેનના નાના ભાઇના ધર્મપત્ની. સ્વ. સુરચંદભાઇના સુપુત્રી. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૧૧-૭-૨૫ના સાંજે ૪થી ૫.૩૦. ઠે. નારણજી શામજી વાડી, ભાઉદાજી રોડ, માટુંગા, (સે.રે.). નિવાસસ્થાન : મનોજ શાંતિલાલ પારેખ, ૪૦૪ હબટાઉન હારમોની, ભાઉદાજી રોડ, માટુંગા, મુંબઇ-૧૯.

**દશા શ્રીમાળી જૈન**

માંગરોળ નિવાસી હાલ સુરત સ્વ. ચત્રભુજ રણછોડદાસ પારેખ તથા સ્વ. રેવાબેન પારેખના સુપુત્ર સ્વ.વિપીનભાઇ પારેખ (ઉં. વ. ૭૭) તા. ૧૦-૭-૨૫ના ગુરુવારના અરિહંતશરણ

# હિન્દુ મરણ

**નવગામ વીસનગર વણિક સમાજ**

ગામ કુકરવાડા હાલ મુંબઇ નિવાસી સ્વ. રાજેશ્વરી નરેન્દ્ર ગાંધી (ઉં. વ. ૭૧) તા. ૮ જુલાઇ ૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે હર્ષની માતા. નીધિના સાસુ. કાયરાના દાદી. તે પિયરપક્ષે સ્વ. લલીતાબેન પ્રેમચંદ ધરમચંદની દીકરી. બાબુલાલ મણીલાલ ગાંધીની પુત્રવધૂ શોકસભા તા. ૧૧-૭-૨૫ના ૫થી ૭. ઠે. સરસ્વત હોલ, તાલમીકી વાડી, બિલ્ડિંગ ૧૩, ભાટીયા હોસ્પિટલની બાજુમાં, તાડદેવ.

**શ્રીમાળી બ્રાહ્મણ**

કપડવંજ નિવાસી હાલ મુંબઈ શ્રીમાન મધુસૂદન મૂળશંકર ત્રિવેદી (ઉં. વ. ૮૪) તે શ્રીમતી ધર્મિષ્ઠાના પતિ. પ્રીતેશ મિતા ભાવેશના પિતાશ્રી. સ્વ. દીપકના ભાઈ. હિનાબેનના જેઠ. યતિષા ઉદયના કાકા. પ્રિતિ, રાજેશ, શીતલના સસરા. મિતિ, દીપ, પાર્થ, વિની, યુગ, ભવ્યના દાદા. કરણ, ઇશા, પ્રથમના નાના. શકુંતલા, પ્રફુલાના ભાઈ. અશોકકુમારના સાળા. તા. ૯-૭-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભાઃ વનિતા વિશ્રામ. ૩૯૨ એસ. વી. રોડ, પ્રાર્થના સમાજ મુંબઈ-૪. સાંજે ૫ થી ૭. તા. ૧૨-૭-૨૫ના રોજ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ ભાદરાવાળા હાલ મુલુંડના અ. સૌ. હંસાબેન નવીનચંદ્ર દામોદર કતિરા (ઉં. વ. ૭૪) તે ચેતન અને કેતનના માતુશ્રી. તે અ. સૌ. ખ્યાતિના સાસુમા.ચી. ક્રિશિવના દાદીમા. સ્વ. લક્ષ્મીબેન ઓધવજી માવજી કક્કડ હાલે ઘાટકોપરવાળાના પુત્રી. તે સ્વ. પ્રવીણભાઇ, સ્વ. સુરેશભાઇ, સ્વ. સરસ્વતીબેન, માયાબેન, સ્વ. માલતીબેન, અ. સૌ. વસંતબેન અને અ. સૌ. મૃદુલાબેનના બહેન. મંગળવાર તા. ૮-૭-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૧-૭-૨૫ના ૫.૩૦થી ૭. ઠે. પવાણી હોલ, ૧લે માળે, કચ્છી લોહાણા મહાજનવાડી, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે. સૌએ તે જ દિવસે આવી જવું.

**લુહાર સુથાર**

ગામ સથરાવાળા હાલ બોરીવલી સ્વ. ડાહ્યાભાઇ ભવાનભાઇ ચિત્રોડાના દિકરા

પામેલ છે. હર્ષદાબેન (હસુબેન)ના પતિ. પરાગ, હેમલ, ચિરાગના પિતાશ્રી. નીખાર તથા વિધીના દાદા. સ્વ. ચત્રભુજ રણછોડદાસ પારેખ. સ્વ. પ્રભુદાસ માણેકચંદ કોઠારીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૧-૭-૨૫ શુક્રવારના સવારે ૧૦થી ૧૨. ઠે. અગ્રવાલ સમાજ ટ્રસ્ટ હોલ (બેસ્મેન્ટ) અગ્રવાલ સમાજ ભવન, મહારાજા અગ્રસેન માર્ગ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ મલાડ, સ્વ. ગુલાબબેન વાલજીભાઇ શાહના પુત્ર રમણીકલાલ શાહ (ઉં.વ.૮૮) તે ૭/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રસીલાબેનના પતિ. હેમલત્તાબેન, મુકેશભાઈ તથા રિતેનના પિતા. સ્વ. હીરાબેન, સ્વ. વિમળાબેન, જયાબેનના ભાઈ. વિનોદભાઈના ભાઈ. બંને પક્ષની સાદડી ૧૩/૭/૨૫ના ૩ થી ૫. દેવદર્શન બિલ્ડીંગ, બી વિંગ, ૧૦૪,પહેલા માળે, ધનજીવાડી મલાડ ઈસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તળાજા નિવાસી હાલ બોરીવલી, મનહરબેન ધીરજલાલ સલોતના પુત્ર તથા સ્વ. દીપકભાઈના ધર્મપત્ની ગં.સ્વ રેખાબેન (ઉં.વ.૬૭) ૮/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ક્ષમાબેન, યાત્રિકના માતુશ્રી. હિમાંશુકુમાર મહેન્દ્રભાઈ વોરા તથા રીંકુબેનના સાસુ. કીર્તિભાઇ, બીનાબેન જયંતકુમાર મહેતા તથા અલ્પાબેનના ભાઈના પત્ની. પિયરપક્ષે વરલવાળા બાવચંદ ખુશાલદાસ શાહના દીકરી. સાદડી શનિવાર ૧૨/૭/૨૫ના ૩ થી ૫. સ્વામિનારાયણ મંદિર હોલ, અજમેરા સ્કૂલની સામે, યોગીનગર, બોરીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર, ગુલાબબેન ધનવંતરાય મેહતા (ઉં.વ.૯૪) ડો. નીના અને અશોકના માતુશ્રી. વંદનાના સાસુ. આદિત્યના દાદી. સ્વ. ચંદુલાલ પ્રેમચંદ અભાણીના બેન. તા. ૮-૭-૨૫ને મંગળવારે અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડુમરાના માતુશ્રી જેઠીબાઈ હંસરાજ ઘેલાભાઈ કારાણીના સુપુત્રી ચંચલબેન (વર્ષાબેન) (ઉં. વ. ૮૧) સુરત ખાતે તા. ૯.૭.૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. તેઓ પાલનપુરના સ્વ. ચંપાબેન અમૃતલાલ પરીખના પુત્રવધુ. સ્વ. હિંમતલાલના ધર્મપત્ની. સંજય અને મિતાના માતુશ્રી. ડુમરાના દિપક, દીનેશ, કોટડી મહા. શાંતાબેન સ્વ. રતનશી નાગજી, કેસરબેન સ્વ.લક્ષ્મીચંદ હીરજી, ડુમરા ઊર્મિલા સ્વ.શામજી પ્રેમજી, નારાણપુર દમયંતી (દીપા) હસમુખ ગાંગજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : સંજય પારેખ, ઇ-૬૦૩, શાંતિ દીપ રેસીડેન્સી, પાલ, સુરત - ૩૯૪૫૧૦.

બગડાના જેઠાલાલ મોરારજી ચંદુઆ (ઉં.વ. ૭૮) ૫-૭-૨૫નાં ભુજ કચ્છ મધ્યે અવસાન પામેલ છે. માતુશ્રી લાધીબેન મોરારજી મોના ચંદુઆના સુપુત્ર. શામજી, કાનજી, રતનશી, કેશવજી (બાબુ), જાદવજી, પાનબાઇ પ્રેમજી, ગુંદાલાના લખમીબેન કારૂ, વાંકીના હાંસબાઇ ભવાનજી, કપાયાના સાકરબેન, પોપટલાલના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. રહેઠાણ : વસંત શાહ, જૈન ભવન, ગામ-બગડા, કચ્છ-૩૦૧૪૧૦.

કોડાયના શાંતિકુમાર લાલજી વેલજી શાહ (ગડા) (ઉં.વ.૮૫) ૮-૭-૨૫ના અરિહંત શરણ પામ્યા છે. ભાનુબેન લાલજીના સુપુત્ર. રોહિણીબેનના પતિ. નેહલ, સેજલના પિતાશ્રી. લીઝાબેન, કિશોર, રાજેશના ભાઈ. બિદડાના પાનબાઈ હંસરાજ કુંવરજી ફુરીયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રોહિણી શાહ, ૪૦૨, ઓમ શિવમ બિલ્ડીંગ, રેલ્વે સોસાયટી, ઈરલા, વિલેપારલે (વે), મુંબઈ-૫૬.

હાલાપરના મહેન્દ્ર મારૂ (ઉં.વ. ૬૭) ૯-૭-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન મુરજી માવજીના પુત્ર. વાસંતીના પતિ. નિતલ, પ્રીતલના પિતા. જયંતીલાલ, શાંતીલાલ, પ્રવિણ, મોહન, ભારતીના ભાઇ. માપર વિજયાબેન રતનશી મેઘજીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા. જૈન કરસન લધુ નિસર હોલ, દાદર. ટા. ૨ થી ૩.૩૦. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે.

વડાલાના સ્વ. નેણબાઇ ખીમજી ગણપત લાલનના જમાઈ શ્રી શરદ વનેચંદ વોરા (ઉં.વ. ૭૯) (હાલ ફ્લોરિડા, અમેરિકા) તારીખ ૭/૭/૨૫ના દેહપરિવર્તન કરેલ છે. તેઓ હેમાબેન(હેમકુંવર)ના પતિ. હેમંત, શીતલ તથા ગ્રીષ્માના પિતાશ્રી. મોરબીના અનસુયાબેન વનેચંદ વોરાના સુપુત્ર. સ્વ મહેન્દ્રભાઈ, સ્વ હંસાબેન, રાજેનભાઈ, ચાંદનીબેનના મોટાભાઈ. મુંબઈમાં ગુણાનુવાદ રાખેલ નથી. ઠે. મણીલાલ લાલન, ૩૦૨, સોની હાઉસ, એન.એસ. રોડ નં. ૪, જુહુ વિલે પાર્લા, મું. ૫૬.

# પારસી મરણ

ગુલશન બહેરામ મિસ્ત્રી (ઉં. વ. ૬૭) તા. ૮-૭-૨૫એ ગુજરી ગયા છે. તે મરહુમ બહેરામ સોરાબજી મિસ્ત્રીના વાઇફ. ઝેનોબિયા ધમોડીવાલા, ખુશરુ મિસ્ત્રીના મધર, ઝુબીન ધમોડીવાળાના સાસુ. નરગિશ બહેરામ મરોલિયાના બહેન. મરહુમ સોરાબજી અને મરહુમ તેહમીના મિસ્ત્રીના વહુ.

નોશીર મીનોચેર સહીઆર. તે જરૂ નોશીર સહીઆરના ધણી. તે મરહુમો ધનમાય તથા મીનોચેર સહીઆરના દીકરા. તે આરમીન પરવેઝ ધનીદાદુના બાવાજી. તે અેર્વદ પરવેઝ ફ. ધનીદાદુના સસરાજી. તે યઝદ તથા રૂહશાદના મમાવાજી. તે મરહુમો ફીરોઝ, સીલ્લુ બહેરામ પરવેઝ તથા રોહીનટનના ભાઈ. (ઉં. વ. ૮૮) ઠે. મરીન પેલેસ, એ વીંગ, રૂમ નં. ૫૦૧, ૫મે માળે, બીએમસી સ્કૂલની સામે, ચંદનવાડી, મુંબઈ-૪૦૦૦૦૨. ઉઠમણાની ક્રિયાઃ ૧૧-૭-૨૫, ૩-૪૫ પીએમ. ભાભાની બંગલી.

રવિકુમારના ધર્મપત્ની અ. સૌ. ગીતાબેન (ઉં. વ. ૬૫) તા. ૮-૭-૨૫ના મંગળવારના રામશરણ પામેલ છે. કિરણભાઇના મમ્મી. મિતલબેનના સાસુ. દક્ષ અને ખનકના દાદી. વસંતભાઇ લક્ષ્મણભાઇ રાઠોડ, ભૂંભલીવાળાની દીકરી. પ્રાર્થના ૫થી ૭. ઠે. ૧૨-૭-૨૫ શનિવારના લુહાર સુથાર વેલફેર સેન્ટર, કાર્ટર રોડ નં.૩, બોરીવલી (ઇસ્ટ).

**કપોળ**

અ. સૌ. પ્રજ્ઞા ધીરજલાલ અમૃતલાલ ભુતાના સુપુત્ર સ્વ. અશ્વીનભાઇ તે સેજલબેનના પતિ. અર્શીયા અને આરીનના પિતા. વિરલ, ભુતાના ભાઇ. તે છનાબેન, પ્રમથેશભાઇના જમાઇ. તા. ૩-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ગં. સ્વ. હંસાબેન (ઉં. વ. ૭૬) મૂળ ગામ બગસરા હાલ (મીરારોડ) સ્વ. પદ્મકાંત વનમાળીદાસ જોગી (કોલસાવાળા)ના પત્ની ૩-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે કલ્પેશ, નિતીન તથા હેતલબેનના માતુશ્રી. બીનાબેન, મનીષાબેન તથા હરીશભાઈ કિરીટભાઈ મણીયારના સાસુ. દક્ષેશ, આદિત્ય, અષિતા અને અદિતીના દાદી. પ્રેમ અને નિષ્ઠાના નાની. સ્વ. વનમાળી બેચરભાઈ પડિયા (ગોંડલ)ના મોટી દીકરી, પ્રાર્થનાસભા ૧૧ જુલાઈ ૨૦૨૫ના ૪ થી ૫. ઠે. ગણપતિ મંડપ સામેનો યોગા મંડપ, સી-૬૮-૬૯નો ખુણો, સેક્ટર ૯, શાંતિનગર, મીરારોડ (ઈસ્ટ).

**હાલાઈ ભાટિયા**

દિલીપભાઈ (ઉં. વ. ૯૦) તે સ્વ. પ્રેમકુંવરબાઈ પદમશી ખટાઉ (વાલજી શામજી)ના પુત્ર તે સોહાગબેનના પતિ. સ્વ. જયવંતીબેન પ્રતાપસિંહ ગોકલદાસના જમાઈ. સ્વ. જાનાબેન અજીતસિંહ, સૌ. જ્યોતીબેન ભરતકુમાર, સ્વ. હરિશભાઈ, અરૂણાબેન મુલરાજના ભાઈ. રાહુલ-માનસી તથા દીપા હિતેનના કાકા ૯-૭-૨૫ના રોજ દેવલાલીમાં શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શનિવાર, ૧૨-૭-૨૫ના ૫ થી ૬.૩૦. ઠે. વાય. બી. ચૌહાણ સેન્ટર, ૪થે માળે. પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

પુષ્પક અમૃતલાલ ઠક્કર (ઉં. વ. ૫૭) તે સ્વ. મીરાબેન અમૃતલાલ શામજી ઠક્કર (ભલ્લા)ના પુત્ર કચ્છ ગામ ખેડોઈ હાલે મુલુંડ તે જ્યોતિબેનના પતિ. ડો. મિતીના પિતાશ્રી. પુષ્પાબેન ભગવાનદાસ ઠક્કરના જમાઈ. સ્વ. બીનાબેન પ્રતાપભાઈ માણેક, વીણાબેન પ્રવિણભાઈ ખાંટ, પૂર્ણિમાબેન દિપકભાઈ રૂપારેલના ભાઈ ૯-૭-૨૫ના રામશરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, ૧૧-૭-૨૫ના ગોપુરમ હોલ, ડો. આર. પી. રોડ, મુલુંડ (વે.). ૫.૩૦ થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

શિહોરવાળા હાલ કાંદિવલી, જસવંતીબેન કાંતિલાલ ભવાનીદાસ દોશીના પુત્ર મહેશભાઈ (ઉં.વ.૬૯) ૯/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે રેખાબેનના પતિ. નિખિલ તથા હેતલના પિતા. આશા સુરેશકુમાર ગોરડીયા, ગં. સ્વ ભામીની હર્ષદકુમાર સંઘવી, ભારતી સંજયકુમાર પારેખના ભાઈ. નાગેશ્રીવાળા પ્રભુદાસ ગોવિંદજી મહેતાના જમાઈ. કિજલ તથા રમેશકુમારના સસરા. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ડુંગરવાળા હાલ નાલાસોપારા, સ્વ. પ્રભાવતી પારેખ (ઉં.વ.૭૯) તે સ્વ. રમણીકલાલ આણંદજી પારેખના પત્ની. વિપુલ, જયેશ, રશ્મિ તથા મીનાક્ષીના માતુશ્રી. સ્વ. આણંદજી વલ્લભદાસ પારેખ ના પુત્રવધુ. ગીતાબેન, પૂનમબેન તથા પરેશકુમાર ગોરડિયાના સાસુ. યશ, સાત્વિક, મિતાલી, કિજલ, પૂજા અરુણકુમાર તથા નમિતાના દાદી. ૮/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મુળ સુરત હાલ બોરીવલી, ચંદ્રકાન્ત ગમનલાલ મોદી (ઉં.વ.૯૦), મંગળવાર તા. ૦૮/૦૭/૨૫ ના વૈકુંઠવાસી થયા છે. તે હંસાબેનના પતિ. જયેશ અને હેમાંગના પિતા. સ્વ. સતિશભાઈ, સ્વ. નિખીલભાઈ, પંકજભાઈ, સ્વ. જવાહરભાઈ, સ્વ. શર્મિષ્ઠાબેનના ભાઈ. સ્વ. મનિષા, શિલ્પા, હર્ષાના સસરા. ખુશ્બુ, કુણાલ અને નક્ષના દાદા. લૌકિક રીવાજ બંધ છે.

**ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ**

ગામ રાજુલા હાલ માહિમ, સ્વ.વલ્લભભાઈ ચોટલીયા (ઉં.વ.૭૨) સોમવાર તા. ૭.૭.૨૫ના રામચરણ પામ્યા છે. તે સ્વ. મણીબેન તથા સ્વ. દેવજીભાઈ માવજીભાઈ ચોટલીયાના સુપુત્ર. કંચનબેનના પતિ, સ્વ. ગોદાવરીબેન તથા સ્વ. કરશનભાઇ માધવજીભાઈ ટાંકના જમાઈ. તેજસ, જિજ્ઞાના પિતા, સ્વ. નારણભાઈ, દુર્લભભાઈ, વિઠ્ઠલભાઈ, સ્વ. ધીરજભાઈ, સ્વ. નંદલાલભાઈ, વિમળાબેન પ્રવીણભાઈ ગેડીયા, વિજયાબેન સુરેશભાઈ લાડવાના ભાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૧૧.૭.૨૫ના ૫ થી ૭. શ્રી શ્યામવાડી, ઓબેરોય મોલની સામે દીંડોશી કોર્નર, મલાડ (ઇસ્ટ)

**લોહાણા**

મૂળ ગામ જેજાદ (સાવરકુંડલા) હાલ કલ્યાણ, દિલીપભાઈ ઠક્કર (ઉં.વ.૭૪) તા. ૯/૭/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રણછોડદાસ ભાણજી સેજપાલના સુપુત્ર. કલ્પનાબેનના પતિ. સ્વ. સુરેશભાઈ, ધીરેન્દ્રભાઈ, છબીલભાઈ, ભરતભાઈ, મહેન્દ્રભાઈના ભાઈ. પ્રતિકભાઇ અને રાધા કિજલભાઈ માણેકના પિતા. ફાલ્ગુનીબેનના સસરા. સ્વ. વલ્લભદાસ દામજી બગડાઈના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૧૧/૭/૨૫ના ૪ થી ૬. માતુશ્રી શ્યામબાઈ લોહાણા મહાજન વાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ પશ્ચિમ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટિની



# ગલી બોય હાઈ-વેની ખોજમાં...

**પાંચ વર્ષમાં એક પણ જોરદાર હિટ નહીં આપી શકનાર રણવીર સિંહ સોલો સુપરહિટ માટે તલપાપડ છે**

**કવર સ્ટોરી**
હેમા શાસ્ત્રી

પંદર વર્ષ પહેલાં ‘યશરાજ ફિલ્મ્સ’ના બેનર હેઠળ રણવીર સિંહનો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ થયો હતો. એય પાછો ધમાકેદાર, ‘બેન્ડ બાજા બારાત’ સાથે. હા, મનીષ શર્મા દિગ્દર્શિત એની પહેલી ફિલ્મનું ટાઈટલ હતું ‘બેન્ડ બાજા બારાત’ પણ રણવીરની એન્ટ્રી ફિલ્મના ટાઈટલને સર્વાંગ સાર્થક કરનારી હતી. ૧૫ કરોડના બજેટમાં બનેલી ફિલ્મ ૩૩ કરોડનો વકરો કરવામાં સફળ રહી હતી. રણવીર સિંહના વરઘોડાના ઓવારણાં લેવાયા અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એના વાજાં વાગવા લાગ્યા. કરણ જોહર, વિક્રમાદિત્ય મોટવાને, સંજય લીલા ભણસાલી જેવા નામી ફિલ્મમેકરોમાં એની સાથે કામ કરવા ઉત્સાહ નજરે પડવા લાગ્યો.

અલબત્ત, ગગનમાં ઊંચે ઊડતા પતંગનો માંજો, એની કની અને ખુદ પતંગ ગમે એટલી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા હોય, એ પતંગ એક દિવસ જમીનદોસ્ત થવાનો જ છે. વાજાં વાગ્યા અને બારાતના ઓવારણાં લેવાયા એનો આનંદ માણ્યા પછી એની કારકિર્દીની બેન્ડ વાગવાની શરૂઆત થઈ. ‘ગોલિયોં રાસલીલા રામ - લીલા’, ‘ગુંડે’, ‘દિલ ધડકને દો’, ‘બાજીરાવ મસ્તાની’ ‘બેફિકરે’, ‘પદ્માવત’, ‘ગલી બોય’ સુધી હિટ ઝાઝી અને ફ્લોપ થોડીનો હિસાબ કિતાબ ધરાવતી કારકિર્દીમાં નિષ્ફળતા શરૂ થઈ. ‘૮૩’, ‘જયેશભાઈ જોરદાર’, ‘સર્કસ’ ધડામ કરતા બોક્સ ઓફિસ પર પટકાઈ ગઈ.

હા, ‘રોકી ઔર રાની કી પ્રેમ કહાની’ હિટ સાબિત થઈ, પણ એ સફળતામાં આંતરરાષ્ટ્રીય કલેક્શનનો મોટો ફાળો હતો એવી દલીલ કરવામાં આવી હતી. આપણા દર્શકોને ફિલ્મ બહુ પસંદ નહોતી પડી એવું ઠસાવવાની આ કોશિશ હતી.

ગયા વર્ષની રોહિત શેટ્ટીની ‘સિંઘમ અગેન’ ફ્લોપ નહોતી, પણ જબરદસ્ત હિટ સુધ્ધાં નહોતી. ઓકે ઓકે સફળતા મેળવનારી આ ફિલ્મ મલ્ટીસ્ટારર (અજય દેવગન, અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ પણ હતા) હતી અને એટલે સફળતાનો શ્રેય વહેંચાઈ ગયો.

આ તરફ, આ પ્રકારના અનુભવ રણબીર કપૂરને પણ થયો છે. સંજય લીલા ભણસાલી દિગ્દર્શિત ‘સાંવરિયા’ (૨૦૦૮)થી શરૂઆત કરનારા રણબીરની બીજી ફિલ્મ ‘બચના અય હસીનો’ સુપરહિટ સાબિત થતા રાજ કપૂરના પૌત્રની ડિમાન્ડ વધી ગઈ. ત્યારબાદ ‘વેકઅપ સિદ’, ‘અજબ પ્રેમ કી ગજબ કહાની’ વગેરે ફિલ્મોની સફળતાથી એની ગાડી સડસડાટ દોડવા લાગી. ૨૦૧૩માં રિલીઝ થયેલી ‘બચના અય હસીનો’ સુધી હિટ ઝાઝી, ફ્લોપ થોડીનો અનુભવ કરનારા રણબીરની ગાડીને પહેલી બ્રેક લાગી ‘બેશરમ’ ફિલ્મથી. ત્યારબાદ ‘રોય’, ‘બોમ્બે વેલ્વેટ’, ‘તમાશા’, ‘જગ્ગા જાસૂસ’ ... ફ્લોપથી સુપર ફ્લોપનો સિલસિલો શરૂ થયો. શિખરથી સીધો તળેટીમાં પછડાયો અને એ પછી ૨૦૧૮માં આવી રાજકુમાર હિરાણીની ‘સંજુ’ જે બ્લોકબસ્ટર સાબિત થઈ. સુપરફ્લોપ ‘સમશેરા’ને બાદ કરતા બે હિટ ફિલ્મ ‘બ્રહ્માસ્ત્રઃ ભાગ એક - શિવ’ અને ‘તૂ જૂઠી મૈં મક્કાર’ અને બ્લોકબસ્ટર ‘એનિમલ’થી રણબીરની ગાડી તળેટીથી ફરી શિખર તરફ દોડી...એની આગામી ફિલ્મો સંજય લીલા ભણસાલીની ‘લવ એન્ડ વોર’ તેમ જ નિતેશ તિવારીની ‘રામાયણ પાર્ટ વન’ જોરદાર આવકારની સંભાવના ધરાવે છે. ટૂંકમાં સફળતા પછી નિષ્ફળતા અને ફરી સફળતા એ ચક્કર તો ચાલતું રહેવાનું.

રણવીર સિંહ માટે પણ આદિત્ય ધર દિગ્દર્શિત ‘ધુરંધર’ સફળતાની નવી સીડીનું પહેલું પગથિયું સાબિત થઈ શકે છે એવી ધારણા વ્યક્ત કરવામાં આવી છે. બ્લોકબસ્ટર ‘ઉરીઃ ધ સર્જીકલ સ્ટ્રાઈક’ના લેખક - નિર્માતા - દિગ્દર્શક (તેમ જ યામી ગૌતમના જીવનસાથી) ‘આર્ટિકલ ૩૭૦’ના લેખક અને નિર્માતા આદિત્ય ઈતિહાસને ફંફોસી અર્થપૂર્ણ સિનેમા બનાવે છે. ભારતીય ગુપ્તચર સંસ્થા ‘રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ’ - રોના એક મિશનની કામગીરીની આસપાસ વીંટળાયેલી કથા ધરાવતી ફિલ્મમાં બ્લોકબસ્ટર સાબિત થવાના બધા ગુણો સમાયેલા છે.


‘ધુરંધર’ સિવાય રણવીરની ઝોળીમાં ફરહાન અખ્તરની ‘ડોન ૩’ છે જેનું શૂટિંગ આવતા વર્ષે જાન્યુઆરીમાં શરૂ થવાનું છે. હિન્દીમાં ડબ કરી સફળતા મેળવનારી સફળ તેલુગુ ફિલ્મ ‘હનુ - માન’ના દિગ્દર્શક પ્રશાંત વર્માની ‘રાક્ષસ’ રણવીર સિંહ સાથે બનાવવાની ઘોષણા થઈ હતી. જોકે, ક્રિયેટિવ ડિફરન્સીસનું કારણ રજૂ કરી રણવીર ફિલ્મમાંથી ખસી ગયો છે. એકંદરે ઝોળી ખાલી છે. ‘ધુરંધર’ બોક્સ ઓફિસ પર ધુરંધર સાબિત થાય અને ગાડી ફરી સડસડાટ દોડવા લાગે એવું અનુમાન હકીકત બની શકશે કે કેમ એ તો આવનારો સમય જ કહેશે.

ટૂંકમાં ‘ગલી બોય’ (ઝોયા અખ્તર દિગ્દર્શિત ૨૦૧૯ની ફિલ્મ)ને હાઈ- વેની તલાશ છે. ‘એનિમલ’ ફિલ્મે રણબીર માટે જે કર્યું એ ‘ધુરંધર’ રણવીર માટે કરી શકશે અને નિષ્ફળતાનો દોર પૂરો થશે એવી ઉમેદ એક્ટર બાંધીને બેઠો છે. ■

## હરિભાઇ ઉર્ફે સંજીવ કુમાર

# ગુજરાતી અસ્મિતાનું આગવું અભિમાન

**સ્ટાર-યાર-કલાકાર**
સંજય છેલ



૧૯૭૮: મુંબઇ જુહુના બી.આર.ચોપરાના ડબિંગ સ્ટુડિયોમાં એક ૧૦ વરસનો બાળ કલાકાર રંગભૂમિના યાદગાર નિર્દેશક અભિનેતા કાંતિ મડિયાની ગુજરાતી ફિલ્મ ‘કાશીનો દીકરો’ માટે ડબિંગ કરી રહ્યો છે, પણ એને ફાવતું નથી બહુ વાર લાગે છે. કાંતિ મડિયા અકળાયા છે, હવે સ્ટુડિયોના બુકિંગનો સમય પૂરો થવાનો છે ને ત્યાં એક મોટા સ્ટારનું આગમન થાય છે. એ સ્ટાર પેલા બાળકને ડબિંગમાં અટવાતા જુએ છે. એ નિર્દેશક મડિયાને શાંત થવા કહે છે ને પછી બાળકને માઇક પાસે લઇ જઇને ધીમેધીમે ડબિંગમાં મદદ કરે છે. એ બાળ કલાકાર એટલે હું-પોતે-સંજય છેલ અને સ્ટાર એટલે સંજીવ કુમાર...!

ત્યારે તો એમને જોઇને હું ચોંકી જ ગયેલો, પણ પછી ૧ રૂ.ની નોટ પર એમનો ઓટોગ્રાફ પણ લીધેલો. સંજીવ કુમાર ઉર્ફે હરિભાઇ જરીવાલાની જગ્યાએ બીજો કોઇ સ્ટાર હોત તો સ્ટુડિયો ખાલી કરાવત, પણ ગુજરાતનું ગૌરવ ‘સંજીવ કુમાર’માં સ્ટારડમનો કોઇ નકલી આડંબર હતો જ નહીં.

* *

૧૯૭૦ના દાયકામાં એકવાર સંજીવ કુમારના ગુજરાતી રંગભૂમિનાં મિત્રો પ્રવીણ જોષી, કાંતિ મડિયા, શૈલેશ દવે વગેરે કલાકારો રાતે પાર્ટી માટે ક્યાંક બેઠેલા ત્યાં નિર્માતા નિર્દેશક યશ ચોપરા આવ્યા અને હરિભાઇને ‘ત્રિશૂલ’ ફિલ્મમાં અમિતાભના બાપની ભૂમિકા ઓફર કરી. હરીભાઇએ ૨૦ લાખ રૂ. માગ્યા. ચોપડાજી ચૂપ થઇને જતા રહ્યા. સૌ મિત્રોએ પૂછ્યું :

‘હરીભાઇ, રાજેશ ખન્ના અને અમિતાભ ૧૨-૧૫ લાખ રૂ. લે છે ત્યારે તમે ૨૦ લાખ માગો છો? બહુ મોટી ભૂલ કરો છો.’ ત્યારે સંજીવ કુમારે કહેલું:

‘ના, અમિતાભના બાપનો રોલ, બે જ જણાં કરી શકે. એક તો દિલીપ કુમાર ને બીજો હું.... દિલીપકુમાર હજી ખુદને હીરો માને છે ને હું છું અભિનેતા. ચોપડા પાસે છૂટકો જ નથી!’

બીજે દિવસે યશ ચોપડાએ સંજીવ કુમારની માગણી માની લીધી! કારણ? એક અદ્‌ભુત કલાકારનો આત્મવિશ્વાસ અને સાથોસાથ ગુજરાતી માણસની વહેવારુ બુદ્ધિ.

* *

૧૯૮૦ની આસપાસ મુંબઇનાં તેજપાલ હોલમાં ગુજરાતીના ભીષ્મ પિતામહ સમાન અભિનેતા નિર્દેશક ચંદ્રવદન ભટ્ટના ૭૫ વરસની ઉજવણી હતી. સંજીવ કુમાર પણ ભટ્ટસાહેબના શિષ્ય. એ સમારંભમાં છેલ્લે અંધારામાં સરપ્રાઇઝ એંટ્રી કરીને સંજીવ કુમારે ભટ્ટસાહેબનાં કોઇ જૂનાં નાટકમાંની ભૂમિકા ભજવેલી, જેમાં માત્ર ટેબલ પર બેસીને દિલ તૂટેલા આશિકનો બળાપો રજૂ કરતી એકોક્તિ ભજવેલી, જેમાં પ્રેમિકા, પૈસાવાળાને પરણી ગઇ છે વગેરે વગેરે..અને પછી અચાનક જ ક્યાંકથી સિક્કાઓ કાઢીને હરિભાઇ એ સિક્કાને જાદૂગરની જેમ ઉછાળતા ઉછાળતા ‘પ્યાર શું છે? દુનિયા શું છે? માત્ર પૈસા... પૈસા... પૈસા... પૈસા.! .’ એમ ૧ મિનિટ સતત આંખો ફાડીને બોલતા રહ્યા ને એક સાથે ૭૮ સિક્કાને હવામાં ઉછાળીને પછી અચાનક જ કેચ કરી લીધા ને મંચ પર તરત જ લાઇટ્સ બંધ! અંધારું! દર્શકોએ ૧૦ મિનિટ તાળીઓ પાડી, પણ અજવાળું થતાં જ સંજીવ કુમાર ગાયબ! આ કિસ્સો પણ નાનપણમાં મેં - અમે જાતે જોયો છે. સંજીવ કુમારની અદ્‌ભુત અદાકારી વિશે ખૂબ લખાયું છે- લખાશે, પણ આજે આપણે અલગ વાત કરીએ...

--------------------

સંજીવ કુમારના ભત્રીજા એટલે કે એમના નાનાભાઇ નિકુલ જરીવાલાના સુપુત્ર ઉદય કુમારે હમણાં ‘સંજીવ કુમાર ટ્રસ્ટ’ બનાવ્યું છે- જેમાં નાટકો, ફિલ્મો વગેરેના એવોર્ડ્ઝ ફેસ્ટિવલ્સ વગેરે યોજવાના અનેક પ્લાન્સ છે. ઉદય કહે છે કે જ્યારે એ ૧૧-૧૨ વરસના હતા ત્યારે ઉદયને જન્મ દિવસે હરિભાઇ ખુદ એક સાઇકલ સ્ટોરમાં લઇ ગયેલા અને લોકોની ભીડને પણ અવગણીને ભત્રીજાને મનગમતી સાઇકલ અપાવેલી, જે હરિભાઈ પૈસા આપીને સાઇકલ મંગાવીને પણ કરી શક્યા હોત, પણ આમાં એમનો ભત્રીજા માટેની આત્મિયતાનો પરિચય થાય છે. ક્યારેક સતત શૂટિંગ્સને કારણે ૨૩ દિવસ ના મળાય તો ખાસ સવારે ઉદયને બોલાવીને વાતો કરતા. હરિભાઇના રૂમમાં એમના માતાજી, સેક્રેટરી જમનાદાસ ને ઉદયને જ જવાની પરવાનગી હતી. ખાણી-પીણીના શોખીન હરિભાઇ, ઉદયને ચાઇનીઝ ખવડાવવા બાંદ્રા લિંકિંગ રોડના ‘ગેઝેબો’ રેસ્ટોરંટમાં લઇ જતા.

હરિભાઇ ઉદયને કહેતા કે ‘તું મને દાદા કહે!’ કદાચ એમનું વાત્સલ્ય હતું કે પછી પોતે બાપ બનવા જીવિત નહીં રહે એવી આશંકા હશે? કોને ખબર ....એ પણ હકીકત છે કે સંજીવ કુમારના અને બેઉ ભાઇ ૫૦ પૂરા કરે એ પહેલાં જ ગુજરી ગયેલા ત્યારે જરીવાલા ફેમિલીમાં આ શાપની વાત ચર્ચાતી હતી!

ઉદયને આજેય યાદ છે કે સંજીવ કુમારની બર્થડે પર ફિલ્મોનાં અનેક મોટા મોટા કલાકારો આવતા ને એમાંય દિલીપકુમાર અને રાજ કપૂરની ફેમિલી તો અવશ્ય હોય જ. ૧૯૭૯-૮૦માં સંજીવકુમાર શબ્બીર કુમાર જેવા અમુક ગાયકો સાથે પોતાનો ખાસ સ્ટેજ શો લઇને જતા, જેમાં મુંબઇના નાળિયેર પાણી વેંચનારાની એમની સ્ટેંડઅપ કોમેડી ખૂબ વખણાતી પછી એમણે ‘ફિલ્મફેર એવોર્ડ’ માં પણ એ ભજવેલી.



ગુજરાતી નાટકો અને ‘ઇપ્ટા’ સંસ્થા સાથે હિંદી રંગભૂમિથી હરિભાઇએ શરૂઆત કરી ને પછી તો ‘કલાપી’, ‘રમત રમાડે રામ’ જેવી ગુજરાતી ફિલ્મો કરી. ૧૯૬૪માં ‘શિકારી’ હિંદી સ્ટંટ ફિલ્મોમાંથી શરૂઆત કરનાર સંજીવ કુમારને હીરો ઇમેજની બિલકુલ પરવા નહોતી, કારણ કે જે સમયે એ ‘અનામિકા’ ફિલ્મમાં જયા ભાદુરીના પ્રેમીની ભૂમિકા ભજવી રહ્યા હતા ત્યારે જ ‘પરિચય’ ફિલ્મમાં પિતાની ભૂમિકામાં અને ‘શોલે’ ફિલ્મમાં સસરાની ભૂમિકામાં છવાઇ ગયેલા.! આ દર્શાવે છે એમની અભિનય રેન્જ ક્ષમતા!

એ જ રીતે, એક તરફ, એ ‘શોલે’ ને ‘ત્રિશુલ’ જેવી મલ્ટીસ્ટારર ફિલ્મોમાં છવાઇ જતા તો બીજી તરફ ‘અનુભવ’, ‘કોશિશ’, ‘ગૃહપ્રવેશ’, ‘અંગુર’ કે સત્યજિત રેની ‘શતરંજ કે ખિલાડી’ જેવી હટકે અલગ ફિલ્મોમાં પણ યથાર્થ અભિનય કરતા. ખરેખર તો ૧૯૬૮માં ‘સંઘર્ષ’ ફિલ્મમાં દિલીપ કુમાર સામે ટક્કર આપતી ભૂમિકા ભજવીને પહેલીવાર બોલિવૂડમાં સિક્કો જમાવી દીધેલો.

કહેવાય છે કે વૃદ્ધની ભૂમિકાઓને લીધે સંજીવ કુમારની હીરો ઇમેજ પર અસર થઇ, પણ એમણે તો માત્ર ૧૯ વર્ષે ‘ઇપ્ટા’નાં હિંદી નાટક ‘ડમરૂ’માં ૬૦ વરસનાં વૃદ્ધની ભૂમિકા ભજવીને સૌને અવાક કરી દીધેલા. ૧૯૭૪માં ‘નયા દિન,નયી રાત’ ફિલ્મમાં એમણે ૯૯ વિવિધ પાત્રો ભજવેલા, જે બોલિવૂડની પ્રથમ ઘટના હતી. એ ફિલ્મનો પરિચય આપતી શરૂઆતની સ્પીચમાં ખુદ દિલીપકુમારે તો ‘સંજીવ કુમારને આ સદીના મહાન કલાકાર’ તરીકે નવાજેલા.

આ બધા વચ્ચે એક ગુજરાતી તરીકે અફસોસ એ થાય છે કે ફિલ્મ્સ ડિવિઝન પાસે કે ૧૯૭૨માં શરૂ થયેલા મુંબઇ/અમદાવાદ દૂરદર્શન પાસે છેક ૧૯૮૫માં ગુજરી ગયેલા હરિભાઇનો ગુજરાતી ભાષામાં પાંચ મિનિટનો પણ એક રેકોર્ડેડ ઇન્ટરવ્યૂ નથી! કહેવાતો સમૃદ્ધ ગુજરાતી સમાજ આપણા પોતાના ઓલરાઉન્ડર એક્ટર સંજીવ કુમારને ‘ગુર્જર સંસ્કૃતિ’નાં ‘બ્રાન્ડ એમ્બેસેડર’ના બનાવી શક્યો.

ખેર, સંજીવ કુમાર ઉર્ફે સુરતના હરિભાઇ જરીવાલા તો ભારતભરના સિનેમાપ્રેમીઓનાં દિલમાં એક મ્યુઝિયમ બનાવીને અચૂક જીવશે...

હમણાં ૨ દિવસ પહેલાં ૯ જુલાઇએ સંજીવભાઈની સાથોસાથ દંતકથા સમાન અભિનેતા નિર્દેશક ગુરુદત્તનો પણ જન્મ દિવસ હતો...!

હરિભાઇ ૪૭ વરસે(૧૯૮૫માં) અને ગુરુદત્ત ૩૮મા વર્ષે(૧૯૬૪માં) વિદાય લઈ ગયા. ગુરુદત્તની અધૂરી ફિલ્મ ‘લવ એન્ડ ગોડ’ સંજીવકુમારે પૂરી કરવા આદરેલી અને એમનું પણ એ જ ફિલ્મ પૂરી થયા પહેલાં અવસાન થયેલું!

છેને આ નિયતિનો નાટ્યાત્મક યોગાનુયોગ?! ■


LIKE & FOLLOW: /Mumbaisamachar4u

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# ‘પંખ હોતી તો ઉડ આતી રે’

### ફ્લુટ અને શેહનાઈવાદક તરીકે લોકપ્રિય થયા પછી ‘સેહરા’માં રામલાલ સંગીતકાર તરીકે ખીલી ઉઠ્યા






સંગીતકાર રામલાલ અને ‘સેહરા’ના ગીતમાં સંધ્યા અને મુમતાઝ

પહેલા ‘જમ્પિંગ જેક’ (ઉછળકૂદ અભિનેતા) અને પછીથી ‘સાઉથના જમાઈ’ તરીકે પંકાયેલા જીતુભાઈ - જિતેન્દ્રની હીરો તરીકે અને અભિનેત્રી રાજશ્રીની પહેલી ફિલ્મ ‘ગીત ગાયા પત્થરોને’ યાદ કરો. વી. શાંતારામના આ ચિત્રપટને બોક્સ ઓફિસ પર ફાંકડી સફળતા મળી એમાં એના ગીત - સંગીતનો પણ ફાળો હતો.

ગીતકાર હતા હસરત જયપુરી અને સંગીતકાર હતા રામલાલ.

૬૦ વર્ષ પહેલા આવેલી આ ફિલ્મમાં સાત ગીત હતાં, જેમાંથી ‘ગીત ગાયા પત્થરોને’ (સોલો - કિશોરી આમોણકર અને ડ્યુએટ - આશા ભોસલે અને મહેન્દ્ર કપૂર), ‘તેરે ખયાલોંમેં હમ’ (આશા ભોસલે) અને કે. એલ. સાયગલના શિષ્ય અને ‘મિસ્ટર એન્ડ મિસિસ ૫૫’ના ‘પ્રિતમ આન મિલો’ ગીતને કારણે લોકપ્રિય થયેલા સી. એચ. આત્માનું ‘મંડવે તલે ગરીબ કે દો ફૂલ ખિલ રહે હૈં’ આજે પણ સંગીત રસિકો નહીં ભૂલ્યા હોય.

આ ફિલ્મના સ્વરકાર હતા રામલાલ. પ્રતિભાશાળી હોવા છતાં સંગીતકાર તરીકે મોકળું મેદાન નહીં મેળવી શકનારા રામલાલની જૂજ ધૂનો અવિસ્મરણીય તો રહી જ છે, ફ્લુટ અને શેહનાઈ વાદક તરીકે પણ એમનું યોગદાન યાદગાર રહ્યું છે.

મૂળ બનારસના રામલાલ ચૌધરી સંગીતકાર રામ ગાંગુલીના આસિસ્ટન્ટ હતા. પૃથ્વી થિયેટર્સ સાથે સંકળાયેલા રામ ગાંગુલી રાજ કપૂરની નિર્માતા - દિગ્દર્શક તરીકેની પ્રથમ ફિલ્મ ‘આગ’ના સંગીતકાર હતા. ‘આગ’ના ટાઇટલ્સમાં રામલાલની નોંધ ન લેવાઈ, પણ ફિલ્મના સૌથી લોકપ્રિય ગીત ‘ઝિંદા હું ઈસ તરહ કે ગમ - એ- ઝિંદગી નહીં’માં પ્રીલ્યુડથી શરૂ થઈ વચ્ચે વચ્ચે ફ્લુટના જે ટુકડા સંભળાય છે એ એટલા કર્ણમધુર છે કે સ્મૃતિપટ પર અંકાઈ જાય છે. આ ફ્લુટ રામલાલની કમાલ છે. ફિલ્મના ‘દેખ મુસાફિર ચાંદ કી ઓર’ની ખાસિયત એ છે કે લગભગ સાડા પાંચ મિનિટના આ ગીતમાં શરૂઆતની બે મિનિટ અને ચાર સેકન્ડ સુધી માત્ર વાજિંત્રો જ વાગે છે, જેમાં રામલાલજીની ફ્લુટની મીઠાશ મેદાન મારી જાય છે. ‘બરસાત’માં પણ રાજ કપૂરે પહેલા રામ ગાંગુલીને જ સંગીતની જવાબદારી સોંપી હતી, પણ કોઈ બાબતે વાંકું પડતાં એમની હકાલપટ્ટી કરવામાં આવી અને એને કારણે રામલાલનું પત્તું પણ કપાઈ ગયું.

અલબત્ત, વાદક તરીકે રામલાલની ખ્યાતિ ફેલાઈ ગઈ હતી અને લેખક - દિગ્દર્શક પી. એલ. સંતોષીએ ‘ટાંગેવાલા’ ફિલ્મમાં એમને ચાન્સ આપ્યો. આ બનારસી સંગીતકારે કેટલાંક ગીત પણ કમ્પોઝ કર્યા. જોકે, રાજ કપૂર - વૈજયંતિમાલાની આ ફિલ્મ આર્થિક મુશ્કેલીઓને કારણે પડતી મૂકવામાં આવી. ત્યારબાદ ‘હુસ્નબાનો’ (૧૯૫૨)માં પણ રામલાલનું જ સંગીત હતું, પણ ફિલ્મ કે એના સંગીતની કોઈ નોંધ ન લેવાઈ. ત્યારબાદ ‘નકાબપોશ’ (૧૯૫૬), ‘નાગલોક’ (૧૯૫૭), ‘માયા મછિન્દ્ર’ (૧૯૬૦) અને ‘રાજ મહલ’ (૧૯૬૩) વગેરે ફિલ્મો આવી, પણ રામલાલની સ્વતંત્ર સંગીતકાર તરીકે કોઈ ઓળખ બની નહીં. લક્ષ્મીકાંત પ્યારેલાલે ‘માયા મછિન્દ્ર’માં એમના સહાયક તરીકે કામ કર્યું હતું.

સ્વતંત્ર સંગીતકાર તરીકે નામ ન થયું, પણ સુષિર વાદ્યો (હવા ભરાવાથી ધ્વનિ ઉત્પન્ન કરતાં વાદ્યો) ફ્લુટ અને શેહનાઈના વાદક તરીકે એમની ખ્યાતિ વધી રહી હતી. આ ખ્યાતિ જ એમને માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ.‘ પ્રભાત ફિલ્મ કંપની’ને તાળા લાગ્યા પછી વી. શાંતારામ ‘રાજકમલ કલામંદિર’ના બેનર હેઠળ નિયમિતપણે વૈવિધ્યપૂર્ણ ફિલ્મો બનાવી રહ્યા હતા. રામલાલની ખ્યાતિ શાંતારામ સુધી પહોંચી ગઈ અને એમણે વાદક તરીકે પોતાને ત્યાં રાખી લીધા. આ તક રામલાલે ઝડપી લીધી અને ‘દહેજ’ના ‘અય કાલે બાદલ બોલ’, ‘સુબહ કા તારા’ના ‘ગયા અંધેરા હુઆ ઉજાલા ચમકા ચમકા સુબહ કા તારા’ કે પછી ‘તીન બત્તી ચાર રાસ્તા’નું ‘અપની અદા પર મૈં હૂં ફિદા’ ગીતોમાં રામલાલની ફ્લુટ કમાલ દેખાડવામાં સફળ રહી હતી.

અહીં એક વાત ખાસ નોંધવી જોઈએ કે બનારસી રામલાલ મહાન બનારસી શેહનાઈ વાદક બિસ્મિલ્લા ખાનના પ્રભાવ હેઠળ હતા અને એમને આદર્શ માની શેહનાઈ પણ શીખ્યા હતા. શાંતારામની ‘નવરંગ’ ફિલ્મમાં મન્ના ડે - આશા ભોસલેના યુગલ ગીત ‘તૂ છુપી હૈ કહાં મૈં તડપતા યહાં’ની ધૂનમાં સંગીતકાર સી. રામચંદ્રએ વિવિધ વાજિંત્રનો ઉપયોગ કર્યો હતો, જેમાં રામલાલના શેહનાઈ વાદનની બહોળી પ્રશંસા થઈ.

આટલી ફિલ્મોમાં બે વાદ્યની નિપુણતા જોયા જાણ્યા પછી શાંતારામ ‘સેહરા’માં સ્વતંત્ર સંગીત દિગ્દર્શનની જવાબદારી રામલાલને સોંપી એ સ્વાભાવિક હતું. ફિલ્મની હિરોઈન સંધ્યા અને નાનકડા રોલમાં મુમતાઝ પર ફિલ્માવાયેલું ગીત ‘પંખ હોતી તો ઉડ આતી રે’થી રામલાલનું નામ રોશન થઈ ગયું. લતા દીદીનો હાઈ પીચમાં આલાપ, પિયા મિલનની તરસ દર્શાવતી પંક્તિ અને એને અનુરૂપ સ્વરાંકન તેમજ કર્ણપ્રિય આરોહ- અવરાહને કારણે આ ગીતને અમરત્વ પ્રાપ્ત થયું. ગીતનું સ્વરાંકન શબ્દોના ભાવ વધુ અસરકારક બનાવે છે. ગીતના પિક્ચરાઇઝેશનમાં અભિનેત્રી સંધ્યા નૃત્ય અને હાવભાવથી ધ્યાન એની તરફ ખેંચાય એવી કોશિશ કરે છે, પણ દીદીનો મખમલી અવાજ અને મધુર સ્વરરચના જ દર્શક પર છવાયેલા રહે છે. કારકિર્દીમાં ગાયેલાં કેટલાંક મુશ્કેલ ગીતોની દીદીએ વાત કરી ત્યારે એમાં ‘સેહરા’ના આ ગીતનો ઉલ્લેખ હતો. ‘સેહરા’ના રફીના સોલો સોંગ ‘તકદીર કા ફસાના જાકર કિસે સુનાએ’માં શરૂઆતની ૩૪ સેકન્ડ સુધી શેહનાઈના સૂર સમા બાંધી દે છે અને આખા ગીતમાં એની હાજરી ગીતને યાદગાર બનાવી દેવામાં એનો ફાળો છે.

શાંતારામની જ ‘ગૂંજ ઉઠી શેહનાઈ’ના સ્વરાંકન માં દેખીતી રીતે જ શેહનાઈનું પ્રભુત્વ હતું. સંગીતકાર વસંત દેસાઈ ઉસ્તાદ બિસ્મિલ્લા ખાન શેહનાઈ વગાડે એવું ઈચ્છતા હતા, પણ ખાન સાહેબે માત્ર શાસ્ત્રીય ધૂનમાં જ વગાડશે એવી શરત મૂકી હતી. એટલે બિન શાસ્ત્રીય ધૂનમાં રામલાલને શેહનાઈ વાદન માટે કહેવામાં આવ્યું. ફિલ્મના બેકગ્રાઉન્ડ મ્યુઝિક તેમજ લતા મંગેશકરના ‘તેરે સુર ઔર મેરે ગીત’માં રામલાલની શેહનાઈનો કસબ ખીલી ઉઠ્યો. આ જ ફિલ્મમાં લતા - રફીનું યુગલ ગીત ‘જીવન મેં પિયા તેરા સાથ રહે’માં પ્રારંભમાં વિરહ અને ત્યારબાદ મિલનના સૂર રામલાલની શેહનાઈ કમાલ કરે છે.

કમનસીબે આવા ગુણી સંગીતકાર રામલાલના યોગદાનની વિગતો વ્યવસ્થિત રીતે સાચવવામાં નથી આવી. ■

---

## સાત્ત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# લક્ષ વગરની દોડ એ ગતિ ને લક્ષ સાથેની દોડ એ પ્રગતિ!

તારકનાથ ગાંધીએ જ્ઞાનની ગોળી ખવડાવી. ‘તમારી વાત હું યાદ રાખીશ’ કહીને હું ગુજરાતી દૈનિકનાં બીજા તંત્રીને મળવા નીકળી ગયો, જે રાજકીય વગ પણ ધરાવતાં હતાં. થાકી ગયો હતો આ બધી દોડધામથી. લક્ષ હતું પ્રમાણપત્ર. એ મળશે કે નહી એની કોઈ ગેરંટી નહોતી છતાં દોડતો રહેતો હતો. લક્ષ વગરની દોડ એ ગતિ છે અને લક્ષ સાથેની દોડ એ પ્રગતિ..... મારું લક્ષ નક્કી હતું પણ ‘પ્રગતિ’ દેખાતી નહોતી. જેને મળ્યો એ બધાએ મીઠું-મીઠું બોલી બીજા તરફ અંગુલીનિર્દેશ કરી મને ‘ખો’ જ આપી.

મીઠું બોલીને અંધારામાં રાખવા કરતાં સાચું કહી દેવું સારું, પણ એક તો રંગભૂમિમાં ઘણાં ‘હિપોક્રેટ’ છે, એમાં આ બધા પણ મને સ્પષ્ટવક્તા મળ્યાં નહીં. હવે હોટલની બાજુમાં આવેલ દૈનિક અખબારનાં પ્રેસમાં પહોંચતા વાર ન લાગે એ સહજ હતું. હું પહોંચી ગયો. તરત મને એમની કેબિનમાં બોલાવ્યો. એ પણ ‘મા.મા.લ.પા.’ જોઈ આવેલા એટલે અભિનંદન આપ્યાં, એ પણ ઉમળકાથી. એ ઉમળકાએ મારી અપેક્ષા વધારી દીધી. મેં અતઃથી ઇતિ સુધીની બધી વાતો કરી. બકુલ ત્રિપાઠી અને રજનીકુમાર પંડ્યા સાથેનાં સંબંધ સાથે જોસેફ મેકવાને કહેલ બધી વાતો માંડીને એમને કરી. એમણે રસપૂર્વક બધી વાત સાંભળી. મારી આશા બળવત્તર બની. હું ભૂલી ગયો કે ગૌતમ બુદ્ધે કહ્યું છે કે ભૂતકાળ પર ધ્યાન કેન્દ્રિત ન કરો, ભવિષ્યના સપના ન જુઓ, માત્ર વર્તમાન પર ધ્યાન રાખો... મારી વર્તમાન પળ આ તંત્રી સુધારે એવી મનમાં પ્રાર્થના કરતો રહ્યો. એમણે વિચારવામાં ઘણો સમય લીધો, કદાચ મને ચટપટી હતી એટલે એવું લાગ્યું હોય !

‘એ તંત્રીએ તમને ચોખ્ખી ના જ પાડી દીધી?’ એમણે પૂછ્યું.

‘જી. એમણે કહ્યું કે અરુચિકર વાત સમાજ સામે રજૂ ન કરી શકાય એ જવાબદારી અમને સોંપાય છે તો અમે એનું ઉલ્લંઘન ન કરી શકીએ’ મેં કહ્યું.

‘એમની આખી ટીમે નાટક જોયું પછી આ નિર્ણય લીધો ને? એમણે પૂછ્યું.

‘હા, સેન્સર કરવા માટે નાટક જોવું તો પડેને? એમણે કહ્યું પણ ખરું કે અમારી આખી ટીમ ખડખડાટ હસી હતી’ મેં કહ્યું.

‘થોડા કટ્સ કરી એ પરમિશન આપી શકે.’ એમણે કહ્યું.

‘એમનું કહેવું હતું કે કટ્સ કરવા જઈએ તો અડધું નાટક કપાય જાય...!’

એમણે એમનાં ટેબલનાં ખાનામાંથી એક ફોટો કાઢી મારી સામે મુક્યો. ફોટો જોઇને હું સ્તબ્ધ થઈ ગયો. ફોટામાં હું જે પહેલા તંત્રીને મળેલો એ ‘૮૦’નાં વર્ષની એક લોકપ્રિય અભિનેત્રીને ‘કીસ’ કરી રહ્યાં હતાં.

‘આ...આ એ જ.. જે પોતે આવું કરે છે અને તમને પ્રમાણપત્ર આપવામાં સમાજને નામે ઠાગાઠૈયા કરે છે, આવા બેવડા ધોરણ કેમ ચાલે?’ તંત્રીજીએ મને પૂછ્યું.

‘બરાબર...પણ આ એમની અંગત બાબત છે.’ મેં કહ્યું.

‘એ અંગત વાત જાહેર કરવાની છે...’ એમણે કહ્યું. હું કઈ સમજ્યો નહીં. એમણે વાત આગળ ચલાવીઃ

‘તમે મને એક કાગળ ઉપર લખી આપો કે ‘તમે કટ્સ ફોલો કરવા છતાં પ્રમાણપત્રમાં શો વધારી નથી આપતાં? નિર્માતાના પૈસા અને કલાકારોની મહેનત લાગી છે. અરુચિકર ભાગ કાઢી નાખવા છતાં દલીલ એવી કરે છે કે અડધું નાટક કપાય છે. આ અન્યાય છે. કલાને માત્ર એક આંખે જોઇને નિર્ણય લેવાય છે’ તમારા આ લખાણ સાથે આ ‘કીસ’ કરતો એમનો ફોટો છાપી લખીશ કે ‘હાથીના દાંત ચાવવાના જુદા, દેખાડવાના જુદા...’ એની હવા બંધ થઈ જશે પોતાનો આ ફોટો જોઇને...!’

હું એકીટસે એમને જોઈ રહ્યો. એમના મોં પર લુચ્ચું હાસ્ય ફરકી રહ્યું હતું. મને તારકનાથ ગાંધીનાં શબ્દો યાદ આવી ગયા, ‘આ (તંત્રી) અતિ પહોંચેલ નમૂનો છે. બધાની રગ એમનાં હાથમાં છે.’

‘આ લ્યો કાગળ અને પેન..બહુ વિચારો નહીં.’ એમણે મને ઉશ્કેર્યો.

બહુ વિચાર કરતા મને લાગ્યું કે આ મારા લખાણ પછી મને વધારે શોનું પ્રમાણપત્ર મળશે કે નહીં એની કોઈ ગેરંટી નહોતી. આ તો બે દૈનિક વચ્ચેની લડાઈ છે. એકબીજાની ટાંગ ખેચવાની તક કોઈ ન છોડે. હું નિમિત્ત બની આ કરું તો એક તંત્રી તો મારો દુશ્મન બને, છતાં અમારું ‘કામ’ થાય એ નક્કી નહીં. મને આ યોગ્ય ન લાગ્યું. ખુદથી મોટી કોઈ કોર્ટ નથી અને અંતરાત્માથી મોટો કોઈ જજ નથી. મારો માયલો આ લખાણ લખી આપવા માનતો નહોતો. મને કાગળ-પેન સાથે વિચારતો જોઈ કહે,

‘અરવિંદભાઈ, વધુ વિચારો નહીં, લખી નાખો. કાલે સવારે પહેલા જ પાના પર ફોટા સાથે છપાય જશે.’

મેં હિંમત કરીને કહી દીધુંઃ

‘નહીં, મારાથી આવું નહી થાય. તમે તમારો સમય આપ્યો માટે આભાર.’

‘આભાર માનવાથી તમારું કામ થોડું થશે...

આભાર માનવાવાળો ક્યારેય ગરીબ નથી હોતો અને ધીરજ રાખવાવાળો ક્યારેય નિષ્ફળ નથી જતો. હું સ્વાર્થી છું પણ એટલી હદે નહીં કે બીજાની અંગત જીવનની વાત ફેલાવવામાં નિમિત્ત બનું.’

આટલું કહીને હું ત્યાંથી ફટાફટ નીકળી ગયો. ૧૦માંથી એક શો તો રદ થઇ ગયેલો. બાકીના બધા શો પૂરા કર્યા. વધારે શો માટેની પરમિશન ન મળી. ગુજરાત ઘમરોળવાનું મૂકી ફરી મહારાષ્ટ્ર ઘમરોળવા મુંબઈ પાછા આવી ગયા.

એક તાજુબની વાત બની. ‘મા.મા..લ.પા’ની બીજી તારીખો લેવા હું ચર્ચગેટથી ચાલતા પાટકર હોલ તરફ જતો હતો ત્યાં મારી અડોઅડ સફેદ મારુતિ કાર આવીને ઊભી રહી. બારી ખોલી એ ભાઈએ હાથના ઇશારાથી મને બોલાવ્યો. મને કહે, તમે મને નહીં ઓળખો. હું બાબુભાઈ..... અરવિંદભાઈ, ‘મા.મા.લ.પા’. જેવા નાટક બનાવતાં રહેજો. તમારા એ નાટકની ટિકિટો બ્લેક કરી મેં આ ગાડી લીધી છે...!’

મેં વિચાર્યું કે હું ચાલતા જાઉં છું અને આ ગાડીમાં?...

ખેર...આ નસીબની બલિહારી...બીજું શું ? ■

**ડબ્બલ રિચાર્જ**

ખીમજીબાપાને કોઈએ પૂછ્યું :
‘સાળી અને ઘરવાળીમાં શું ફરક?’
ખીમજીબાપાઃ
‘જે જોડા સંભાળે એ સાળી, જે જોડાના છૂટા ઘા કરે એ ઘરવાળી.’

---

ફોકસ-નિધિ ભટ્ટ

# અભિનેત્રી વિદ્યા માલવદેઃ એ ભરપૂર ટ્રેજેડી ‘જીવી’ છે!



શાહરુખ ખાનની ફિલ્મ ‘ચક દે ઈન્ડિયા’માં જોવા મળેલી એક્ટ્રેસ વિદ્યા માલવદે ફિલ્મોમાં આવી એ પહેલાં એના જીવનમાં ઘણાં ઉતાર-ચડાવ આવ્યા છે. તેની પર્સનલ લાઇફ કોઈ ફિલ્મની સ્ટોરી જેવી જ છે.

૨૦૦૩માં તેણે ફિલ્મ ‘ઈન્તેહા’થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. ત્યારબાદ તેણે ‘કિડનેપ’, ‘નો પ્રોબ્લેમ’, ‘દસ તોલા’, ‘નામ’ અને ‘રૂસ્લાન’ જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. તે રિયાલિટી શો ‘ખતરોં કે ખિલાડી’માં પણ જોવા મળી હતી.

ફિલ્મોમાં આવતા પહેલા તેની લાઇફમાં ઘણાં ટ્વિસ્ટ્સ આવ્યા હતાં. એ વિશે વિસ્તારમાં વાત કરીએ.

વિદ્યા ઍર હોસ્ટેસ હતી અને તેણે કેપ્ટન અરવિંદ સિંહ બગ્ગા સાથે ૧૯૯૭માં લગ્ન કર્યા હતાં. તેના ખુશહાલ જીવને અણધાર્યો વળાંક લીધો જ્યારે ૨૦૦૦ની ૧૪ જુલાઈએ પ્લેન ક્રેશમાં તેના હસબન્ડનું નિધન થયું. ૨૭ની ઉંમરે વિદ્યા પર દુઃખોના પહાડ તૂટી પડ્યા. તે એટલી તો પડી ભાંગી કે તેણે આત્મહત્યા કરવાનો પણ વિચાર કર્યો હતો. જોકે મા-બાપનું વિચારીને તેણે આ પગલું ભરવાનું માંડી વાળ્યું.

તેણે મોડલિંગ કરિઅર શરૂ કરી. ત્યારબાદ તે ફિલ્મોમાં પોતાની કરિઅર બનાવવા માંડી.

**લાઇફને આપ્યો સેકન્ડ ચાન્સ**


ફિલ્મોમાં કામ કરવા દરમિયાન તેની ઓળખાણ ડિરેક્ટર સંજય દાયમા સાથે થઈ. ધીમે-ધીમે તેમની આ ઓળખ પ્રેમમાં પરિણમી અને બંને લગ્ન કરીને ઠરીઠામ થયાં. આજે વિદ્યા તેની પર્સનલ અને પ્રોફેશનલ લાઇફમાં ઘણી ખુશ છે. ■

---

## કલેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### ‘રામાયણ’નો શેરબજારમાં ‘હનુમાન કૂદકો’





ગયા અઠવાડિયે નીતેશ તિવારીની બે ભાગમાં બનનારી મેગ્નમ ઓપસ ‘રામાયણ’નો ફર્સ્ટ લૂક જાહેર થયો. આ ફર્સ્ટ લૂકે સમગ્ર દેશમાં હલચલ મચાવી દીધી છે. સોશિયલ મીડિયાએ પણ આ લૂકને બંને હાથે વધાવી લીધો છે. જોકે, ‘વાનરવૃત્તિ’ ધરાવતા અમુક સળીખોરોએ આ ઘટનાની અલગથી મજા લીધી છે. એમણે રણબીરની આ ફિલ્મ ‘ રામાયણ’ના ફર્સ્ટ લૂકની સરખામણી ‘આદિપુરુષ’ સાથે કરીને એ ફિલ્મના મેકર્સને ટ્રોલ કર્યા છે, પરંતુ અહીં વાત છે ‘રામાયણ’ ફિલ્મના મેકર્સની. આ ફિલ્મને નમિત મલ્હોત્રાની ‘પ્રાઈમ ફોકસ સ્ટુડિયો’ એ પ્રોડ્યુસ કરી છે. ત્રીજી જુલાઈએ જ્યારે આ ફર્સ્ટ લૂક જાહેર થયો ત્યારથી આ કંપનીના શેર્સ સ્ટોક માર્કેટમાં જબરો ફાયદો લઇ રહ્યા છે.

એક સમયે ‘પ્રાઈમ ફોકસ’નો શેર જે ૧૧૩.૪૭ રૂપિયાનો હતો તે પહેલી જુલાઈએ ૧૪૯.૬૯નો થયો. આ ૩૦%નો વધારો હતો અને ‘રામાયણ’ના ફર્સ્ટ લૂકના દિવસે ‘પ્રાઈમ ફોકસ’નો શેર ૧૭૬ રૂપિયાને આંબી ગયો ! . આમ શેરબજારમાં ‘રામાયણ’ ફિલ્મના મેકર્સના શેર્સએ હનુમાન કૂદકો લગાવ્યો...

તમે જાણો છો તેમ આ ‘રામાયણ’ માં રણબીર ભગવાન રામની ભૂમિકા ભજવે છે તો સાઈ પલ્લવી સીતાની. હનુમાનજીની ભૂમિકા સન્ની દેઓલ ભજવશે અને રાવણ તરીકે ‘કેજીએફ’ ફેમ યશ જોવા મળશે.

### ‘ધુરંધર’એ થાઈલેન્ડને બનાવ્યું પાકિસ્તાન




છેલ્લાં ઘણાં વર્ષોથી ભારતની ફિલ્મ ઇન્ડસ્ટ્રી પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદના વિષયો પર ફિલ્મો બનાવે છે. આ ફિલ્મોમાં પાકિસ્તાન ખરેખર લાગવું જોઈએ તે માટે અથાગ પ્રયત્નો પણ થતાં હોય છે. અત્યારસુધી મુંબઈના ફિલ્મી સ્ટુડિયોમાં નકલી પાકિસ્તાન ઊભું કરવામાં આવતું. આઉટડોર માટે ઘણી વખત લડાખના ઓપન એરિયાનો લાભ પણ પાકિસ્તાન દેખાડવા માટે કરવામાં આવ્યો છે.

જોકે, ભારતીય જાસૂસોની વાત લાવનારી આદિત્ય ધરની આગામી ફિલ્મ ‘ધુરંધર’ એ તો આખી વાર્તા જ બદલી નાખી છે. આ ફિલ્મની ટીમે ભારતમાં નહીં, પરંતુ છેક થાઇલેન્ડ જઈને નકલી પાકિસ્તાન ઊભું કરી દીધું છે...!

સાચું કહીએ તો ક્યાં થાઈલેન્ડ અને ક્યાં પાકિસ્તાન? વાત જલદી ગળે ન ઊતરે, પરંતુ ફિલ્મ સાથે જોડાયેલાં સૂત્રોનું કહેવું છે કે મેકર્સે થાઈલેન્ડમાં ઊભું કરેલું નકલી પાકિસ્તાન એકદમ અસલી લાગે એ માટે ભરપૂર પ્રયાસો કર્યા છે.

જેમણે પણ આ અઠવાડિયે ‘ધુરંધર’નું ટીઝર જોયું છે એ બધા એક અવાજે કહે છે : ‘બોસ, ફિલ્મના મેકર્સે આ નકલીને અસલી દેખાડવા ખરેખર જબરી જહેમત તો કરી જ છે!’

થાઈલેન્ડ સરકાર પોતે પણ પોતાના દેશમાં વધુને વધુ ફિલ્મો બને તે માટે લાલ જાજમ પાથરી ચૂકી છે. ‘ધુરંધર’ની ટીમના સભ્યો પણ સ્વીકારે છે કે અમે જે જે સુવિધા માગી હતી એ બધી જ થાઈલેન્ડ સરકારે ફિલ્મના શૂટિંગ દરમિયાન અમને પૂરી પાડી છે...

આજકાલ તો અહીં થાઈલેન્ડમાં માત્ર બોલિવૂડ જ નહીં, હોલિવૂડની ફિલ્મો પણ ધડાધડ શૂટ થઇ રહી છે.

### બસુનો દીપિકા પ્રત્યે ‘અનુરાગ’!



એ તો હવે જગજાહેર વાત છે કે દીપિકા પદુકોણએ સંદીપ રેડ્ડી વંગાની ‘સ્પિરિટ’ છોડી દીધી છે. આ ફિલ્મ છોડવા પાછળ દીપિકાએ કામના લાંબા કલાકોને કારણ ગણાવ્યું હતું. હાલમાં રિલીઝ થયેલી ફિલ્મ ‘મેટ્રો ઇન દિનો...’ના ડાયરેક્ટર અનુરાગ બસુ પણ દીપિકાના સમર્થનમાં આવ્યા છે. એ કહે છે કે મને ખુદને પણ લાંબા સમય સુધી શૂટ કરવું ગમતું નથી. ઘણી વાર મારા એક્ટર્સ પણ મૂંગા મોઢે પોતાનું કામ કરે છે અને મને ફરિયાદ પણ નથી કરતા....આથી એ દીપિકાની એ વાતથી સહમત છે કે શૂટિંગનો સમય અત્યંત લાંબો ન હોવો જોઈએ.

અનુરાગે એમ પણ ઉમેર્યું કે મારા કલાકાર કસબીઓ સેટ ઉપર ખુશ રહે એ વધુ ગમે છે... બસુએ તો ત્યાં સુધી કહ્યું કે એ પોતાના એક્ટર્સને શૂટિંગ શરૂ થાય તે અગાઉ એમના રોલ વિશે વધુ પડતી માહિતી આપતા નથી. આમ કરવાથી એક્ટર પોતે જાતે જ પોતાના રોલને વધુ સારી રીતે ઓળખી શકે છે અને તેને વધુ સારી રીતે નિખારે છે.

જો કે અનુરાગભાઈએ ‘સ્પિરિટ’ ફિલ્મ છોડ્યા પછી દીપિકાએ સ્ક્રિપ્ટની માહિતી સોશિયલ મીડિયામાં લીક કરી હતી એવા આરોપો અંગે ચૂપકીદી સાધી લીધી છે! ■

**કટ એન્ડ ઓકે...**

*‘દીલજિત દોસંજને ‘બોર્ડર’માંથી કાઢી મૂકવામાં આવ્યો નથી કે ન તો એને બ્લેક લિસ્ટ કરવામાં આવ્યો છે.’*

*ફિલ્મ ‘બોર્ડર’ના પ્રોડ્યુસર ટી-સિરીઝે આવો ખુલાસો કરીને એ વાતને અફવા ગણાવી છે...*




મહેશ નાણાવટી

# ગીતોનાં પિક્ચરાઈઝેશનની ચિત્ર-વિચિત્ર ‘જફા’...







ફિલ્મ ‘આરાધના’ માટે સેટ લાગ્યો છે... એક ગીતનું પિક્ચરાઈઝેશન ચાલી રહ્યું છે... બપોરથી શરૂ થયેલી શિફ્ટ રાત્રે પતી ગઈ, પણ આઠ આઠ કલાક થયા છતાં એક પણ શોટ લેવાયો નથી...

બીજા દિવસે પણ એ જ હાલ ...લાઈટો ગોઠવાય છે. રાજેશ ખન્ના અને શર્મિલા ટાગોરની મુવમેન્ટનાં રિહર્સલો ચાલતાં રહે છે એ મુજબ કેમેરા શી રીતે મુવ કરશે તેનું પણ ‘રિહર્સલ’ ચાલી રહ્યું છે... સાલી, આઠ કલાકની શિફ્ટ આજે પણ પૂરી થઈ ગઈ, છતાં એક પણ શોટ ‘ઓકે’ થયો નથી!

ત્રીજા દિવસે પણ એ જ હાલ છે... છેવટે ચોથા દિવસે એનો ‘ટેક’ શરૂ થાય છે અને થોડા રિ-ટેક પછી ફાઈનલી ‘એક’ ટેક ‘ઓકે’ થાય છે... અને લો! આખા ગીતનું પિક્ચરાઈઝેશન પૂરું થઈ ગયેલું જાહેર કરવામાં આવે છે!

જી હા, ‘આરાધના’નું એ એવરગ્રીન, મોસ્ટ રોમેન્ટિક સોંગ હતું ‘રૂપ તેરા મસ્તાના...’ તમે આજે પણ યુ-ટ્યૂબમાં જોશો તો ખ્યાલ આવશે કે આખું ગીત માત્ર એક જ શોટમાં (કેમેરા ઓન થાય અને ઑફ થાય તેની વચ્ચે જ) ચિત્રિત કરવામાં આવ્યું છે!

જોકે આજે પણ મોટાભાગના પ્રેક્ષકોને ખ્યાલ નથી આવતો કે વચમાં ‘કટ’ આવતા નથી. અહીં સવાલ એ છે કે દિગ્દર્શક શક્તિ સામંતે શા માટે આવી ચાર ચાર દિવસની ‘જફા’ વહોરી લીધી હતી?!

વાત એમ હતી કે ગીત તો સાંભળવામાં એટલું ‘કામુક’ અને ઉત્તેજક લાગે છે કે વાત ના પૂછો, પરંતુ ફિલ્મની સ્ટોરી મુજબ શક્તિ સામંત એ ગીતની સિચ્યુએશનમાં પ્રેમી અને પ્રેમિકાની કામુકતા નહીં, પણ અવઢવ, યાને કે ‘કશમકશ’ બહાર લાવવા માગતા હતા એટલે જ આ સિંગલ શોટની ડિવાઈસ પસંદ કરી હતી.

હવે ફરીથી એ ગીત યુટ્યૂબમાં જોઈને કહેજો કે શક્તિ સામંત પોતાના હેતુમાં સફળ થયા કે નહીં!

જોકે, દર વખતે કંઈ દિગ્દર્શકના એવા ‘ડીપ’ હેતુ હોતા નથી, જેમ કે મનમોહન દેસાઈ... એ તો પોતાના અજીબોગરીબ તુક્કાઓ માટે મશહૂર છે, જેમકે આ કિસ્સો છે ‘કૂલી’ ફિલ્મના ગાયન ‘એક્સિડેન્ડ હો ગયા રબ્બા રબ્બા’નો...

થયું એવું કે શૂટિંગ ચાલી રહ્યું હતું ઊટીના રમણીય લીલાછમ્મ ઢોળાવવાળા રસ્તાઓ ઉપર... અને ત્યાં મનમોહનજીને વિચાર આવ્યો કે ‘અહીં ટ્રકનો એક્સિડેન્ટ થાય છે ત્યાં રસ્તા ઉપર ઢગલાબંધ સફરજનનો વિખેરાઈ જાય છે અને એમાં હીરો-હીરોઈન ગાયન ગાતાં હશે!’

હવે છેક ઊટીમાં મસ્ત મજાનાં લાલ ચટાક કાશ્મીરી સફરજનો ક્યાંથી લાવવા? પરંતુ સાહેબો, ફિલ્મોના પ્રોડક્શન મેનેજરો આવી જ ‘ટ્રબલ શૂટિંગ’ માટે તો રાખેલા હોય છે. દેસાઈ સાહેબના પ્રોડક્શન મેનેજરે વીસ પચ્ચીસ કિલો નહીં પણ આખેઆખી ટ્રક ભરીને લાલ ચટ્ટાક સફરજનો રાતોરાત લાવીને હાજર કરી દીધાં હતાં!

આવી જ રીતે, યશ ચોપરાએ એકવાર પોતાના આખા યુનિટને ઘસઘસાટ ઊંઘમાંથી બેઠું કરી દીધું હતું! મામલો શું હતો?

મામલો એવો હતો કે ‘કભી કભી’ના શૂટિંગ માટે ‘યશરાજ ફિલ્મ્સ’નું આખું યુનિટ કાશ્મીર ગયું હતું. સાંજે પેક-અપ થયા પછી સૌ હોટલમાં જઈને પોતપોતાની રૂમોમાં લાંબી તાણીને ઊંઘી ગયા, પરંતુ બીજા દિવસે સવારે યશ ચોપરા સાહેબની નીંદર વહેલી ઊડી ગઈ. બહાર નીકળીને જુએ છે તો મસ્ત મજાનો સ્નો ચારેબાજુ છવાયેલો છે એમને થયું કે યાર, ‘કભી કભી મેરે દિલ મેં ખયાલ આતા હૈ...’ ગાયનને પિક્ચરાઈઝ કરવા માટે આ બેસ્ટ માહોલ છે! તાત્કાલિક એમણે આખા યુનિટને જગાડીને બેઠું કર્યું કે ‘ચાલો, મુઝે અભી ગાના શૂટ કરના હૈ...’ (એનું સુંદર પરિણામ તમે તમારા મોબાઈલમાં જોઈ શકો છો.)

જોકે શક્તિ સામંત પણ આવી ધૂનકીની બાબતે કંઈ ઓછા નહોતા. ‘એન ઈવનિંગ ઈન પેરિસ’નું શૂટિંગ ફ્રાન્સ- ઈટલી જેવા રમણીય દેશોમાં ચાલી રહ્યું હતું. એનું ટાઈટલ સોંગ ‘આસમાન સે આયા ફરિશ્તા’ શૂટ કરવા માટે ત્યાંના દરિયામાં બિકિની પહેરીને સર્ફિંગ કરી રહેલી વિદેશી કન્યાઓ, સ્પીડ બોટ્સ, હેલિકૉપ્ટર વગેરે મોટો તામ-ઝમાન એમણે ખાસ્સા ખર્ચ સાથે એરેન્જ કર્યો હતો. એ ગાયન તો હિટ થવાની ગેરંટી હતી, પરંતુ એ સિવાય ફિલ્મનું એક બીજું ગાયન હતું જેની સિચ્યુએશન ટિપીકલ શમ્મી કપૂરની ફિલ્મોમાં હોય છે એવી માત્ર એક જ વાક્યની હતી: ‘ હીરો હીરોઈનને છેડે છે...’

હવે ફિલ્મની શરૂઆતમાં જ શમ્મી કપૂરને હેલિકૉપ્ટર વડે હીરોઈનની પાછળ પડતો બતાડી દીધો, પછી આગળ જતાં વળી (યાને કે હીરોઈનની ઉપર ‘ઝૂલતો ’) શું નવી તિકડમ લાવવી એ શક્તિદાને કોઈ અંદાજ નહોતો. જોકે, રેકોર્ડ થઈ ચૂક્યું ગાયન તૈયાર હતું, પરંતુ ઈટાલીમાં જ્યારે એમણે નાનકડાં રંગબિરંગી સ્કૂટરો જોયાં ત્યારે વિચાર આવ્યો કે શમ્મી કપૂર ડઝનબંધ સ્કૂટરસવાર યુવાનો સાથે શર્મિલા ટાગોરના સ્કૂટરનો પીછો કરતાં કરતાં આ ગાયન ગાશે! આમાં લોચો એટલો જ થયો કે શર્મિલાજીને સ્કૂટર ચલાવતાં બરોબર ફાવ્યું નહીં તો શક્તિદાએ સિચ્યુએશન એવી વિચારી કાઢી કે શમ્મી કપૂરને જલાવવા માટે શર્મિલા કોમેડિયન રાજેન્દ્રનાથના સ્કૂટરની પાછળ બેસી ગયાં છે... લો, આવી જાવ!

૧૯૬૭માં જ્યારે આ ફિલ્મ રિલીઝ થઈ ત્યારે ભારતમાં તો સ્કૂટરોનો જમાનો જ નહોતો એટલે પરદા ઉપર આ ગાયન જોવાનો લોકોને જલસો પડી ગયેલો !

અચ્છા, આ તો બધા પ્રોડક્શનને લગતા કિસ્સા થયા પણ એક ગાયન એવું છે જેમાં એક માત્ર ‘ઝૂમ લેન્સ’ના કમાલ છે! ‘અનહોની’ ફિલ્મ આવી ૧૯૭૩માં. એ સમયે ભારતમાં ઝૂમ લેન્સ નવા નવા આવેલા. એ પહેલાં જો કેમેરાને અભિનેતાની નજીક લઈ જવો હોય તો ટ્રોલી ઉપર ગોઠવીને સરકાવવો પડતો હતો, પરંતુ ઝૂમ લેન્સ વડે લેન્સની રીંગને ગોળ ફેરવવાથી જ એ કામ થઈ જવા લાગ્યું.

વિદેશમાં તો ઝૂમ લેન્સ વડે સેંકડો ફિલ્મો બની ચૂકી હતી પણ ‘અનહોની’ ફિલ્મમાં ‘હંગામા હો ગયા..’ વાળા ગાયનમાં દિગ્દર્શક રવિ ટંડને એ ઝૂમ લેન્સને જ ઝડપી તાલબદ્ધ લયમાં ઝૂમ-ઈન.. ઝૂમ-આઉટ કરીને ખુદ કેમેરાને જ ‘નાચતો’ કરી દીધો હતો! (જોજો તમારા મોબાઈલમાં, ગાયનના પહેલા અંતરા પછીના ભાગ.)

ટેક્નોલોજીનો આવો અવળચંડો છતાં ‘યુનિક’ ઉપયોગ ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જ થઈ શકે! શું કહો છો! ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

આ ફિલ્મોમાં કયા ત્રણ હીરો છે?

૧) ત્રિદેવ
૨) આવારા પાગલ દીવાના
૩) વક્ત (૧૯૬૫)
૪) અમર અકબર એન્થોની
૫) ખતરો કે ખિલાડી
૬) ઝીંદગી ના મિલેગી દોબારા
૭) બ્લફ માસ્ટર (૨૦૦૫)

## ક્વિઝ (બ)

આ ગીતો કયા હાસ્ય કલાકાર પર ફિલ્માવવામાં આવ્યું છે અને કઈ ફિલ્મનું છે એ જાણો છો?

૧) જાને કહા મેરા જીગર ગયાજી અભી અભી યહી
૨) ભોલી સુરત દિલ કે ખોટે નામ બડે ઔર દર્શન છોટે
૩) ના બીવી- ના બચ્ચાં -ના બાપ બડા ના ભૈયા...
૪) મેરે પિયા ગયે રંગુન કિયા હૈ વહા સે ટેલિફોન
૫) મમ્મી ઓ મમ્મી તુ કબ સાસ બનેગી કબ કબ મેરી
૬) ઉર્મિલા ઔર કરિશ્મા કા યાર બનુગા કાજલ સે
૭) બડે મિયાં દીવાને ઐસે ના બનો હસીના ક્યાં ચાહે...

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# મધ્યાંતર પછી હવે શું?

## આ રહી, ૨૦૨૫ના બાકીના છ મહિનાની ઝલક!

*દર વર્ષની જેમ જ ફરી પાછો પરંપરા મુજબ એ સમય આવી ગયો છે. ૨૦૨૫ના વર્ષના છ મહિના પૂરા થઈ ગયા છે અને બાકીના છ મહિનાનો મનોરંજનનો થાળ હજુ દર્શકોએ માણવાનો બાકી છે. વર્ષની શરૂઆતમાં પ્રથમ છ મહિનાની અમુક મહત્ત્વાકાંક્ષી ફિલ્મ્સની યાદી આપણે જોઈ હતી. (ઓટીટી પ્લેટફોર્મ્સ પર રિલીઝ થતી વેબ સિરીઝનો અહીં સમાવેશ નથી કરી રહ્યા કેમ કે તેમાંની મોટાભાગની સિરીઝની રિલીઝ ડેટ રિલીઝના થોડા સમય પહેલાં જ જાહેર કરવામાં આવે છે.)*


*હવે સમય છે બાકીના છ મહિનાની યાદી તરફ નજર કરવાનો. લેટ્સ સ્ટાર્ટ!*

### સૈયારા (૧૮ જુલાઈ)

સફળ લવ સ્ટોરીઝ બનાવવા માટે જાણીતા દિગ્દર્શક મોહિત સુરીની આ ફિલ્મ એણે ‘યશરાજ ફિલ્મ્સ’ સાથે મળીને બનાવી છે. નવા એક્ટર્સ સાથેની આ ફિલ્મમાં પણ એની દરેક ફિલ્મની રોમેન્ટિક ફીલ અને મસ્ત મ્યુઝિકની હાજરી જણાઈ રહી છે. આખી ફિલ્મ એવી જ નીકળે છે કે કેમ એ જોવું રહ્યું.

ડિરેક્ટર: મોહિત સુરી
કાસ્ટ: અહાન પાંડે, અનીત પદ્દા




### સુપરમેન (૧૧ જુલાઈ)

જેમ્સ ગન એટલે માર્વેલ સિનેમેટિક યુનિવર્સની ગાર્ડિયન્સ સિરીઝના ડિરેક્ટર. માર્વેલના રાઈવલ સ્ટુડિયો ડીસીના સર્વેસર્વા બન્યા પછીની આ ડિરેક્ટર તરીકેની એની પ્રથમ ફિલ્મ છે. ‘સુપરમેન’ ફિલ્મ અનેક વખત રિબુટ થઈ ચૂકી છે, પણ આ ફિલ્મમાં એક ફ્રેશનેસ દેખાઈ આવે છે અને ટ્રેલર પરથી દર્શકોમાં પણ જે બઝ જોવા મળી રહ્યો છે એ મુજબ જોઈએ આ ફિલ્મ ખરી ઊતરે છે કે નહીં.

ડિરેક્ટર: જેમ્સ ગન
કાસ્ટ: ડેવિડ કોરનસ્વેટ, રેચલ બ્રોસ્નાહન, નિકોલસ હોલ્ટ




### ધ ફેન્ટાસ્ટિક ફોર: ફર્સ્ટ સ્ટેપ્સ (૨૫ જુલાઈ)

માર્વેલની એવેન્જર્સ ફિલ્મ્સ ખાસ્સી લોકપ્રિય હોય છે. તેની આવનારા બે વર્ષમાં રિલીઝ થનારી બે એવેન્જર્સ ફિલ્મ્સની પહેલાં રિલીઝ થનારી ‘ધ ફેન્ટાસ્ટિક ફોર: ફર્સ્ટ સ્ટેપ્સ’ માટે પણ તેના હાર્ડકોર ફેન્સમાં વાર્તાની સાતત્યતાના કારણે ભારે ક્રેઝ છે. જોઈએ આ ફિલ્મ માર્વેલ માટે ટંકશાળ પાડે છે કે નહીં!

ડિરેક્ટર: મેટ શેકમેન
કાસ્ટ: પેદ્રો પાસ્કલ, વેનેસા કર્બી, જોસેફ કવીન

### ઈડન (૨૨ ઓગસ્ટ)

ગયા વર્ષે પ્રખ્યાત ફિલ્મ ફેસ્ટિવલ TIFFમાં રિલીઝ થયેલી આ સર્વાઇવલ ડ્રામા ફિલ્મમાં ડાર્કનેસ, થ્રિલ, સસ્પેન્સનો ભરપૂર મસાલો છે. પ્રભાવશાળી એક્ટર્સના સમૂહવાળી આ ફિલ્મ વાસ્તવિક ઘટના પર આધારિત છે. ફિલ્મની રિલીઝ પહેલાં જામેલી ચર્ચા ફિલ્મ પછી પણ જળવાઈ રહેશે કે એ તો સમય જ કહેશે.

ડિરેક્ટર: રોન હાવર્ડ
કાસ્ટ: જ્યુડ લો, અના દે અર્માસ, વેનેસા કર્બી, સિડની સ્વીની





### થમા (૧૭ ઓક્ટોબર)

મેડોક ફિલ્મ્સના સુપરનેચરલ યુનિવર્સની ફિલ્મ્સ ભારતીય દર્શકો માટે એક પોતાના યુનિવર્સની હોવાની લાગણી અપાવે છે. આગળનાં વર્ષોની આવનારી ફિલ્મ્સની આખી સ્લેટ જાહેર કર્યા પછી દર્શકોમાં સ્વાભાવિકપણે જ ‘થમા’ માટે ઉત્સુકતા હોવાની. વેમ્પાયર આધારિત આ ફિલ્મ પણ દર્શકોને હસાવી અને ગભરાવી જાણે છે કે નહીં, એ જોવું રસપ્રદ રહેશે.

ડિરેક્ટર: આદિત્ય સર્પોટદાર
કાસ્ટ: આયુષ્માન ખુરાના, રશ્મિકા મંદાના, પરેશ રાવલ




### તેરે ઈશ્ક મેં (૨૮ નવેમ્બર)

૨૦૧૩માં આવેલી ‘રાંઝણા’ની આ સિક્વલ ફિલ્મ છે, પણ આ સિક્વલ સ્પિરિચ્યુઅલ સિક્વલ છે મતલબ કે ફિલ્મની વાર્તા આગળ નથી વધતી, પણ થીમ એક છે. બે મુખ્ય પાત્રની ઝલક દેખાડતા જે બે ટિઝર વીડિયો રજૂ થયાં છે એ બહુ જ મજેદાર છે. જો તમે ‘રાંઝણા’ના ફેન છો તો તમને આ ફિલ્મ પણ ગમશે તેવી આશા રાખી શકાય!

ડિરેક્ટર: આનંદ એલ. રાય, કાસ્ટ: ધનુષ, ક્રીતિ સેનન

### એવેટાર: ફાયર એન્ડ એશ (૧૯ ડિસેમ્બર)

જેમ્સ કેમરોનની ‘એવેટાર’ ફ્રેન્ચાઈઝની આ ત્રીજી ફિલ્મ પણ ફાઈનલી આ વર્ષે રિલીઝ થશે. બીજી ફિલ્મ એક હૂક પોઇન્ટ સાથે પૂરી થઈ હતી. ત્રીજી ફિલ્મમાં પણ પેન્ડોરા ગ્રહની એ ખૂબસૂરત દુનિયામાં ટેક્નોલોજી હેવી એક્શનનો ડોઝ માણવા દર્શકો સમયસર તૈયાર રહેવાના જ.

ડિરેક્ટર: જેમ્સ કેમરોન
કાસ્ટ: સેમ વર્થીન્ગટન, ઝોઈ સેલ્ડાના, સીગર્ની વિવર




### ભારતીય ફિલ્મ્સ

અક્ષય-અર્શદની ‘જોલી એલએલબી ૩’, વાયઆરએફ સ્પાય યુનિવર્સની ‘વૉર ૨’, વધુ એક મિલિટરી ઓપરેશનની કહાની એટલે ‘અક્ષરધામ: ઓપરેશન વજ્ર શક્તિ’, રાજકુમાર રાવની મસાલા ફિલ્મ ‘માલિક’, અનુપમ ખેર દિગ્દર્શિત ઓટિઝમ પર આધારિત ‘તન્વી: ધ ગ્રેટ’, સિદ્ધાંત-તૃપ્તિની ‘ધડક ૨’, પરમવીર ચક્ર વિજેતા અરુણ ખેત્રપાલ પર આધારિત ‘ઈક્કીસ’.




### આલ્ફા (૨૫ ડિસેમ્બર)

ભારતીય સિનેમાનું અન્ય એક યુનિવર્સ એટલે વાયઆરએફ સ્પાય યુનિવર્સ. ટાઇગર, પઠાણ અને કબીરના મેલ સ્પાયની ફિલ્મ્સ પછી આ યુનિવર્સમાં પ્રવેશ થઈ રહ્યો છે ફિમેલ સ્પાયનો. એક્શન અને સ્ટાઈલથી ભરપૂર સ્પાય ફિલ્મ ભારતીય દર્શકોને મોટાભાગે હજુ સુધી તો ગમી જ છે. જોઈએ, આ ફિલ્મને પણ દર્શકો વધાવે છે કે નહીં.

ડિરેક્ટર: શિવ રવૈલ. કાસ્ટ: આલિયા ભટ્ટ, શર્વરી વાઘ, બોબી દેઓલ

### અમેરિકન ફિલ્મ્સ

ડિઝનીની સફળ ફિલ્મ ‘વિકેડ’ની સિક્વલ ‘વિકેડ: પાર્ટ ૨’, જ્યુરાસિક ફ્રેન્ચાઈઝની વધુ એક ફિલ્મ ‘જ્યુરાસિક વર્લ્ડ: રીબર્થ’, જ્હોન સીના, ઈદ્રીસ એલ્બા, પ્રિયંકા ચોપરા અભિનીત એક્શન કોમેડી ‘હેડ્સ ઓફ સ્ટેટ’, એનીમેડ ફિલ્મ ફ્રેન્ચાઈઝ સ્મર્ફની રિબુટ ફિલ્મ ‘સ્મર્ફ્સ’, સ્કારલેટ જોહાન્સન અભિનીત ફેમિલી ડ્રામા ‘માય મધર્સ વેડિંગ’, સુપરહીરો ફિલ્મ્સ પર સટાયર કરતી ‘ધ ટોક્સિક એવેન્જર’, પોપ્યુલર મેજીક ફિલ્મ ફ્રેન્ચાઈઝની આગામી ફિલ્મ ‘નાઉ યુ સી મી: નાઉ યુ ડોન્ટ’.

આમ તો આ વર્ષની બધી જ જણાતી મહત્ત્વાકાંક્ષી ફિલ્મ્સ વિશે અહીં વાત કરવા બેસીએ તો પણ યાદી પૂરી ન થાય એટલાં રસપ્રદ નામો હોવાના એટલે બાકીની ફિલ્મ્સને ફક્ત અહીં નોંધીને મનોરંજનની ભૂખ વધારીએ!

### લાસ્ટ શોટ

*‘થમા’ ફિલ્મનું નામ પહેલાં ‘વેમ્પાયર્સ ઓફ વિજયનગર’ રાખવામાં આવ્યું હતું.*

# ગુરુગ્રામમાં ભારે વરસાદ પછી ઘરેથી કામ કરવાની છૂટ અપાઈ

ગુરુગ્રામ (હરિયાણા) : બુધવારે મુશળધાર વરસાદને લીધે જનવ્યવહાર અને ટ્રાફિક ખોરવાઈ ગયો તથા ગગનચુંબી મકાનો ધરાવતું શહેર જળબંબાકાર થયું. આને પગલે કોર્પોરેટ ઑફિસો અને ખાનગી સંસ્થાએ તેમના કર્મચારીને ઘરેથી કામ કરવાની સલાહ આપી હતી.

બુધવારે રાત્રે સાત વાગ્યે વરસાદ પડવાનું શરૂ થયું હતું અને વરસાદ મોડી રાત સુધી ચાલુ હતો. આને લીધે ટ્રાફિકજામ થયો હતો જે ગુરુવારના પરોઢિયા સુધી ચાલુ રહ્યો હતો.

ગુરુગ્રામની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ બહાર પાડેલી માર્ગદર્શિકા પ્રમાણે ગુરુગ્રામમાં ગુરુવારે સવારે સાત વાગ્યે પૂરા થયેલા ૧૨ કલાકના સમયગાળામાં ૧૩૩ મિલીમીટર વરસાદ પડ્યો હતો. આમાં બુધવારે રાતના સાડાસાત વાગ્યાથી રાતના નવ વાગ્યા સુધી જોરદાર વરસાદનો દોર જોવા મળ્યો હતો, જેમાં ૧૦૩ મિલીમીટર જેટલો વરસાદ પડ્યો.

ભારતીય હવામાન ખાતાએ ગુરુગ્રામ માટે ઓરેન્જ એલર્ટ બહાર પાડી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા બધી કોર્પોરેટ ઑફિસ અને ખાનગી સંસ્થાઓને તેમના કર્મચારીને ૧૦ જુલાઈએ ઘરેથી કામ કરવાની છૂટ આપવાની સલાહ આપવામાં આવે છે. આને લીધે ટ્રાફિક જામને ટાળી શકાશે.

બુધવારે સાંજે વરસાદે ગુરુગ્રામને થંભાવી દીધું હતું. રોડ અને અનેક રહેણાંક વિસ્તારો જળબંબાકાર થઈ ગયા હતા અને ટ્રાફિક ખોરવાઈ ગયો હતો.

વરસાદને લીધે નરસિંહપુરનો દિલ્હી-ગુરુગ્રામ એક્સપ્રેસવેનો પટ્ટો અને બસઈ નજીકનાં સ્થળો અને ગોલ્ફ કોર્સ એક્સટેન્શન રોડ પાણી-પાણી થઈ ગયા હતા.

પાર્કિંગ લોટ સામેનો રાજીવ ચોકનો રોડ. શીતલા માતા રોડ, સદર બજાર, અફ્ઝા રોડ અને નજીકની કોલોનીના રોડમાં પાણી ભરાઈ ગયું હતું.

બસઈ ચોક. ખંડસા, સંજય ગ્રામ ચોક. સોહના રોડ, સુભાષ ચોક, અને સેક્ટર ૩૦,૩૧, ૪૦, ૪૫, ૫૧, ૨૨, ૨૩, ૪, ૫, ૧૨,૧૩ અને ૪૮ જળબંબાકાર થઈ ગયા હતા.

બુધવારે રાત્રે નેશનલ હાઈવે ૪૮ પર નરસિંહપુરથી દિલ્હીના રાજોકરી સુધી સાતથી આઠ કિલોમીટરની વાહનોની લાઈન લાગી હતી.

સુભાષ ચોકમાં ૨.૫ ફૂટ પાણી ભરાયાં હતાં અને લોકો રાતના બે વાગ્યા સુધી જામમાં ફસાયેલા રહ્યા હતા.

ગુરુગ્રામ ટ્રાફિક પોલીસે ચેતવણી આપી હતી કે ટ્રાફિક ગોકળગાયની ગતિએ ચાલશે. ગઈ રાત્રે પડેલા ભારે વરસાદને લીધે અનેક સ્થાનો જળબંબાકાર થયા હતા. ટ્રાફિક જામ અને મુવમેન્ટમાં વિક્ષેપનો સામાન્ય કરતાં વધુ સમય લાગશે.

પડોશના પંજાબમાં અમૃતસર, લુધિયાણા, પતિયાળા, ફરિદકોટ , મોહાલી અને ફતેહગઢ સાહિબમાં પણ વરસાદ પડ્યો હતો.

બન્ને રાજયની સામાન્ય રાજધાની ચંડીગઢમાં પણ વરસાદ પડ્યો હતો. વરસાદને લીધે ગરમીમાંથી થોડી રાહત મળી હતી. ■



**ખાડો પડ્યોઃ** ગુરુગ્રામમાં દ્વારકા એક્સપ્રેસવેની નજીકના રસ્તામાં ભારે વરસાદને લીધે પડેલા ખાડામાં પડેલી દારૂથી ભરેલી ટ્રક. (પીટીઆઈ)

# છત્તીસગઢના ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશનના કામની કેન્દ્ર દ્વારા પ્રશંસા

રાયપુરઃ કેન્દ્રના ખાણ મંત્રાલયે છત્તીસગઢ દ્વારા ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન હેઠળ હાથ ધરાયેલા કામની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે છત્તીસગઢ સરકાર ખાણકામ (ખનન)થી અસરગ્રસ્ત વિસ્તારોમાંના લોકોના જીવનનિર્વાહમાં મદદરૂપ થવા, આંતરિક માળખાના વિકાસમાં, પીવાના પાણીનો પુરવઠો પૂરો પાડવા, આરોગ્ય સંભાળ અને શિક્ષણ ક્ષેત્રે સહાય કરવા નોંધપાત્ર કામગીરી કરી રહી છે.

કેન્દ્ર સરકારે અહીં બહાર પાડેલી યાદીમાં જણાવ્યું હતું કે છત્તીસગઢ સરકારે ખનિજના ખનનથી અસરગ્રસ્ત વિસ્તારો માટે રૂપિયા ૧૬,૫૦૬ કરોડના ૧,૦૧,૩૧૩ પ્રૉજેક્ટને મંજૂરી આપી હતી અને તેમાંના ૭૦,૩૧૮ પ્રકલ્પ સફળતાપૂર્વક પૂરા કરાયા હતા. નેશનલ ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશનની નવી દિલ્હીમાં યોજાયેલી એક દિવસની કાર્યશાળામાં કેન્દ્રના કોલસા અને ખાણ વિભાગના પ્રધાન જી. કૃષ્ણ રેડ્ડીએ છત્તીસગઢના મુખ્ય સચિવ અને ખનિજ સંપત્તિ વિભાગના સચિવ પી. દયાનંદને પ્રશંસાપત્ર એનાયત કર્યું હતું.

ખાણ મંત્રાલય નેશનલ ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન પોર્ટલમાંની વડા પ્રધાનની મિનરલ એરિયા વેલફેર સ્કીમ હેઠળ દરેક રાજ્યની સંબંધિત માહિતી ભેગી કરી રાખે છે. (એજન્સી)■

# વડોદરામાં પુલ તૂટી પડવાની ઘટનાને લઈને ખડગેના પ્રહારો, કહ્યું- 'ભાજપનું નેતૃત્વ ફક્ત ભાષણ અને જાહેરખબરોમાં વ્યસ્ત'

નવી દિલ્હીઃ કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ગુરુવારે ગુજરાતના વડોદરામાં પુલ તૂટી પડવાની ઘટનાનો ઉલ્લેખ કરીને આરોપ લગાવ્યો હતો કે ભાજપનું નેતૃત્વ અને સરકાર ફક્ત ભાષણો અને જાહેરાતો આપવામાં વ્યસ્ત છે, તેમણે ઉદાસીનતાની બધી હદો વટાવી દીધી છે.

તેમણે એવો પણ દાવો કર્યો કે આ નેતૃત્વ સંકટ, વ્યાપક ભ્રષ્ટાચાર અને સરકાર ચલાવવાની ક્ષમતાના અભાવનું પરિણામ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે બુધવારે સવારે વડોદરામાં લગભગ ચાર દાયકા જૂના પુલનો એક ભાગ તૂટી પડતાં ૧૩ લોકોનાં મોત થયાં હતાં.

ખડગેએ 'એક્સ' પર પોસ્ટમાં લખ્યું હતું કે દેશમાં અકસ્માતો એક સામાન્ય બાબત બની ગઈ છે. ક્યારેક ટ્રેન અકસ્માત, ક્યારેક ઉદ્દઘાટન દરમિયાન પુલમાં તિરાડ પડે છે. દેશ હજુ વિમાન દુર્ઘટનામાંથી બહાર આવ્યો નથી અને ગઈકાલે ગુજરાતમાંથી પુલ તૂટી પડવાના સમાચાર આવ્યા હતા. ૧૩ નિર્દોષ લોકોના જીવ ગયા હતા.' તેમણે પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

કૉંગ્રેસ અધ્યક્ષે કહ્યું હતું કે,'સમાચાર મુજબ, ત્રણ વર્ષ પહેલા જ કહેવામાં આવ્યું હતું કે પુલ ખતરનાક પરિસ્થિતિમાં છે છતાં કંઈ કરવામાં આવ્યું ન હતું. '૨૦૨૧ પછી ગુજરાતમાં પુલ તૂટી પડવાની આ સાતમી ઘટના છે.'

તેમણે આરોપ લગાવ્યો હતો કે દેશભરમાં શાસનના નામે ફક્ત ભાષણો અને જાહેરાતોમાં વ્યસ્ત ભાજપનું નેતૃત્વ અને સરકાર ઉદાસીનતાની બધી હદો વટાવી ગઈ છે. ખડગેએ દાવો કર્યો હતો કે આ નેતૃત્વ સંકટ, વ્યાપક ભ્રષ્ટાચાર અને સરકાર ચલાવવાની ક્ષમતાનો અભાવ અને અક્ષમતાનું પરિણામ છે. તેમણે કહ્યું હતું કે 'આશા છે કે દેશના લોકો આ જોઈ રહ્યા છે અને સમય આવશે ત્યારે તેનો યોગ્ય જવાબ આપશે.' ■

# કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તન અંગે કોઈ ચર્ચા નથી : સિદ્ધારામૈયા

નવી દિલ્હી : કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારામૈયાએ ગુરુવારે એવી અટકળોને ફગાવી દીધી હતી કે તેમને પદભ્રષ્ટ કરવામાં આવી શકે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કર્ણાટકના પ્રભારી કૉંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ રણદીપ સિંહ સૂરજેવાલાએ આવા કોઈપણ પગલાને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે.

''સૂરજેવાલાએ સ્પષ્ટપણે કહ્યું છે કે નેતૃત્વમાં કોઈ ફેરફાર નથી. નેતૃત્વનો મુદ્દો ચર્ચામાં નથી. જ્યારે તેમણે આ કહ્યું, ત્યારે અટકળો શા માટે છે? તેઓ કર્ણાટકના પ્રભારી છે, અને જ્યારે તેમણે કહ્યું છે કે કોઈ અટકળો ન હોવી જોઈએ, ત્યારે મીડિયા હજુ પણ અટકળો કરી રહ્યું છે. પાર્ટીમાં આ અંગે કોઈ ચર્ચા નથી,'' એમ સિદ્ધારામૈયાએ અહીં પત્રકારોને જણાવ્યું હતું.

એમણે કહ્યું કે પાર્ટી હાઇકમાન્ડનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે. અમે તેની સાથે સંમત થયા છીએ અને ઘણી વખત તે જ વાત જણાવી છે.

સંભવિત સત્તા-વહેંચણી વ્યવસ્થા અંગેના પ્રશ્નોના જવાબમાં, સિદ્ધારામૈયાએ કહ્યું કે, ''જ્યારે સરકાર અઢી વર્ષ પૂર્ણ કરી રહી છે ત્યારે આવા મુદ્દાઓ ઉઠાવવા સ્વાભાવિક છે, પરંતુ તેનો અર્થ એ નથી કે આવી કોઈ સમજૂતી થઈ હતી. જો આવી કોઈ સમજૂતી હોત, તો મેં તાજેતરમાં એવું ન કહ્યું હોત કે હું પાંચ વર્ષ માટે મુખ્ય પ્રધાન રહીશ.''■

# પૂર્વોત્તરમાં પૂરઃ ભારતીય સેનાની રાહત કામગીરી શરૂ, ૩૮૦૦થી વધુને બચાવ્યા

ગુવાહાટીઃ ભારતીય સેનાએ પૂર્વોત્તરનાં કેટલાંક રાજ્યોમાં ભારે વરસાદ અને પૂર બાદ વિશાળ માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત(એચએડીઆર) અભિયાન શરૂ કર્યું છે. આ માહિતી ગુરુવારે જારી એક સત્તાવાર નિવેદનમાં આપવામાં આવી હતી.

સેનાએ અત્યાર સુધીમાં સમગ્ર પ્રદેશમાં ૪૦ રાહત ટુકડીઓ તૈનાત કરી છે અને કુલ ૩,૮૨૦ લોકોને બચાવ્યા છે. લશ્કરી દળોએ નાગાલેન્ડ, આસામ અને મણિપુરમાં સંકલિત તૈનાતી સાથે ઓપરેશન જલ રાહત-૨ હેઠળ કવાયત હાથ ધરી છે.

નિવેદનમાં જણાવાયું છે કે આ પ્રયાસોનું નેતૃત્વ આસામ રાઇફલ્સ(ઉત્તર)ના મુખ્યાલય મહાનિરીક્ષક દ્વારા સ્થાનિક નાગરિક વહીવટીતંત્રના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. સેનાએ ૧,૩૬૧ ફૂડ પેકેટનું વિતરણ કર્યું છે. ૧૫,૪૨૧ પાણીની બોટલો અને ૨,૦૯૫ લોકોને તબીબી સહાય પૂરી પાડી છે.

આસામમાં ગોલાઘાટમાં ધનસિરી નદીએ ભયજનક સ્તરને પાર કર્યાની સાથે જ ભારતીય સેનાએ ઉપરવાસના જિલ્લાઓમાં એચએડીઆર અભિયાન શરૂ કરી દીધું છે. તેમાં વધુમાં જણાવાયું છે કે જો કે પાણીનું સ્તર હવે ઘટી રહ્યું છે. ભારતીય સેના સ્થિતિ પર નજર રાખી રહી છે અને જરૂર પડવાની સ્થિતિમાં હસ્તક્ષેપ કરવા માટે તૈયાર છે.

નાગાલેન્ડ વિશે વાત કરતાં તેમાં જણાવાયું છે કે દિમાપુરના ડેપ્યુટી કમિશ્નરે ગુરુવારે સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાંના એક સિંગરિજન કોલોનીમાં તાત્કાલિક પૂર રાહત પ્રદાન કરવા માટે ભારતીય સેના પાસેથી મદદ માગી હતી. મણિપુરમાં ઇમ્ફાલ પશ્ચિમ અને વિષ્ણુપુર જિલ્લાઓમાંથી વહેતી નામ્બોલ નદી પણ ભયજનક સપાટીને વટાવી ગઇ છે. જો કે પૂરના પાણી ઓસરવા લાગ્યા છે, પરંતુ સેના નાગરિક અધિકારીઓની સાથે સંકલનમાં રાહત કામગીરીમાં સક્રિયપણે રોકાયેલી છે. ■

# ઇયુ અધિકારી ઉર્સુલા વોન ડેર લેયેનની સરળતાથી વિશ્વાસ મતમાં જીત

બ્રસેલ્સ : યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન ગુરુવારે અવિશ્વાસના મતમાં સરળતાથી બચી ગયા, કારણ કે યુરોપિયન યુનિયનના મોટા ભાગના કાયદા નિર્માતાઓએ તેમની સામેની નિંદા દરખાસ્તને નકારી કાઢી હતી.

આ દરખાસ્તમાં વોન ડેર લેયેન સામે વિવિધ આરોપોનો સમાવેશ થતો હતો, જેમાં કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન રસી નિર્માતા ફાઇઝરના ચીફ એક્ઝિક્યુટિવ સાથે ખાનગી રીતે ટેક્સ્ટ મેસેજિંગ, ઇયુ ભંડોળનો દુરુપયોગ અને જર્મની અને રોમાનિયામાં ચૂંટણીમાં દખલગીરીનો સમાવેશ થતો હતો.

પરંતુ ફ્રાન્સના સ્ટ્રાસબર્ગમાં યુરોપિયન સંસદમાં પૂર્ણ સત્ર દરમિયાન ૩૬૦ કાયદા નિર્માતાઓએ તેની વિરુદ્ધ મતદાન કર્યું, જેમાં ૧૭૫ લોકોએ પક્ષમાં મતદાન કર્યું અને ૧૮ લોકોએ ગેરહાજર રહેવાનું પસંદ કર્યું હતું. વોન ડેર લેયેન મતદાન માટે હાજર ન હતા.

આ મતદાન વોન ડેર લેયેન - જેમણે મહામારી દરમિયાન લગભગ ૪૫૦ મિલિયન નાગરિકો માટે રસી શોધવા માટે ઇયુ ઝુંબેશનું નેતૃત્વ કર્યું હતું - અને તેમની યુરોપિયન પીપલ્સ પાર્ટી, જે વિધાનસભામાં સૌથી મોટો રાજકીય પક્ષ છે, તેમની ટીકા માટે અળખામણો બન્યો છે.

તેમના પર પોતાના એજન્ડાને આગળ વધારવા માટે કટ્ટર જમણેરી પક્ષનો સાથ આપવાનો આરોપ પણ હતો. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| कंधेला | શિખર |
| कँगूर | ચૂડી |
| कंचुकी | કાચકામનો કારીગર |
| कंचेरा | પાલવ |
| कंगन | ચોળી |

### ઓળખાણ પડી?

સાઉથની ફિલ્મો કર્યા પછી કે. વિશ્વનાથની હિન્દી ફિલ્મમાં અનિલ કપૂરની હિરોઈન બનેલી અભિનેત્રીની ઓળખાણ પડી?

અ) અમલા  બ) ભાનુપ્રિયા  ક) વિજયા શાંતિ  ડ) સુમાલતા



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઓ | ળ | ૨ ખા | ણ | | ૩ ઘ | ૪ ર | વ | ૫ ખ | ૬ રી |
| ળ | | ત | | ૭ જ | ન | મ | | ૮ રે | સા |
| ૯ ખ | ૧૦ બ | ર | | ળ | | ત | | ૧૧ ખ | ળ |
| ૧૨ પ | રા | | ૧૩ સં | બં | ૧૪ ધ | | ૧૫ ભ | ર | |
| ૧૬ ત્ર | સ | ૧૭ કો | | ૧૮ બા | ડો | | વ | | ૧૯ આં |
| | | ૨૦ ચ | સ | કા | | ૨૧ સ | ર | પં | ચ |
| ૨૨ અ | ૨૩ ડ | વા | | ૨૪ ર | ૨૫ જા | | ણ | | |
| ૨૬ જા | ગ | વું | | | ૨૭ ત | ૨૮ સુ | | ૨૯ ખા | ૩૦ સ |
| મિ | | | ૩૧ બા | | ૩૨ ક | ભા | ૩૩ વ | | ર્વ |
| ૩૪ લ | બ | ડ | ધ | ક્કે | | ૩૫ ષ | ડ | યં | ત્ર |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

**આડી ચાવી**

૧. ગામનો વહીવટ કરતી મંડળી (૪)
૩. સ્વાગત, નમસ્કાર (૫)
૭. વધારાનું, ફાલતું, નકામું (૩)
૮. કલાઇ, બંગાળ, નમૂનો (૨)
૯. ચંદ્ર, મયંક (૩)
૧૧. રસ્તો (૩)
૧૨. તિરાડ (૨)
૧૩. લાગણીવશ (૫)
૧૪. સતામણી (૪)
૧૫. કર્ણેન્દ્રિય (૨)
૧૬. સામાન્ય, નગણ્ય (૨)
૧૭. વ્યવસ્થા કરવી તે (૪)
૧૯. આંકડો, ખોળો (૨)
૨૦. સાહેબ (૨)
૨૨. પાણીમાં થતી ભમરી (૩)
૨૩. જોરદાર, ધમધોકાર, ઝપાટબંધ (૪)
૨૫-અ. ---મસૂરિયું એટલે ઓશીકું (૨)
૨૬. પ્રકરણ, અધ્યાય (૨)
૨૭. ક્ષમતા (૨)
૨૮. ---દિમાગ કામ ના કરે (૩)
૨૯. પાણીની અંજલિ (૩)
૩૦. મેડો, મજલો (૨)

**ઊભી ચાવી**

૧. દૂધ, દહીં, ઘી, મધ, સાકરનો ભેગો પ્રસાદ (૪)
૨. એક શબ્દાલંકાર, પ્રાસ (૩)
૩. બકરો (૨)
૪. આદિવાસી (૨)
૫. ઉદ્ધત, મૂર્ખ, અસભ્ય (૩)
૬. શહેરી (૫)
૭. વહેંચણી (૪)
૧૦. પાગલપન (૪)
૧૧. બીક (૨)
૧૩. લાગણી, અનુશીલન, ચિંતન (૩)
૧૩અ. માર્ગદર્શક, ગાઇડ (૩)
૧૫. કાપવાનું ઓજાર (૩)
૧૬. મહત્તાની વાતો (૫)
૧૭. --- વાવવા એટલે કજિયા કરવા (૩)
૧૮. પારધીએ---બિછાવી (૨)
૧૯. અંદર સમાયેલું (૪)
૨૧. સ્વાદિષ્ટ વ્યંજનોનો થાળ (૪)
૨૨અ. હોઠ --- તો મોટી મહેરબાની (૩)
૨૪. ભિખારી (૩)
૨૫. હાજર કરેલું (૨) (જો. છૂ.)

### ગુજરાત મોરી મોરી રે

પ્રભુલાલ દ્વિવેદી લિખિત અને શ્રી દેશી નાટક સમાજ નિર્મિત કયા નાટક પરથી ૧૯૪૦ના દાયકામાં ગુજરાતી ફિલ્મ બની હતી ?

અ) મુળુ માણેક  બ) અશ્વમતિ  ક) વીણેલા ફૂલ  ડ) વડીલોના વાંકે

### જાણવા જેવું

'પીપલી લાઈવ' ફિલ્મમાં ટીવી જર્નલિઝમ પર ચાબખા માર્યા છે. વ્યવસ્થાતંત્ર ખેડૂતોની આત્મહત્યાના મુદ્દા પ્રત્યે કેવી બેપરવાઈ, ભાવશૂન્યતા દર્શાવે છે એના પર સર્ચ લાઈટ મારવામાં આવી છે. સાથે સાથે વધુ ટીઆરપી મેળવવા કેવા ખેલ કરવામાં આવે છે એની વરવી બાજુ પણ રજૂ થઈ છે.

### સુડોકુ-૯૦૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૮ | | | | | ૫ | |
| ૧ | ૬ | | | | ૭ | | | |
| | | ૯ | ૨ | | | | ૩ | |
| | ૫ | | | ૬ | | | | |
| ૩ | | | | | | | | ૪ |
| | | | | ૭ | | | ૯ | |
| | ૨ | | | | ૧ | ૩ | | |
| | | | ૫ | | | | ૮ | ૭ |
| | ૮ | | | | | ૨ | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૦૩૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | ૧ | ૨ | ૫ | ૪ | ૩ | ૮ | ૬ |
| ૬ | ૮ | ૨ | ૩ | ૯ | ૭ | ૧ | ૫ | ૪ |
| ૪ | ૩ | ૫ | ૧ | ૬ | ૮ | ૭ | ૯ | ૨ |
| ૮ | ૧ | ૭ | ૫ | ૩ | ૬ | ૪ | ૨ | ૯ |
| ૨ | ૬ | ૪ | ૮ | ૧ | ૯ | ૫ | ૩ | ૭ |
| ૩ | ૫ | ૯ | ૭ | ૪ | ૨ | ૮ | ૬ | ૧ |
| ૧ | ૨ | ૮ | ૬ | ૭ | ૩ | ૯ | ૪ | ૫ |
| ૫ | ૪ | ૬ | ૯ | ૮ | ૧ | ૨ | ૭ | ૩ |
| ૯ | ૭ | ૩ | ૪ | ૨ | ૫ | ૬ | ૧ | ૮ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

મોહમ્મદ રફી, કિશોર કુમાર અને મુકેશ એ ત્રણ ટોચના ગાયકોએ કઈ ફિલ્મમાં સાથે ગીત ગાયું હતું એ જાણો છો?

અ) નૌકરી  બ) ગાઈડ  ક) ઝુમરુ  ડ) અમર અકબર એન્થની

### નોંધી રાખો

તાળું ખોલવા માટે ચાવી ફેરવવી પડે છે. એ જ રીતે સફળતા મેળવવા માટે પરિશ્રમ કરવો પણ અત્યંત જરૂરી છે.

### માઈન્ડ ગેમ

માત્ર સાત જ વર્ષ હિન્દી ફિલ્મોમાં પ્રમુખ ભૂમિકા કરનારી બબીતા કઈ ફિલ્મમાં રાજેશ ખન્નાની હિરોઈન હતી એ જણાવો.

અ) ફર્ઝ  બ) અનમોલ મોતી  ક) રાઝ  ડ) ઔલાદ

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| तुंद | ફાંદ |
| तुला | ત્રાજવું |
| तूल | કપાસ |
| तृण | ઘાસ |
| तृषा | તરસ |

ઓળખાણ પડી? — ક્યા કેહના

માઈન્ડ ગેમ — પરિંદા

ચતુર આપો જવાબ માથું ખંજવાળો — બાલિકા બધુ

ગુજરાત મોરી મોરી રે — રાડો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) લજિતા ખોના (૯) પુષ્પા પટેલ (૧૦) નુતન વિપીન શાહ (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) ભાવના કર્વે (૧૫) જયવંત પદમશી ચિખલ (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) પ્રવીણ વોરા (૧૯) વિણા સંપટ (૨૦) દેવેન્દ્ર સંપટ (૨૧) અંબરીષ ઓઝા (૨૨) અંજુ ટોલિયા (૨૩) મહેશ દોશી (૨૪) અલકા વાણી - સિડની (૨૫) કિશોર બી. સંઘરાજકા (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) ડાયના સંતોકે (૨૮) શિલ્પા શ્રોફ (૨૯) પુષ્પા ખોના (૩૦) નિતિન જયંતિલાલ બજરિયા (૩૧) શીરીષ ઉદ્દેશી (૩૨) અરવિંદ કામદાર (૩૩) તાહેર ઔરંગાબાદવાલા (૩૪) શીરીન ઔરંગાબાદવાલા (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) ઈનાક્ષી દલાલ (૩૭) હિના દલાલ (૩૮) રમેશ દલાલ (૩૯) ડો પ્રકાશ કટકિયા (૪૦) ધીરેન્દ્ર મુલરાજ (૪૧) ગીતા ઉદેશી (૪૨) પ્રતિમા પમાણી (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) મહેશ દોશી

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) જેકી શ્રોફ- નસીરુદ્દીન શાહ- સની દેઓલ ૨) અક્ષય કુમાર- આફતાબ -સુનિલ શેટ્ટી ૩) સુનિલ દત્ત - રાજ કુમાર- શશી કપૂર ૪) અમિતાભ બચ્ચન- વિનોદ ખન્ના-રિશી કપૂર ૫) ધર્મેન્દ્ર-ચંકી પાંડે- સંજય દત્ત ૬) હૃતિક રોશન- ફરહાન અખ્તર- અભય દેઓલ ૭) અભિષેક બચ્ચન- રિતેશ દેશમુખ-નાના પાટેકર

**ક્વિઝ (બ)** ૧) જોની વોકર - મિસ્ટર એન્ડ મિસીસ ૫૫ ૨) ભગવાન દાદા - અલબેલા ૩ ) મેહમૂદ - સબસે બડા રૂપૈયા ૪) ગોપ - પતંગા ૫) દેવેન વર્મા - ખટ્ટા મીઠા ૬) જોની લીવર - દો નંબરી ૭) આઈ એસ જોહર - શાગીર્દ

# ગુજરાતભરનાં મંદિરો અને આશ્રમોમાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણીઃ લાખો શિષ્યોએ ગુરુચરણોમાં શીશ ઝુકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અષાઢ સુદ પૂર્ણિમા, એટલે કે ગુરુપૂર્ણિમા પર્વની સમગ્ર ગુજરાતમાં ભક્તિમય માહોલમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કચ્છ, સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતનાં મંદિરો, આશ્રમો અને ગુરુ ગાદી સ્થાનો પર વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું, જ્યાં શિષ્યોએ ગુરુનાં ચરણોમાં શ્રદ્ધાપૂર્વક શીશ ઝુકાવીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

અમદાવાદના જગન્નાથ મંદિર ખાતે પણ ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સવારથી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જગન્નાથ મંદિરે ઉમટી પડ્યા હતા અને મંદિરના મહંત દિલીપદાસજી મહારાજનું ભાવપૂર્વક ગુરુ પૂજન કર્યું હતું. બનાસકાંઠા જિલ્લામાં આવેલા શક્તિપીઠ અંબાજી ખાતે પણ ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ માતાજીનાં દર્શન માટે ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. વહેલી સવારે મંગળા આરતીના સમયથી ભાવિકોની લાંબી કતારો લાગી ગઈ હતી. પંચમહાલ જિલ્લાના યાત્રાધામ પાવાગઢ ખાતે સવારથી જ લાખોની સંખ્યામાં ભાવિકોનું ઘોડાપૂર ઉમટ્યું હતું અને માતાજીનાં ચરણોમાં શીશ નમાવીને ધન્યતા અનુભવી હતી. મહેસાણા જિલ્લામાં આવેલા તરભ શિવધામ ખાતે ગુરુપૂર્ણિમાના દિવસે ભક્તોનો અભૂતપૂર્વ ધસારો જોવા મળ્યો હતો. વાળીનાથ ધામના મહંત જયરામગિરિ બાપુના આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે હજારો ભક્તો પહોંચ્યા હતા અને મંદિર પરિસર ''જય વાળીનાથ''ના નાદથી ગૂંજી ઊઠ્યું હતું.

અમદાવાદના કાલુપુર સ્વામિનારાયણ મંદિર ખાતે પણ ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વડોદરા શહેર-જિલ્લામાં ગુરુપૂર્ણિમાની અપાર શ્રદ્ધા અને ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સવારથી જ શહેરમાં વૈષ્ણવ હવેલીઓ, સ્વામિનારાયણ મંદિરોમાં પણ ગુરુપૂર્ણિમા નિમિત્તે પાદુકા પૂજન, ભજન કીર્તન સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

ગિરનાર પર્વતની તળેટીમાં આવેલા પ્રાચીન અને પવિત્ર ભવનાથ ક્ષેત્રમાં ગુરુપૂર્ણિમા પર્વની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ગૌરક્ષનાથ આશ્રમ, ભારતી આશ્રમ, રૂદ્રેશ્વર જાગીર, અને મહાદેવપથ ભારતી આશ્રમ સહિત અનેક આશ્રમોમાં વિશેષ ધાર્મિક વિધિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. મંત્રોચ્ચાર, હવન, પૂજન, ગુરુવંદન, ગુરુચરણ સ્પર્શ, દક્ષિણા અર્પણ અને પ્રસાદ વિતરણ જેવા કાર્યક્રમો યોજાયા હતા. શિષ્યોએ ગુરુનાં ચરણોમાં ફૂલ, નાળિયેર, ફળ અને દક્ષિણા અર્પણ કરી ગુરુઓના આશીર્વાદ મેળવ્યા હતા, જ્યારે ગુરુઓએ શિષ્યોને જીવનના સાચા માર્ગનો ઉપદેશ આપ્યો. મુજકુંદ ગુફાના મહંત અને જગતગુરુ મહેન્દ્રાનંદગિરિ મહારાજના સાંનિધ્યમાં બાલાજી ધામ ખાતે પણ ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી થઈ.

સૌરાષ્ટ્રના પવિત્ર અને પ્રસિદ્ધ યાત્રાધામ એવા ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના બગદાણા ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી અને આ પવિત્ર પર્વ પર એક લાખથી વધુ ભાવિકો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. બગદાણા ખાતે દર પૂનમે ભાવિકોનો ધસારો રહેતો હોય છે, પરંતુ ગુરુપૂર્ણિમાનું વિશેષ મહત્ત્વ હોય આશરે એક લાખથી પણ વધારે ભાવિકજનોએ બાપાના ચરણોમાં શીશ નમાવ્યું હતું. રસોડા વિભાગમાં તેમજ અન્ય ચા-પાણી, દર્શન, પાર્કિંગ, સુરક્ષા જેવા વિભાગોમાં આશરે ૧૦૦ ગામોના ૪૦૦૦ ભાઈઓ, તેમજ ૨૫થી વધુ ગામોના ૨૫૦૦ ઉપરાંત બહેનોએ સેવા આપી હતી. ભાવિકોને પહોંચવા માટે રાજ્ય પરિવહન નિગમ દ્વારા ભાવનગર, તળાજા, મહુવા, પાલિતાણા ડેપો તરફથી બગદાણા સુધી વધારાના રૂટ પરથી બસો દોડાવવામાં આવી હતી. રસોડા ભોજનશાળા ખાતે શુદ્ધ ઘીના લાડુનો ૧૦૦૦ મણ પ્રસાદ સહિત ૫૦૦ મણ ગાંઠિયા, દાળ ૧૫૦ મણ,ભાત ૨૦૦ મણ, રોટલી ૨૫૦ મણ તેમજ ૫૦૦ મણ શાકભાજી તૈયાર કરવામાં આવ્યાં હતાં.

ખેડા જિલ્લામાં પણ ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રસિદ્ધ યાત્રાધામ સંતરામ મંદિર નડિયાદ, સ્વામિનારાયણ મંદિર વડતાલ અને રણછોડરાય મંદિર ડાકોરમાં સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. આ તમામ મંદિરોમાં ગુરુપૂજન, પાદુકા પૂજન સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. નડિયાદ સંતરામ મંદિરમાં મુખ્ય ગાદિપતિ રામદાસજી મહારાજના દર્શન તેમજ દિવ્ય અખંડ જ્યોતિના દર્શનનો લાભ લીધો હતો. કચ્છ જિલ્લાના રાપરના પૌરાણિક મહત્ત્વ ધરાવતા દરિયાસ્થાન મંદિર ખાતે ગુરુપૂર્ણિમા અને નવધા રામાયણ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ મંદિર સંત ત્રિકમસાહેબનું સમાધિ સ્થળ અને રવિભાણ સંપ્રદાયનું પવિત્ર ધાર્મિક સ્થળ છે.

સુરેન્દ્રનગર જિલ્લાના દુધરેજ ખાતે આવેલા વડવાળા ધામમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. સમગ્ર ભારતના રબારી અને માલધારી સમાજની ગુરુ ગાદી સ્થાન હોવાથી અહીં હજારોની સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઊમટી પડ્યા હતા. વડવાળા મંદિરના મહંત કણીરામ બાપુ દ્વારા સમાજના નાના બાળકોને કાનમાં મંત્રની ફૂંક મારી કંઠી બાંધવાની પરંપરા આજે પણ યથાવત રહી હતી. મંદિર ખાતે સંતવાણી, સમાધિ પૂજન અને ગુરુ પૂજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મહામંડલેશ્વર કણીરામ બાપુ અને કોઠારી મુકુંદ સ્વામીએ સૌને ગુરુપૂર્ણિમાની શુભેચ્છા પાઠવી ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મની જાળવણી, ગૌરક્ષા અને ભારતીય સંસ્કૃતિની જાળવણીનો સંદેશ આપ્યો હતો.

જૂનાગઢ જિલ્લાના પરબ વાવડી ખાતે આવેલા સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાધામ પરબધામ ખાતે પણ ગુરુપૂર્ણિમાના પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંદિર ખાતે સવારે ૬ કલાકે ગણપતિ પૂજન તેમજ સંતોની સમાધિઓની આરતી કરવામાં આવી હતી. સવારે ૧૦ કલાકે સદ્ગુરુ પાદુકા પૂજન તેમજ સવારે ૧૦:૩૦ કલાકે દેવી-દેવતાઓને થાળ અર્પણ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સવારે ૧૧ કલાકથી તમામ ભાવિક ભક્તો માટે મહાપ્રસાદની શરૂઆત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે રાત્રે ૯ કલાકે ક્ષીર સાગર પૂજન તેમજ હિન્દુ મુસ્લિમ એકતાના પ્રતીક સમાન જગ્યા ખાતે સૂફી ગઝલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

બોટાદના પાળિયાદ ખાતે વિસામણબાપુની જગ્યામાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સવારે ૧૧:૦૦ કલાકે વિસામણબાપુની ચરણપાદુકાનું પૂજન જગ્યાના મહંત નિર્મળાબાના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. તેમજ ત્યારબાદ ધ્વજાપૂજન અને ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત ગોંડલના બાંદરા ગામ ખાતે ઉગારામ બાપાની જગ્યા, વીરપુરમાં સંત જલારામ બાપાની જગ્યા, અમરેલીના ચલાલામાં દાન મહારાજની જગ્યા તેમજ વિસાવદરમાં આપા ગિગાની જગ્યા સતાધાર ખાતે પણ ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ■

# ગુજરાત સરકાર શાળાના બાળકોને ₹ ૨૯.૪૫ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ કિટ અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં બાળકો માટે રમત-ગમતના વિવિધ સાધનો સાથેની કુલ ૩૪,૪૮૩ સ્પોર્ટ્સ કિટ આપવામાં આવશે. કુલ રૂ. ૨૯.૪૫ કરોડથી વધુના ખર્ચે આપવામાં આવનાર આ સ્પોર્ટ્સ કિટમાં બાળકો માટે ૩૦ પ્રકારના રમત-ગમતના સાધાનો આપવામાં આવશે. રાજ્ય સરકારના નિર્ણય અનુસાર આ સ્પોર્ટ્સ કિટ શાળા દીઠ તૈયાર કરી, રાજ્યના દરેક જિલ્લામાં ક્લસ્ટર કક્ષા સુધી વિતરણ કરવામાં આવશે. જેમાં ઝોન-૧માં અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, ઝોન-૨માં અમદાવાદ, અમદાવાદ મહાનગરપાલિકા, બોટાદ, કચ્છ, ખેડા, મોરબી, સુરેન્દ્રનગર, ઝોન-૩માં અમરેલી, ભાવનગર, દેવભૂમિ દ્વારકા, ગીરસોમનાથ, જામનગર, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ, રાજકોટ મહાનગરપાલિકા, ઝોન-૪માં આણંદ, છોટા-ઉદેપુર, દાહોદ, ગાંધીનગર, મહીસાગર, પંચમહાલ તેમજ ઝોન-૫માં ભરૂચ, નર્મદા, નવસારી, સુરત, સુરત મહાનગરપાલિકા, તાપી, ડાંગ, વડોદરા, વડોદરા મહાનગરપાલિકા અને વલસાડ જિલ્લામાં મળીને કુલ ૩૪,૪૦૦થી વધુ સ્પોર્ટ્સ કિટો ફાળવવામાં આવશે.

સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી દ્વારા વર્ષ-૨૦૨૨માં તમામ સરકારી સ્કૂલોને સ્પોર્ટ્સના સાધનો ખરીદવા માટે ગ્રાન્ટ આપવામાં આવતી હતી. આ વખતે સરકારી શાળાઓમાં સીધી સ્પોર્ટ્સ કિટ જ આપવામાં આવશે.

વિદ્યાર્થીઓને આપવામાં આવનાર સ્પોર્ટ્સ કિટમાં કેરમ બોર્ડ, અલગ અલગ સાઈઝના ક્રિકેટ બેટ, બેડમિન્ટન, શટલ કોક, ફૂટબોલ, વોલીબોલ, હેન્ડબોલ, ડિસ્કસ, શોટ પુટ રબર, જ્વેલીન, ચેસ સેટ, સ્કિપિંગ રોપ, હર્ડલ સેટ, માર્કિંગ કોન્સ સેટ, રિલે બેટન સેટ, સોસર કોન્સ સેટ, ટેની કોઈટ, ક્રિકેટ સ્ટમ્પ સેટ, ટેનિસ બોલ સોફ્ટ, ટેનિસ બોલ હાર્ડ, સ્ટોપ વોચ તેમજ એર હેન્ડ પંપનો સમાવેશ કરવામાં આવ્યો છે. ■

# ટ્રાઈ ઓડિટમાં અમદાવાદમાં ઈન્ટરનેટ સ્પીડ, કૉલ ગુણવત્તામાં મોટી ખામીઓ સામે આવી

અમદાવાદઃ ગુજરાતનું કોમર્સિયલ કેપિટલ કહેવાતું અમદાવાદ ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને શહેરી વિકાસને ઝડપથી અપનાવી રહી છે. અમદાવાદના તમામ વિસ્તારોમાં ઈન્ટરનેટની સારી સ્પીડ આવે છે કે નહીં તે અંગે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઑફ ઇન્ડિયા(ટ્રાઈ)એ ઓડિટ કર્યું હતું. જેના રિપોર્ટમાં અનેક મોટી ખામી સામે આવી હતી. ટ્રાઈ દ્વારા શહેરના મુખ્ય વિસ્તારોમાં હાથ ધરવામાં આવેલા ઓડિટમાં અમદાવાદમાં આઈઆઈએમ અમદાવાદના મુખ્ય ગેટ પર મોબાઇલ ઇન્ટરનેટની સૌથી વધુ સ્પીડ ૬૭૪ એમબીપીએસ નોંધાઈ હતી.

જોકે, થોડા કિલોમીટર દૂર તેમાં નાટકીય બદલાવ જોવા મળ્યો હતો. આઈઆઈએમ કેમ્પસથી ૭.૫ કિમી દૂર આરટીઓ સર્કલ પર આ સ્પીડ લગભગ અડધી એટલે કે ૩૩૪ એમબીપીએસ થઈ ગઈ હતી. સાબરમતી રિવરફ્રન્ટ પર સ્પીડ થોડી સારી હતી, જે ૩૬૨ એમબીપીએસ હતી. રાણીપ બસ ટર્મિનલ જેવા વધુ ભીડવાળા વિસ્તારોમાં મોટાભાગના ઇન્ટરનેટ સેવા પ્રદાતાઓ ૧૦૦ એમબીપીએસને પાર કરવા માટે પણ સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. ઇસ્કોન મંદિર નજીક પરિસ્થિતિ વધુ ખરાબ હતી, જ્યાં કેટલાક સેવા પ્રદાતાઓ દ્વારા કેટલીક સ્પીડ ૩૦ એમબીપીએસથી પણ ઓછી હતી, જ્યારે એક તો ૧ એમબીપીએસને પણ પાર કરી શક્યું નહોતું. લો ગાર્ડનમાં આ સ્પીડ ૫૦ એમબીપીએસથી લઈને પાંચ એમબીપીએસથી પણ ઓછી હતી.

ટ્રાઈ દ્વારા હાથ ધરવામાં આવેલો સ્વતંત્ર ડ્રાઇવ ટેસ્ટ રિપોર્ટ મે મહિનાની શરૂઆતમાં પૂર્ણ થયો હતો અને તેના તારણો તાજેતરમાં જાહેર કરવામાં આવ્યા હતા. જોકે, મોટાભાગના ટેલિકોમ ઑપરેટરો હવે આ ખામીઓને દૂર કરવા માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચરને ઝડપથી અપગ્રેડ કરી રહ્યા છે અને નેટવર્કને મજબૂત કરવા માટે મોટું રોકાણ કરી રહ્યા છે.

અપલોડ સ્પીડની બાબતમાં પણ આટલો જ મોટો તફાવત હતો. કેટલાક વિસ્તારોમાં, અપલોડ સ્પીડ બે એમબીપીએસથી નીચે આવી ગઈ હતી. જે ક્લાઉડ બેકઅપ્સ, વીડિયો અપલોડ્સ અને કન્ટેન્ટ શેરિંગના યુગમાં એક ગંભીર ખામી છે.

શહેરી રસ્તાઓ, રેલવે વિસ્તારો અને જાહેર હોટસ્પોટ્સ પર લગભગ ૧૦૦ ટકા કોલ સેટઅપ અને ઝીરો ડ્રોપ જોવા મળ્યો હતો. ઓડિટમાં શહેરી વિસ્તારોમાં ૩.૬૬ ટકા જેટલો ઉચ્ચ કોલ ડ્રોપ દર નોંધાયો હતો. જે ટ્રાઈની ૨ ટકા મર્યાદા કરતાં વધી ગયો હતો. ■

# સરદાર સરોવર ડેમ ૪૯.૨૭ ટકા ભરાયો

## ૬૧ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં ભારે પવન અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદની આગાહી કરવામાં આવી હતી. રાજ્યમાં આજથી વરસાદનું જોર વધી શકે છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફના કારણે ભારે વરસાદ રહેશે. ૧૫ જુલાઈ સુધી રાજ્યમાં ભારે વરસાદની શક્યતાઓ છે. રાજ્યમાં કેટલાક જિલ્લાઓમાં મધ્યમથી ભારે વરસાદ થશે. ૧૨ અને ૧૩ જુલાઈએ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. દરિયામાં ભારે કરંટ હોવાથી માછીમારોને પાંચ દિવસ દરિયો નહીં ખેડવા સૂચના આપવામાં આવી હતી.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ, સરદાર સરોવર ડેમ ૪૯.૨૭ ટકા ભરાયેલો છે. રાજ્યના ૨૦૬ જળાશયો તેમની કુલ સંગ્રહ ક્ષમતાના ૫૬.૪૩ ટકા ભરાયેલા છે. રાજ્યમાં ૨૪ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૩૮ ડેમ હાઈ એલર્ટ પર છે. રાજ્યમાં કચ્છમાં અત્યાર સુધીમાં ૫૭.૨૨ ટકા, ઉત્તર ગુજરાતમાં ૪૧.૯૩ ટકા, પૂર્વ મધ્યમાં ૪૫.૬૫ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૬.૬૦ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૫૨.૦૯ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. રાજ્યમાં સિઝનનો સરેરાશ ૪૭.૫૪ ટકા વરસાદ વરસ્યો છે. ગુજરાતમાં સવારે ૬ થી સાંજના ૬ સુધીની ૧૨ કલાકમાં ૬૩ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. ભાવનગરના ગારિયાધારમાં સૌથી વધુ ૧.૯૭ ઈંચ વરસાદ વરસ્યો હતો. શિહોરમાં ૧.૦૨ ઈંચ, સંખેડામાં ૦.૭૧ ઈંચ, ભાવનગરમાં ૦.૬૩ ઈંચ, બોડેલીમાં ૦.૪૭ ઈંચ વરસાદ પડ્યો હતો. ■

# રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણના લાભાર્થીઓને વધારાની ₹ ૫૦,૦૦૦ સહાય અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગ્રામીણ વિસ્તારના ઘરવિહોણા પરિવારોનું પોતાના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ અમલમાં મૂકવામાં આવી હતી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આ આવાસના નિર્માણ માટે અપાતી સહાયમાં વધારો કરવાનો જનહિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે.

આ નિર્ણય અંગે વિગતવાર માહિતી આપતા ગ્રામ વિકાસ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં ''સામાજિક-આર્થિક મોજણી અભ્યાસ-૨૦૧૧ તેમજ ''આવાસ પ્લસ સર્વે'' મુજબ પાત્રતા ધરાવતા રાજ્યના ઘરવિહોણા તેમજ કાચા આવાસ ધરાવતા પરિવારોને આવરી લેવાનો રાજ્ય સરકારનો દ્રઢ સંકલ્પ છે.

પ્રધાને ઉમેર્યું હતું કે, આ યોજના હેઠળ અત્યાર સુધી લાભાર્થીઓને ત્રણ તબક્કામાં કુલ રૂ. ૧,૨૦,૦૦૦ની સહાય ચૂકવવામાં આવતી હતી. ગ્રામીણ વિસ્તારોમાં મકાન બાંધકામ માટેના વપરાતા રેતી, કપચી, સિમેન્ટ, સ્ટીલ જેવા માલસામાનની વધતી કિંમતો ઉપરાંત ભૌગોલિક અને અંતરિયાળ વિસ્તારોના કારણે થતા પરિવહન ખર્ચને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે લાભાર્થીઓને પડતી મુશ્કેલીઓ દૂર કરવા આ મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. જે અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણના લાભાર્થીઓને રાજ્ય સરકાર તરફથી વધારાની રૂ. ૫૦,૦૦૦ સહાય આપવામાં આવશે. વિકસિત ગુજરાતના સંકલ્પને સાકાર કરી ગામડાઓને સમૃદ્ધ અને મજબૂત બનાવવાના ઉમદા આશય સાથે વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં આ વધારાની સહાય ચૂકવવા માટે કુલ ૧,૧૦,૦૦૦ લાભાર્થીઓના લક્ષ્યાંક સાથે રૂ. ૫૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, તેમ ગ્રામ વિકાસ પ્રધાને ઉમેર્યું હતું.

ગ્રામ વિકાસ પ્રધાને ઉમેર્યું હતું કે, હવેથી લાભાર્થીઓને આવાસ મંજૂરી સમયે પ્રથમ હપ્તા પેટે રૂ. ૩૦,૦૦૦, પ્લીન્થ લેવલ બીજા હપ્તા પેટે રૂ. ૮૦,૦૦૦, રૂફ-કાસ્ટ લેવલ ત્રીજા હપ્તા પેટે રૂ. ૫૦,૦૦૦ તેમજ આવાસ પૂર્ણ થયેથી ચોથા હપ્તા પેટે રૂ. ૧૦,૦૦૦ મળી કુલ રૂ. ૧,૭૦,૦૦૦ની સહાય આપવામાં આવશે. જેમાંથી રૂ. ૯૮,૦૦૦ની સહાય રાજ્ય સરકાર તેમજ રૂ. ૭૨,૦૦૦ સહાય કેન્દ્ર સરકારના ભંડોળમાંથી ચૂકવવામાં આવશે.

આ વધારાની સહાયથી ગ્રામીણ વિસ્તારના લાભાર્થીઓને પ્લીન્થ લેવલથી લઈને મકાન પૂર્ણ કરવા સુધીની કામગીરી દરમિયાન નાણાકીય મુશ્કેલીઓનો સામનો નહીં કરવો પડે અને આવાસ બાંધકામ ઝડપથી પૂર્ણ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે આ યોજના હેઠળ ૧૧,૬૦૬ લાભાર્થીઓને રૂ. ૫૮ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. ■

# સુરત-કામરેજ બ્રિજ ક્ષતિગ્રસ્ત જણાતાં વાહનોની અવરજવર માટે વૈકલ્પિક રૂટ શરૂ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના કામરેજ ખાતે તાપી નદી પરનો બ્રિજ ક્ષતિગ્રસ્ત થવાના કારણે સર્જાયેલી ટ્રાફિક સમસ્યાને હલ કરવા માટે તંત્ર દ્વારા વૈકલ્પિક માર્ગ તરીકે કીમ ચાર રસ્તાથી એક્સપ્રેસ હાઈવે ચાલુ કરવાની સૂચના આપવામાં આવી છે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા આ માર્ગને યુદ્ધના ધોરણે તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને આગામી ૨૪ કલાકમાં કીમ ચાર રસ્તાથી પલસાણા સુધીનો ૩૫ કિલોમીટરનો માર્ગ વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું હતું. મળતી વિગતો અનુસાર, વડોદરામાં તાજેતરમાં બનેલી ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ સુરત જિલ્લામાં પસાર થતા નેશનલ હાઈવે ૪૮ પરના કામરેજ સ્થિત તાપી નદીના બ્રિજ પર સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન બ્રિજના જોઈન્ટ્સ વચ્ચે મૂકવામાં આવેલી લોખંડની પ્લેટ ખસી ગઈ હોવાનું સામે આવ્યું હતું, જેને કારણે બ્રિજ ક્ષતિગ્રસ્ત થયો હતો. આ ઘટનાને પગલે નેશનલ હાઈવે ૪૮ પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ ટ્રાફિક જામની સ્થિતિને પહોંચી વળવા અને વાહનવ્યવહાર સરળ બનાવવા માટે કીમ ચાર રસ્તાથી પલસાણા સુધીના એક્સપ્રેસ હાઈવેને તાત્કાલિક અસરથી ચાલુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ■

# ગુજરાત કૉંગ્રેસના નવા પ્રદેશ પ્રમુખના નામની ટૂંક સમયમાં જાહેરાત થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં તાજેતરમાં યોજાયેલી વિસાવદર અને કડી વિધાનસભાની પેટા ચૂંટણીમાં કૉંગ્રેસનો કારમો પરાજય થયો હતો. જે બાદ શક્તિસિંહ ગોહિલે પ્રદેશ પ્રમુખપદેથી રાજીનામું આપ્યું હતું. નવા પ્રમુખની જાહેરાત ન થાય ત્યાં સુધી શૈલેષ પરમારને જવાબદારી સોંપવામાં આવી હતી.

ગુજરાત કૉંગ્રેસની કમાન કોને સોંપવી એ મુદ્દે ખડગે અને રાહુલ ગાંધી સાથે ગુજરાત કૉંગ્રેસના નેતાઓએ બેઠક કરી હતી. આ બેઠકમાં ગેનીબેન ઠાકોર, શૈલેષ પરમાર, પરેશ ધાનાણી સહિત પાંચ થી છ જેટલા નેતાઓ હાજર રહ્યા હતા. અગાઉ પાટીદાર અને ઓબીસી સમાજના નેતાઓ પોતાના સમાજને પ્રદેશ અધ્યક્ષપદ આપવા માટે રજૂઆત કરી ચુક્યા છે.

પેટાચૂંટણીમાં હાર પછી રાજીનામું આપ્યા બાદ શક્તિસિંહ ગોહિલે કહ્યું કે, ૩૦ વર્ષથી સત્તા ના હોવા છતાં અમારા કાર્યકરો મક્કમતાથી લડ્યા છે. સારાં પરિણામો નથી આવ્યાં એની જવાબદારી સ્વીકારું છું અને અત્યારથી જ રાજીનામું આપી રહ્યો છું. મારું રાજીનામું રાષ્ટ્રીય અધ્યક્ષને મોકલી આપ્યું છે. આ પહેલા ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં પરાજય થયા બાદ જગદીશ ઠાકોરે પ્રદેશ પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધું હતું. ત્યાર બાદ ૨૦૨૩ના જૂનમાં શક્તિસિંહ નવા પ્રદેશ પ્રમુખ બન્યા હતા. આ પહેલાં ૨૦૨૧ના ફેબ્રુઆરી-માર્ચમાં યોજાયેલી મહાનગર પાલિકાઓ તથા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં પરાજય થતા અમિત ચાવડાએ પ્રદેશ પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધું હતું. ઉલ્લેખનીય છે કે, અમિત ચાવડા ૨૦૧૮માં પ્રદેશ પ્રમુખ બન્યા હતા.

ગુજરાત કૉંગ્રેસની મોટી સમસ્યા એ છે કે છેલ્લાં ત્રીસ વર્ષથી સત્તાથી દૂર છે અને તેથી નવા નેતાઓ જોડી નથી શક્યા અને ગુજરાત કૉંગ્રેસ પાસે કોઈ નવો ચહેરો નથી. જો ગુજરાતને એક યુવા ચહેરો આપવો હોય તો જિજ્ઞેશ મેવાણી પર પક્ષ પસંદગી ઉતારે, પણ જ્ઞાતિનાં સમીકરણોમાં તે ફીટ બેસતું ન હોવાનું ઘણા નેતાઓ જણાવી રહ્યા છે. શૈલેષ પરમારના કાર્યકારી અધ્યક્ષ બનવાથી પણ પટેલ અને કોળી સમાજ નારાજ હોવાનું જણાઈ રહ્યું છે. આથી પક્ષે જ્ઞાતિનું ગણિત બેસાડ્યા બાદ જ નવા અધ્યક્ષની પસંદગી કરવું પડશે.

સૂત્રોના જણાવ્યા મુજબ જો કૉંગ્રેસ મહિલા ચહેરા પર પસંદગી ઉતારે તો લોકસભામાં ભાજપના ગુજરાતની ૨૬ બેઠકને ત્રીજી વાર સર કરવાના સપનાને રોળી નાખનારા ગેનીબેન ઠાકોરનો સમાવેશ થાય છે, પણ ગેનીબેન હાલમાં લોકસભામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનારાં એકલાં સભ્ય છે અને પહેલીવાર સંસદ સુધી પહોંચ્યા છે છતાં ગેનીબેન પણ આ રેસમાં છે. આ બન્ને ઉપરાંત ૨૦૧૭માં જેમની આગેવાનીમાં ગુજરાત કૉંગ્રેસે ૭૭ બેઠક મેળવી હતી તે પાટીદાર નેતા પરેશ ધાનાણી, સિદ્ધાર્થ પટેલ, વીરજી ઠુમ્મર તેમ જ પૂંજાભાઈ વશના નામ પણ લેવાઈ રહ્યા છે. ■

# સુરતમાં બોગસ ગન લાઇસન્સ કૌભાંડમાં ૫૦૦ પેજની ચાર્જશીટ કોર્ટમાં રજૂ થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત બોગસ ગન લાઇસન્સ કૌભાંડમાં સુરત પોલીસે ૫૦૦ પેજની ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી હતી. જેમાં ગજાનન ગન હાઉસના માલિક અતુલ પટેલ સહિત ૯ આરોપીના નામ છે. આ સમગ્ર કૌભાંડમાં બોગસ લાઇસન્સ જ્યાંથી ઈશ્યૂ થયા હતા તે નાગાલેન્ડના એક પણ વ્યક્તિને આરોપી બનાવવામાં આવ્યો નથી. ચાર્જશીટમાં ૮૨ સાક્ષીઓનો ઉલ્લેખ છે.

નાગાલેન્ડ પોલીસને પણ ગન લાઇસન્સ માટે યુનિક આઈડેન્ટિફિકેશન નંબર જનરેટ કરનાર કોન્ટ્રાક્ટ બેઝ કર્મચારી હાલ ક્યાં છે તેની જાણ નથી. વર્ષ ૨૦૧૬માં જ્યારે આ બોગસ લાઇસન્સ આપવાની વાત છે, તે સમયે ડિવિઝનલ કચેરી તરફથી સીપી દિમાપુર કચેરીને હથિયાર લાઇસન્સ સંબંધિત તમામ ડોક્યુમેન્ટ સોંપી દેવામાં આવ્યા હતા, પરંતુ હાલમાં કચેરીમાં તે અંગે કોઈ દસ્તાવેજો ઉપલબ્ધ નથી. આ સ્થિતિ સૂચવે છે કે નાગાલેન્ડના અધિકારીઓની મિલીભગત વગર આ રેકેટ શક્ય નથી, છતાં ચાર્જશીટમાં તેમની સંડોવણી સ્પષ્ટ કરવામાં આવી નથી.

સુરત ક્રાઈમ બ્રાન્ચે નાગાલેન્ડના કેટલાક સરકારી કર્મચારીઓ અને નોટરી વકીલોના નિવેદનો લીધા હતા. બોગસ ગન લાઇસન્સ કૌભાંડમાં આરોપી ગજાનન ગન લાઇસન્સના માલિકના વકીલ અશ્વિન જોગડીયાએ પોલીસ તપાસ પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, પોલીસ તપાસમાં અનેક ખામીઓ સ્પષ્ટપણે દેખાઈ રહી છે.

વકીલ જોગડીયાના મતે, આ ગન લાઇસન્સ કઈ રીતે ઇશ્યૂ કરવામાં આવ્યા તે પોલીસ તેમની ચાર્જશીટમાં સ્પષ્ટ કરી શકી નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, સમગ્ર તપાસમાં ઘણી વિસંગતતાઓ પ્રવર્તી રહી છે. આ નિવેદન પોલીસની તપાસની દિશા અને તેની પારદર્શિતા પર નવા પ્રશ્નાર્થ ઊભા કરે છે. ■

# નર્મદાના એકતાનગરમાં કેન્દ્રીય યુનિવર્સિટીઓના કુલપતિઓની બે દિવસીય કોન્ફરન્સનો આરંભ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદા જિલ્લાના એકતાનગર સ્થિત ટેન્ટ સિટી-૨ ખાતે કેન્દ્રિય યુનિવર્સિટીઓના કુલપતિઓની બે દિવસીય કોન્ફરન્સનો પ્રારંભ થયો હતો. જેમાં દેશભરની ૫૦થી વધુ યુનિવર્સિટીઓના કુલપતિઓએ ભાગ લીધો છે. નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ની અમલવારીની સમીક્ષા, મૂલ્યાંકન અને આયોજન થકી વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પને પરિપૂર્ણ કરવાનો આ કોન્ફરન્સનો મુખ્ય મુદ્દો રહ્યો છે. ભારત સરકારના કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને આ કોન્ફરન્સનો પ્રારંભ કરાવ્યો હતો.

કેન્દ્રીય શિક્ષણ પ્રધાને ધર્મેન્દ્ર પ્રધાને કોન્ફરન્સના ઉદઘાટન પ્રસંગે જણાવ્યું કે, છેલ્લા દાયકામાં ભારતનું ઉચ્ચ શિક્ષણ પરિપ્રેક્ષ્ય મૂળભૂત રીતે બદલાયું છે. આજે તેમાં વધુ સરળતા, આંતરવિષયક અભિગમ, સમાવેશી શિક્ષણ સાથે નવીનતા પણ છે. દેશભરમાં વર્ષ ૨૦૧૪૧૫ પછી વિદ્યાર્થીઓના નામાંકનમાં ૩૦ ટકા નો વધારો થયો છે. જેમાં દીકરીઓના નામાંકનમાં ૩૮ ટકાનો વધારો થયો છે. જેમાં મહિલા ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો હવે પુરુષો કરતાં વધુ છે. અનુસૂચિત જનજાતિઓના ગ્રોસ એનરોલમેન્ટમાં ૧૦ ટકા અને એસસીમાં ૮ ટકા જેટલો વધારો થયો છે. દેશભરમાં હાલ ૧૨૦૦ થી વધુ યુનિવર્સિટીઓ અને ૪૬,૦૦૦થી વધુ કોલેજો કાર્યરત છે.

ધર્મેન્દ્ર પ્રધાને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ટેક્નોલોજી, ભારતીય જ્ઞાન સિસ્ટમ અને ભાષા આધારિત અભ્યાસક્રમોને નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ના ધારા-ધોરણો મુજબ નવા અભ્યાસક્રમોમાં સમાવિષ્ટ કરવાની જરૂરિયાત પર ખાસ ભાર મૂક્યો હતો. વધુમાં તેમણે ઉમેર્યું કે, દરેક યુનિવર્સિટીએ નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ની સંપૂર્ણ અમલવારી માટે રણનીતિ તૈયાર કરી તેમાં વિષયોની બહુવિષયક સમન્વયતા, ભારતીય જ્ઞાન પરંપરાનું મુખ્ય પ્રવાહમાં સ્થાન, ટેક્નોલોજી આધારિત શિક્ષણ દ્વારા કુશળતા વિકાસ, ટ્રેડિશનલ મૂલ્યો સાથે ટેક્નોલોજીનું સંકલન અને નવીન અભિગમો સાથે કેમ્પસ પહેલ જેવા મુદ્દાઓનો સમાવેશ થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ.

સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના ચાન્સેલર ડો. હસમુખ અઢિયાએ કર્મયોગના છ સિદ્ધાંતો અંગે પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું કે, ભારતીય જ્ઞાન પરંપરા વ્યક્તિગત, સામાજિક અને રાષ્ટ્રીય વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

કેન્દ્રીય શિક્ષણ વિભાગના સચિવ ડો. વિનીત જોશીએ જણાવ્યું કે, નવી શિક્ષણ નીતિ હવે માત્ર ડિગ્રી આપતી સંસ્થાઓ નહીં પરંતુ નવીનતા, સંશોધન અને સર્વાંગી વિકાસના ઇકોસિસ્ટમ તરીકે સંસ્થાઓના પુનરાવલોકનનો એક સફળ પ્રયાસ બની છે. ■

# જો રૂટ ૯૯ રને નૉટઆઉટ, ઇંગ્લૅન્ડના ૪/૨૫૧

લંડનઃ ઇંગ્લૅન્ડે અહીં ભારત સામેની ત્રીજી ટેસ્ટમાં પ્રથમ દિવસની રમતના અંત સુધીમાં ૮૩ ઓવરમાં ચાર વિકેટે ૨૫૧ રન કર્યા હતા. જો રૂટ ૧૯૧ બૉલમાં નવ ફોરની મદદથી ૯૯ રને નૉટઆઉટ રહ્યો હતો અને ૩૭મી સદીથી એક જ રન દૂર હતો. તેની સાથે કૅપ્ટન બેન સ્ટૉક્સ ૧૦૨ બૉલમાં ૩૯ રન કરીને દાવમાં હતો. ચારમાંથી બે વિકેટ નીતીશ રેડ્ડીએ તેમ જ એક-એક વિકેટ જસપ્રીત બુમરાહ અને રવીન્દ્ર જાડેજાએ લીધી હતી. એકંદરે, ભારતીય બોલર્સે બ્રિટિશરોને કાબૂમાં રાખીને તેમને બૅઝબૉલ (આક્રમક બૅટિંગ) સ્ટાઇલથી રમતા રોક્યા હતા. તેમણે માત્ર ૩.૦૨ના રેટથી રન બનાવતાં પ્રેક્ષકો-દર્શકો માટે આ દિવસ બોરિંગ થઈ ગયો હતો.

ભારતે નવો બૉલ લીધા બાદ લૉર્ડ્સના મેદાન પર જીવજંતુઓના આતંકને કારણે રમત થોડી વાર માટે અટકાવવામાં આવી હતી.

ટૉસ જીતીને પ્રથમ બૅટિંગ કરવાનો બેન સ્ટૉક્સે જે નિર્ણય લીધો એ એના કેટલાક ટૉપ-ઑર્ડરના બૅટસમેનોની વિકેટ વહેલી પડી એને કારણે ખોટો સાબિત થઈ રહ્યો હતો, પરંતુ જો રૂટે લૉર્ડ્સની પિચ પર પોતાની હાજરી એટલી બધી મજબૂત બનાવી દીધી કે એને કારણે બુમરાહ સહિતના તમામ ભારતીય બોલર્સે સંઘર્ષ કરવો પડ્યો અને ખુદ રૂટે એક મહત્ત્વનો રેકૉર્ડ પોતાના નામે કરી લીધો. રૂટ ભારત સામે ટેસ્ટ-ક્રિકેટમાં ૩,૦૦૦ રન કરનાર પ્રથમ ખેલાડી બન્યો છે.

બન્ને ઓપનર ડકેટ (૨૩ રન) અને ક્રૉવ્લી (૧૮ રન)ની વિકેટ નીતીશ રેડ્ડીએ લીધી હતી. બન્નેના કૅચ રિષભ પંતે ઝીલ્યા હતા. કૅપ્ટન શુભમન ગિલે સ્પિનર જાડેજાને છેક ૪૬મી ઓવર બાદ પહેલી વાર બોલિંગ આપી હતી અને તે પોતાની બીજી જ ઓવરમાં ઑલી પૉપ (૪૪ રન)ની વિકેટ લેવામાં સફળ થયો હતો.



રિષભ પંતને આંગળીમાં બોલ વાગ્યો હતો

### પંત પછી સ્ટૉક્સને પણ ઈજા

રિષભ પંતને વિકેટકીપિંગ દરમ્યાન આંગળીમાં ઈજા થઈ હતી જેને કારણે તે દિવસની રમતની અધવચ્ચે જ પૅવિલિયનમાં પાછો આવી ગયો હતો અને તેના સ્થાને સબસ્ટિટ્યૂટ ધ્રુવ જુરેલે વિકેટકીપિંગની જવાબદારી સંભાળી હતી. ૧૮ મહિના પહેલાં ધ્રુવે ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝમાં વિકેટકીપિંગ કર્યું હતું. ઇંગ્લૅન્ડનો સુકાની બેન સ્ટૉક્સ હૅરી બ્રૂકની ચોથી વિકેટ પડ્યા બાદ બૅટિંગમાં આવ્યો હતો અને તેને (સ્ટૉક્સને) ઈજા થઈ હતી એમ છતાં તેણે પોતાની બૅટિંગ ચાલુ રાખી હતી.

### નંબર-વન બોલરે નંબર-વનને આઉટ કર્યો

બુમરાહે હજી બે દિવસ પહેલાં ટેસ્ટ-બૅટ્સમેનોમાં વર્લ્ડ નંબર-વન બનેલા હૅરી બ્રૂકની વિકેટ લીધી હતી. બુમરાહે તેને કલાકે ૧૪૦ કિલોમીટરની આસપાસની ઝડપે બૉલ ફેંકીને ક્લીન બોલ્ડ કર્યો હતો. બ્રૂક માત્ર ૧૧ રન કરી શક્યો હતો. ભારતે પ્રસિદ્ધ ક્રિષ્નાના સ્થાને બુમરાહને અને ઇંગ્લૅન્ડે જૉશ ટન્ગના સ્થાને જોફ્રા આર્ચરને ટીમમાં સમાવ્યો છે. ■

# ક્રિકેટના મક્કા ગણાતા લૉર્ડ્સના મ્યુઝિયમમાં સચિન પણ ચમક્યો

## ▸ ૧૯૮૩માં કપિલને ટ્રૉફી સાથે જોઈને હું પ્રોત્સાહિત થયો, હવે લૉર્ડ્સના જ પૅવિલિયનમાં મારું ચિત્ર મુકાયું એ મારા માટે મોટું ગૌરવઃ તેન્ડુલકર





ગુરુવારે લૉર્ડ્સમાં ત્રીજી ટેસ્ટના આરંભ પહેલાં સચિનના ચિત્રનું અનાવરણ થયું. તેને ઐતિહાસિક બેલ વગાડવાનું ગૌરવ પણ મળ્યું હતું. (પીટીઆઈ)

લંડનઃ અહીં ગઈ કાલે લૉર્ડ્સમાં ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે સિરીઝની ત્રીજી ટેસ્ટના આરંભ પહેલાં લૉર્ડ્સના જ એમસીસી મ્યુઝિયમમાં ક્રિકેટ-લેજન્ડ સચિન તેન્ડુલકરના ચિત્રનું અનાવરણ કરવામાં આવ્યું હતું. સચિને આ યાદગાર પ્રસંગે કહ્યું હતું કે '૧૯૮૩માં લૉર્ડ્સના સ્ટેડિયમમાં કપિલ દેવને ૧૯૮૩ના વર્લ્ડ કપની ટ્રૉફી સાથે જોઈને હું ક્રિકેટની સફર શરૂ કરવા માટે પ્રોત્સાહિત થયો હતો. હવે ઐતિહાસિક લૉર્ડ્સના જ પૅવિલિયનમાં મારું ચિત્ર મૂકવામાં આવ્યું એ મારા માટે બહુ મોટું ગૌરવ છે.'

આ સુંદર ચિત્ર સ્ટુઅર્ટ પીઅર્સન રાઇટ નામના ચિત્રકારે બનાવ્યું છે. તેમણે ૧૮ વર્ષ પહેલાં મુંબઈમાં તેના (સચિનના) ઘરેથી મેળવેલા ફોટોગ્રાફ પરથી આ કલાકૃતિ તૈયાર કરી છે. આ વર્ષના અંત સુધી સચિનનું આ ચિત્ર એમસીસી મ્યુઝિયમમાં જાળવી રાખવામાં આવશે અને ત્યાર બાદ આ ચિત્ર પૅવિલિયનમાં કાયમ માટે રાખવામાં આવશે.

સ્ટુઅર્ટ પીઅર્સને ઍબ્રેડેડ ઍલ્યુમિનિયમ પર ઑઇલ પેઇન્ટિંગ કર્યું છે. ચિત્રમાં જે બૅકગ્રાઉન્ડ છે એ ક્રિકેટમાં સચિનની અવિરત સફર, અમર્યાદ યોગદાનનો સંકેત આપે છે.

પીઅર્સન રાઇટે આ અગાઉ કપિલ દેવ, બિશનસિંહ બેદી અને દિલીપ વેન્ગસરકરના ચિત્ર બનાવ્યા હતા. જોકે અગાઉ કરતાં આ ચિત્ર ખૂબ મોટું છે. પીઅર્સને કહ્યું છે કે 'એમસીસીની ઇચ્છા હતી કે સચિનનું ચિત્ર અગાઉના ભારતીય ખેલાડીઓનાં ચિત્રો જેવા જ ફૉર્મેટમાં નહીં, પણ અલગ ફૉર્મેટમાં બને. એટલે મેં સચિનની પ્રતિભાને ધ્યાનમાં રાખીને તેનું મોટું ચિત્ર બનાવ્યું.'

સચિને ક્રિકેટના કાયદા ઘડતી મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી)ના મ્યુઝિયમમાં પોતાના ચિત્રના અનાવરણ પ્રસંગે એવું પણ કહ્યું હતું કે 'મારા માટે આ બહુ મોટું ગૌરવ છે. ૧૯૮૩માં ભારત લૉર્ડ્સમાં વર્લ્ડ કપ જીત્યું ત્યારે હું પહેલી વાર આ ઐતિહાસિક સ્થળને ઓળખતો થયો હતો. અમારા કૅપ્ટન કપિલ દેવે ત્યારે વિશ્વ કપની ઐતિહાસિક ટ્રૉફી ઊંચકી હતી અને એ સાથે જ મેં પણ ક્રિકેટર બનવાનો નિર્ધાર દૃઢ કર્યો હતો. હવે જ્યારે આ જ યાદગાર સ્થળે મારું ચિત્ર મૂકવામાં આવ્યું એ જોતાં મારી લાંબી અને અવિસ્મરણીય ક્રિકેટ-સફરને વધુ એક પહેચાન મળી છે, મને અનેરું ગૌરવ પ્રાપ્ત થયું છે. હવે હું મારી ક્રિકેટ કારકિર્દીને ફરી યાદ કરું છું તો મારા ચહેરા પર સ્મિત આવી જાય છે. ખરેખર, આ અમૂલ્ય ક્ષણો છે.'

લૉર્ડ્સનું આ ઐતિહાસિક મ્યુઝિયમ ૧૯૫૦માં ખૂલ્યું હતું. ત્રણ દાયકાથી એમાં લેજન્ડરી ક્રિકેટર્સનાં ચિત્રો તેમ જ અન્ય કલાકૃતિઓ મૂકવામાં આવે છે. ક્રિકેટની રમતમાં લૉર્ડ્સની લૉન્ગ રૂમ ગૅલેરી સૌથી જૂની છે અને એમાં ૩,૦૦૦ જેટલા ચિત્રો છે જેમાંના ૩૦૦ જેટલા ચિત્રો ખ્યાતનામ ખેલાડીઓના છે. ■

## ક્લાસિફાઇડ


### ૧૨. યાત્રા સહેલગાહ

■ રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન Pickup Drop સમગ્ર ભારતમાં કાર. ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પોટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ પૅકેજ અને યાત્રા વીમો. Travel Insurance ARRHAM HOLIDAY 9769977466/9892534488. (બી-૧૬૨૨૩)

દેશપાંડે ટ્રાવેલ્સ
9820962500
9819453043
શ્રાવણ સ્પેશીયલ
રેલવે આરક્ષણ ૭૫ દિવસ પહેલાં
અષ્ટવિનાયક – જેજુરી
પ્રતિબાલાજી - આળંદીસહ
પ્રત્યેક શુક્રવારે ઈકોનોમિક ૩,૧૫૧/-
સ્વતંત્ર રૂમ ૩,૯૫૧/- દરેકના
એસી બસ, નૉન-એસી રૂમ ૫,૫૫૧/-
પંઢરપુર - તુળજાપુર
ગાણગાપૂર-અક્કલકોટ
પ્રત્યેક ગુરુવારે ઈકોનોમિક ૩,૩૫૧/-
સ્વતંત્ર રૂમ ૪,૧૫૧/- દરેકના
એસી બસ, નોન-એસી રૂમ ૫,૫૫૧/-
ચારધામ યાત્રા
બદ્રીનાથ-કેદારનાથ-યમુનોત્રી
ગંગોત્રી-હરિદ્વાર-ઋષીકેશસહ
૧૩ દિવસ, ૧૧ ઑગષ્ટ, ૮ સપ્ટેમ્બર, ૬ ઑક્ટોબર, ૩૪,૫૦૦/- દરેકના
રામેશ્વર-મદુરાઈ
ત્રિવેન્દ્રમ-કન્યાકુમારીસહ
૭ દિવસ, ૨, ૧૭ ઑગષ્ટ
મુંબઈથી મુંબઈ ૩ ટાયર એસી, ૧૮,૫૦૦/- દરેકના
નૉન-એસી સ્લિપર ક્લાસ ૧૫,૫૦૦/- દરેકના
નેપાળ-પશુપતીનાથ
પોખરા-વારાણસી
કાશી વિશ્વનાથ-અયોધ્યાસહ
૯ દિવસ, ૧૦ ઑગષ્ટ, મુંબઈથી વારાણસી ૩ ટાયર એસી રેલવે દ્વારા પ્રવાસ
કાઠમંડુથી મુંબઈ વિમાન પ્રવાસ ૪૧,૫૦૦/- દરેકના
અયોધ્યા - વારાણસી
પ્રયાગરાજસહ
૬ દિવસ, ૩૧ જુલાઈ, ૪,૮,૧૨,૧૬ ઑગષ્ટ, મુંબઈથી મુંબઈ ૩ ટાયર એસી, ૧૩,૫૦૦/- દરેકના
ઉજ્જૈન - ઈંદોર
ઓંકારેશ્વર-મહેશ્વરસહ
૫ દિવસ, ૩, ૧૪ ઑગષ્ટ, એસી બસ ફેમિલીવાઈઝ રૂમ, ૧૩,૫૦૦/- દરેકના
સૌરાષ્ટ્ર-સોરઠી સોમનાથ
નાગેશ્વર-દ્વારકા-ગિરનારસહ
૭ દિવસ, ૨૭ જુલાઈ, ૧૪ ઑગષ્ટ
એસી બસ પ્રવાસ, ૧૬,૫૦૦/- દરેકના
મહારાષ્ટ્રમાંના
પાંચ જ્યોતિર્લિંગ
અંબેજોગાઈસહ ૪ દિવસ, ૨૫, ૩૧ જુલાઈ ૭,૧૪,૧૮ ઑગષ્ટ, ૮,૫૦૦/- દરેકના
ભીમાશંકર - લેણ્યાદ્રી
ઓઝર-માળશેજસહ
૨ દિવસ, દર શનિવારે
૨૬ જુલાઈ, ૨,૯,૧૬ ઑગષ્ટ
૨,૬૫૧/- સ્વતંત્ર રૂમ ફેમિલીવાઈઝ રૂમ
સાડાત્રણ શક્તિપીઠ
અંબેજોગાઈસહ
૫ દિવસ, ૧૩ ઑગષ્ટ, ૯,૫૫૧/- દરેકના
www.deshpandetours.com
(બી-૧૬૨૩૦)

### ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી વેસ્ટ**

જતીન વિલા, રેડી પજેસન, OC સાથે, નવા ટાવરમાં, સારા વ્યૂવાળા 1 BHK - 2 BHK અને જોડી ફ્લેટ, ખજુરિયા ગાર્ડન અને શ્રી દ્વારકેશ હવેલી પાસે સંપર્ક 9820436340. (જેપી/૪૫૦૩-ઈ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**MALAD WEST**

**Office Available for Rent Area: 1700 Sq Ft Including Mezzanine. Fully Furnished with 32 Workstations + 1 MD / 5 Manager's Cabin, Pantry, 2 Toilets, CCTV, 1 Car Park. Call: 9819814477. (B-16197)**

### ૩૨. જમીન-મિલકત

**વાપી થી તાપી**

ઉમરગામથી અંબાજી N.H. 48 ઇન્ડ.રેસી. એન.એ. રીસોર્ટ તેમજ હોટેલ માટે ટાઇટલ ક્લિયર જમીન માટે દક્ષિણ ગુજરાતમાં ઉદ્યોગ માટે સુનેહરી તક તમામ NOC માટે મળો Address. Patel Consultant And Developers Sonorous, 7th Floor, A wing, 705 Mob: Uttambhai Patel 9904000075/ Dhanesh Patel 7621000075. (૯૨-એ)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

■ સારા કન્ડીશનનાં ૨ સોફા કમ બેડ up-holstery સહિત, સોફા, કિચન કેબિનેટ, સેફ્ટી ડોર 36x80 ઇંચ વેચાણથી. 9137782451. (એસડીબી-૨૭૩૫)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઈડ**

(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૯૯૨-એ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૮૪-એ)

### ૪૬. વૉટર પ્રુફિંગ

**લીકેજ સોલ્યુશન**

**વોટર પ્રુફીંગ, ટેરેસ, સાઈડ વોલ, ક્રેક ફીલીંગ, રીપેરીંગ, પેઈન્ટિંગ 9892901140/ 9987694771. (૭૮-બી)**

### ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૨૧૮)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# ભારતીય મહિલા ટીમે ઈતિહાસ રચ્યો

મૅન્ચેસ્ટરઃ ભારતની મહિલા ક્રિકેટરો ઇંગ્લૅન્ડની ધરતી પર પહેલી જ વખત ટી-૨૦ સિરીઝ જીતી છે. હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતીય ટીમે ચોથી મૅચ ૬ વિકેટે જીતીને સિરીઝમાં ૩-૧થી વિજય સરસાઈ મેળવી લીધી છે. ૧૫ રનમાં બે વિકેટ લેનાર સ્પિનર રાધા યાદવને પ્લેયર ઑફ ધ મૅચનો અવૉર્ડ મળ્યો હતો. રાધાની તેમ જ શ્રી ચરનીની બે-બે વિકેટને લીધે બ્રિટિશ મહિલા ટીમ સાત વિકેટે ૧૨૬ રન કરી શકી હતી. ભારતીય ટીમે સ્મૃતિના ૩૨, શેફાલીના ૩૧, હરમનપ્રીતના ૨૬ અને જેમાઇમાના અણનમ ૨૪ રનની મદદથી ૧૭ ઓવરમાં ચાર વિકેટે ૧૨૭ રન કરીને વિજય મેળવ્યો હતો. ■

# બે ફૂટબોલરનું યલો કાર્ડનું મૅચ-ફિક્સિંગ

સિડનીઃ ઑસ્ટ્રેલિયામાં બે પ્રોફેશનલ ફૂટબોલ ખેલાડીઓએ પૈસા કમાવાના હેતુથી મૅચ દરમ્યાન રેફરીના હાથે જાણી જોઈને યલો કાર્ડ મેળવીને ફૂટબૉલમાં અનોખું મૅચ-ફિક્સિંગ કર્યું હોવાની સિડની કોર્ટ સમક્ષ કબૂલાત કરી છે. આ ખેલાડીઓને ગુનેગારો પાસેથી આ કૃત્ય માટે ખૂબ પૈસા મળ્યા હતા.

ઑસ્ટ્રેલિયામાં એ-લીગ ચૅમ્પિયનશિપ ખૂબ લોકપ્રિય છે અને એમાં આ ફિક્સિંગ થયું હતું. આ કિસ્સામાં મૅકાર્થર બુલ્સ ટીમનો ભૂતપૂર્વ કૅપ્ટન ઉલિસીસ ડેવિલા બે ફિક્સર ખેલાડી વચ્ચે મધ્યસ્થી હતો. મે, ૨૦૨૪માં ડેવિલા તેમ જ બે પ્લેયર કીઅરીન બૅક્સ તથા ક્લેટન લુઇસ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. બન્ને મિડફીલ્ડર ખેલાડીઓ (બૅક્સ અને લુઇસ)એ ૨૦૨૩ તથા ૨૦૨૪ના વર્ષની અમુક ખાસ મૅચોમાં ફિક્સિંગ કર્યું હતું જેમાં તેમણે રમતી વખતે (હરીફ ખેલાડીને જાણી જોઈને લાત મારવા સહિતના) ફૂટબૉલને લગતા ગુના કર્યા હતા જેને પરિણામે રેફરીએ તેમને યલો કાર્ડ બતાવવું પડ્યું હતું. ઇરાદાપૂર્વકના આ અફેન્સને પગલે ખેલાડીઓને આ યલો કાર્ડ બતાવવામાં આવતાં મૅચના પરિણામ પર અસર પડી હતી.

૩૩ વર્ષનો ડેવિલા બન્ને ખેલાડી અને કોલમ્બિયા સ્થિત ગુનાખોરી સાથે સંકળાયેલા જૂથ વચ્ચે કડી બન્યો હતો.

બેમાંથી એક ખેલાડી (બૅક્સ) ૩૩ વર્ષનો અને લુઇસ ૨૭ વર્ષનો છે. તેમને મધ્યસ્થી બનેલા ડેવિલા તરફથી ૧૦,૦૦૦ ઑસ્ટ્રેલિયન ડૉલર (૫,૬૨,૦૦૦ રૂપિયા) મળ્યા હતા. ■

# ડ્યૂક્સ બૉલનો વિવાદઃ રિષભ પંતની જેમ સ્ટૉક્સનાં પણ સનસનાટીભર્યાં નિવેદનો




લંડનઃ ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેની ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફીમાં પાંચ મૅચવાળી સિરીઝમાં બન્ને દેશ ૧-૧ની બરાબરીમાં રહ્યા બાદ ગઈ કાલે લૉર્ડ્સમાં ત્રીજી ટેસ્ટ (બપોરે ૩.૩૦ વાગ્યાથી) શરૂ થઈ એ પહેલાં આ શ્રેણીમાં વપરાતા ડ્યૂક્સ બૉલને લગતી અભૂતપૂર્વ બબાલ શરૂ થઈ હતી, જેમાં ટીમ ઇન્ડિયાના વાઇસ કૅપ્ટન અને વિકેટકીપર રિષભ પંતે વર્તમાન સિરીઝમાં વપરાતા ડ્યૂક્સ બૉલ વિશે સનસનાટીભરી ટિપ્પણી કરી ત્યાર બાદ એવી જ ફરિયાદ ઇંગ્લૅન્ડના કૅપ્ટન બેન સ્ટૉક્સે પણ કરી હતી.

વિકેટકીપર પંતે બ્રિટિશરોના ડ્યૂક્સ બૉલની ગુણવત્તાની ટીકા કરતા કહ્યું છે કે 'ટેસ્ટ માટેના લાલ લેધર બૉલનો આકાર બદલાઈ જતો મેં અગાઉ ક્યારેય નહોતો જોયો. આ ક્વૉલિટીના બૉલ મોટી સમસ્યા બની ગયા છે જે ક્રિકેટના હિતમાં નથી. ખરેખર, આ બહુ મોટો પ્રૉબ્લેમ છે. બૉલનો આકાર જ બદલાઈ જાય છે. એ સૉફ્ટ થઈ જાય છે. આવું તે કંઈ હોય? મેં અગાઉ આવું ક્યારેય નથી જોયું.'

### બેન સ્ટોક્સે શું કહ્યું?

ઇંગ્લૅન્ડના સુકાની બેન સ્ટૉક્સે પણ પંતની બૉલ વિશેની ફરિયાદમાં તેનો સાથ પુરાવતાં પત્રકારોને કહ્યું, 'ડ્યૂક્સ બૉલની સમસ્યા છે તો ખરી જ. જ્યારે પણ અહીં કોઈ વિદેશી ટીમ રમવા આવે ત્યારે બૉલ સૉફ્ટ થઈ જવાની કે એનો આકાર બદલાઈ જવા સહિતની સમસ્યા ઊભી થઈ જાય છે. માત્ર પ્રવાસી ટીમ જ નહીં, બોલિંગ કરતી દરેક ટીમ ડ્યૂક્સ બૉલ વિશે ફરિયાદ કરતી હોય છે. મને તો શંકા છે કે આ બૉલને માપવા વપરાતા ગેજ (માપક)ની બે રિંગ ડ્યૂક્સ રિંગ નહીં હોય.'

### પંતે ફરિયાદમાં આ પણ કહ્યું...

વર્તમાન શ્રેણીમાં બૉલનો આકાર બદલાઈ જવાની ફરિયાદને લઈને વારંવાર ખેલાડીઓ અમ્પાયર પાસે જતા જોવા મળ્યા છે. પંતે પત્રકારોને સંબોધતા કહ્યું, 'ખેલાડીઓ ખૂબ પરેશાન છે. બૉલમાં ગમે ત્યારે ફેરફાર જોવા મળે છે. ક્યારેક નરમ લાગવા માંડે અને ક્યારેક બીજું કંઈક થઈ જાય. આકાર બદલાઈ જાય એવું તો ન જ થવું જોઈએને! બૅટિંગમાં હોઈએ ત્યારે એવા બૉલને રમવામાં બહુ ઍડજસ્ટમેન્ટ કરતા રહેવું પડે છે.'

### બૉલ કેવી રીતે તપાસાય છે?

બૉલનો આકાર પરફેક્ટ છે કે નહીં એ માપવા અમ્પાયર એક પ્રકારના સાધનનો ઉપયોગ કરે છે. ગેજ તરીકે ઓળખાતા એ માપકમાં બે રિંગ હોય છે જેમાં બૉલ રાખીને અમ્પાયર બૉલનો આકાર માપે છે. બૉલ એક રિંગમાંથી બરાબર પસાર થઈ જાય તો એ બૉલ ઠીક કહેવાય છે. જો સરખો પસાર ન થાય તો એ બૉલ 'આઉટ ઑફ શેપ' ગણાય છે. જોકે નવો બૉલ ખૂબ જલ્દી સોફ્ટ થઈ ગયો કે એની સીમ (દોરી) ઢીલી થઈ ગઈ એવી વારંવાર ફરિયાદ કરવા છતાં અમ્પાયર ખેલાડીઓની ફરિયાદ નકારતા આ શ્રેણીમાં જોવા મળ્યા છે. બીજી રીતે કહીએ તો અમ્પાયરોને બૉલ ઠીક જ લાગતો હોય છે. બન્ને ટીમના પ્લેયર્સ આ સમસ્યાથી ખૂબ પરેશાન છે.

### પંત સાચો હતો છતાં ઠપકો!

લીડ્સની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે એક તબક્કે રિષભ પંત આવા જ એક ખરાબ બૉલની ફરિયાદ લઈને અમ્પાયર પાસે ગયો ત્યારે તેની ફરિયાદ અમ્પાયરે ફગાવતાં પંત ગુસ્સે થયો હતો અને બૉલ જમીન પર પછાડ્યો હતો. પંતને આ વર્તન બદલ મૅચ રેફરીએ ઠપકો આપવા ઉપરાંત તેના નામે એક ડીમેરિટ પોઇન્ટ લખ્યો હતો.

### અડધી સિરીઝ ખામીવાળા બૉલથી રમાઈ!

નવાઈની વાત એ છે કે ત્રીજી ટેસ્ટનો પ્રથમ દિવસ આવી ગયો (અડધી સિરીઝ થઈ ગઈ) ત્યાં સુધી અમ્પાયરોને કે મૅચ રેફરી રિચી રિચર્ડ્સનને કે શ્રેણીના બ્રિટિશ આયોજકોને ડ્યૂક્સ બૉલને લગતી સમસ્યાનો ઉકેલ મળ્યો નથી.

### ડ્યૂક્સ કરતાં કૂકાબૂરા બૉલ સારા

ઑસ્ટ્રેલિયામાં વપરાતા કૂકાબૂરા બૉલ વિશે ક્યારેય આવી સમસ્યા નથી સંભળાઈ.

### ડ્યૂક્સ બૉલના ભારતીય ઉત્પાદક શું કહે છે...

ભારતીય મૂળના દિલીપ જાગજોડિયા ડ્યૂક્સ ક્રિકેટ બૉલના ઉત્પાદક છે. તેમણે એક ઇન્ટરવ્યૂમાં કહ્યું છે કે ડ્યુકસ બૉલ હોય કે પછી કૂકાબૂરા કે એસ.જી., દરેક બૉલ વિશે ટીકા તો થતી જ રહેતી હોય છે. ડ્યૂક્સ બૉલ સૉફ્ટ હોવાની ફરિયાદ છે. અમે જો ડ્યૂક્સ બૉલને વધુ સખત બનાવ્યા હોત તો બૅટ્સમેનના બૅટ જ તૂટી ગયા હોત.' ■

# ગિલને બ્રેડમૅનના વર્લ્ડ રેકૉર્ડ અને બીજા મોટા વિક્રમો તોડવાની તક




લંડનઃ ઇંગ્લૅન્ડ સામેની પહેલી બે ટેસ્ટમાં બંને ટીમના તમામ બૅટ્સમેનોમાં સૌથી વધુ ૫૮૫ રન કરનાર ભારતીય કૅપ્ટન શુભમન ગિલને ગઈ કાલે લૉર્ડ્સમાં શરૂ થયેલી ત્રીજી ટેસ્ટ મૅચ (બપોરે ૩.૩૦ વાગ્યાથી લાઈવ)થી માંડીને બાકીની સિરીઝમાં કેટલાક મોટા રેકૉર્ડ તોડવાની તક છે. આમાંથી કેટલાક એવા વર્લ્ડ રેકૉર્ડ પણ છે જે ગિલ તોડી શકે. ગિલે ૫૮૫માંથી ૪૩૦ રન બીજી ટેસ્ટમાં કર્યા હતા. હજી ત્રણ ટેસ્ટ રમાવાની બાકી છે.

(૧) ઑસ્ટ્રેલિયાના મહાન ખેલાડી સર ડૉન બ્રેડમૅને ૧૯૩૬માં ઇંગ્લૅન્ડ સામેની ઍશિઝ ટેસ્ટ સિરીઝમાં કૅપ્ટન તરીકે કુલ ૮૧૦ રન કર્યા હતા. ગિલ તેમના એ વિશ્વવિક્રમથી ૨૨૫ રન દૂર છે. યોગાનુયોગ, બ્રેડમૅનની પણ કૅપ્ટન તરીકેની એ પહેલી જ સિરીઝ હતી.

(૨) ખેલાડી તરીકે એક સિરીઝમાં સૌથી વધુ ૯૭૪ રન કરવાનો વિશ્વવિક્રમ પણ બ્રેડમૅનના નામે છે. તેમણે ૧૯૩૦માં ઇંગ્લૅન્ડ સામે ઍશિઝ શ્રેણીમાં નોંધાવેલો એ વિશ્વવિક્રમ તોડવા માટે ગિલને ૩૯૦ રનની જરૂર છે. દિલીપ વેન્ગસરકરે બે દિવસ પહેલા એક પ્રવચનમાં કહ્યું કે 'શુભમન ગિલ બ્રેડમૅનનો આ રેકૉર્ડ તોડી શકે એમ છે. ગિલ હાલમાં જબરદસ્ત ફૉર્મમાં છે એટલે તેણે આ મોકો ન છોડવો જોઈએ.'

(૩) ડૉન બ્રેડમૅને ટેસ્ટ કૅપ્ટન તરીકે ૧૦૦૦ રન ૧૧ ટેસ્ટ ઈનિંગ્સમાં પૂરા કર્યા હતા. ગિલને આ વિશ્વવિક્રમ તોડવા માટે બાકીની ૬ ઇનિંગ્સમાં ૪૧૫ રનની જરૂર છે.

એક ટેસ્ટ સિરીઝમાં સૌથી વધુ સેન્ચુરી ફટકારવાનો વિશ્વવિક્રમ વેસ્ટ ઇન્ડિઝના ક્લાઈડ વૉલ્કોટના નામે છે. તેમણે ૧૯૫૫માં ઑસ્ટ્રેલિયા સામેની શ્રેણીમાં પાંચ સદી ફટકારી હતી. ગિલે વર્તમાન શ્રેણીમાં ત્રણ સેન્ચુરી ફટકારી છે.

(૪) બ્રેડમૅનની ૧૯૪૭માં ભારત સામેની સિરીઝમાં કૅપ્ટન તરીકે ચાર સેન્ચુરી હતી. ગિલ તેમની એ વિક્રમજનક સિદ્ધિ પણ પાર કરી શકે. ભારતીયોમાં એ વિક્રમ સુનીલ ગાવસકરના નામે છે. તેમણે ૧૯૭૧માં પ્લેયર તરીકે અને ૧૯૭૮-'૭૯માં કૅપ્ટન તરીકે સિરીઝમાં ચાર સેન્ચુરી ફટકારી હતી.

(૫) ભારતીય ખેલાડીઓમાં એક ટેસ્ટ સિરીઝમાં સૌથી વધુ રન કરવાનો રેકૉર્ડ સુનીલ ગાવસકરના નામે છે. તેમણે ૧૯૭૮માં (વેસ્ટ ઇન્ડિઝ સામે) ૭૩૨ રન કર્યા હતા. એ વિક્રમ તોડવા માટે ગિલને માત્ર ૧૪૮ રનની જરૂર છે.

(૬) ગિલ ૧૮ રન કરશે એટલે તે ઇંગ્લૅન્ડમાં એક સિરીઝમાં સૌથી વધુ ૬૦૨ રન કરવાનો દ્રવિડનો ભારતીય વિક્રમ તોડશે.

(૭) ઇંગ્લૅન્ડ સામેની એક ટેસ્ટ સિરીઝમાં ભારતીય કૅપ્ટન તરીકે ૬૫૫ રન કરવાનો રેકૉર્ડ વિરાટ કોહલીના નામે છે. આ વિક્રમ પોતાના નામે કરવા માટે ગિલને ૯૧ રનની જરૂર છે. ■

# પિતાએ ગોળી મારતાં ટેનિસ પ્લેયરનું મૃત્યુ

ગુરુગ્રામઃ ગઈ કાલે ગુરુપૂર્ણિમાના દિવસે હરિયાણાના ગુરુગ્રામમાં ગોઝારી ઘટના બની ગઈ. પચીસ વર્ષની રાધિકા યાદવ નામની ટેનિસ પ્લેયરને તેના પિતા દીપક યાદવે ગોળી મારતાં રાધિકાનું મૃત્યુ થયું હતું. પિતાએ ઘરમાં તેના પર પાંચ ગોળી છોડી હતી જેમાંથી ત્રણ ગોળી તેને વાગી હતી અને તેનો જીવ ગયો હતો. રાધિકાને ઇન્સ્ટાગ્રામ પર રીલ બનાવવા સહિત સોશિયલ મીડિયામાં (વીડિયો રીલ બનાવવામાં) વ્યસ્ત રહેવાની આદત હતી અને એનાથી તેના પિતા ત્રાસી ગયા હોવાનું મનાય છે. જોકે અન્ય એક અહેવાલ મુજબ રાધિકા ટેનિસની ઍકેડેમી ચાલુ રાખે એ સામે તેના પિતાનો વિરોધ હતો. આ બાબતમાં ઝઘડો થયો હતો અને પિતાએ ગુસ્સામાં આવીને તેના પર ગોળીબાર શરૂ કરી દીધો હતો. દીપક યાદવ પાસે લાઇસન્સવાળી પિસ્તોલ હતી. દીપકની ધરપકડ કરવામાં આવી છે. ■



# ટેસ્ટ સિરીઝમાં ભારતનો અણગમતો વિક્રમ

લૉર્ડ્સઃ ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝમાં ૧-૧થી બરાબરીમાં આવ્યા પછી પણ ભારતીય ટીમે એક રીતે ફરી નિરાશ થવું પડ્યું છે અને એ નિરાશા એવી છે જેમાં એક અનિચ્છનીય વિશ્વવિક્રમ ભારતથી થઈ ગયો છે.

ભારતીય ક્રિકેટરો આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સતત ૧૩મી વખત ટૉસ હાર્યા છે. ભારતીયો ૨૦૨૫ની ૩૧મી જાન્યુઆરીથી માંડીને ગુરુવાર, ૧૦મી જુલાઈ સુધીમાં ૧૩ મૅચમાં ટૉસ હાર્યા છે. એ સાથે, ભારતે વેસ્ટ ઇન્ડિઝનો વર્લ્ડ રેકૉર્ડ તોડી નાખ્યો છે. આ પહેલાં, ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં (૧૯૯૯ની બીજી ફેબ્રુઆરીથી ૧૯૯૯ની ૨૧મી એપ્રિલ દરમ્યાન) લાગલગાટ ૧૨ મૅચમાં ટૉસ હારવાનો વેસ્ટ ઇન્ડિઝનો રેકૉર્ડ હતો જે હવે તૂટી ગયો છે. ભારત છેલ્લી જે સતત ૧૩ મૅચમાં ટૉસ હાર્યું છે એમાં આઠ મૅચ રોહિતની કૅપ્ટન્સીમાં, ત્રણ મૅચ ગિલની કૅપ્ટન્સીમાં અને બે સૂર્યકુમારની કૅપ્ટન્સીમાં રમાઈ છે. ■

# પરિણામોની મોસમ પૂર્વે આઈટી અને ટેલિકોમ શૅરોમાં વેચવાલીઃ સેન્સેક્સમાં ૩૪૫ પૉઈન્ટની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દેશની અગ્રણી આઈટી સર્વિસીસ કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસનાં વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળાના પરિણામોની આજે મોડી સાંજે થનારી જાહેરાત પૂર્વે સાવચેતીના અભિગમ તેમ જ અમેરિકી ટૅરિફ અંગેની અનિશ્ચિતતાને કારણે બજારનું સેન્ટિમેન્ટ ખરડાયેલું હોવાથી આજે મુખ્યત્વે આઈટી અને ટેલિકોમ ક્ષેત્રના શૅરોમાં રોકાણકારોની વ્યાપક વેચવાલીનું દબાણ રહેતાં આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૩૪૫.૮૦ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૨૦.૮૫ પૉઈન્ટનો ઘટાડો આગળ ધપ્યો હતો.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૩,૫૩૬.૦૮ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૩,૫૬૮.૨૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩,૧૩૪.૯૭ અને ઉપરમાં ૮૩,૭૪૨.૨૮ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૧ ટકા અથવા તો ૩૪૫.૮૦ પૉઈન્ટ ઘટીને ૮૩,૧૯૦.૨૮ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે આજે બીએસઈ ખાતે કુલ ૪૧૬૧ શૅરોમાં કામકાજો થયા હતા, જેમાં ૧૯૫૯ શૅરના ભાવ વધીને, ૨૦૬૪ શૅરના ભાવ ઘટીને અને ૧૩૮ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૪૬ શૅરના ભાવ બાવન સપ્તાહની ઊંચી અને ૪૯ શૅરના ભાવ બાવન સપ્તાહની નીચી સપાટીએ બંધ રહ્યા હતા અને આજે ત્રણ શૅરમાં ઉપરની તથા છ શૅરમાં નીચલી સર્કિટ લાગી હતી. જોકે, આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર છ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા અને શેષ ૨૪ શૅરના ભાવમાં ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૫,૪૭૬.૧૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૨૫,૫૧૧.૬૫ના મથાળે ખૂલ્યા બાદ નીચામાં ૨૫,૩૪૦.૪૫ અને ઉપરમાં ૨૫,૫૨૪.૦૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૨૦.૮૫ પૉઈન્ટ અથવા તો ૦.૪૭ ટકાના ઘટાડા સાથે ૨૫,૩૫૫.૨૫ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી માત્ર ૧૨ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા, જ્યારે ૩૮ શૅરના ભાવમાં ઘટાડો નોંધાયો હતો.

આજે સેન્સેક્સ હેઠળનાં માત્ર છ શૅરના ભાવમાં સુધારો જોવા મળ્યો હતો, જેમાં મારુતિ સુઝુકીમાં ૧.૩૬ ટકાનો, ટાટા સ્ટીલમાં ૧.૦૪ ટકાનો, બજાજ ફાઈનાન્સમાં ૦.૭૨ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૦.૬૫ ટકાનો, ટ્રેન્ટમાં ૦.૪૧ ટકાનો અને ટાટા મોટર્સમાં ૦.૩૮ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરમાં સૌથી વધુ ભારતી ઍરટેલમાં ૨.૬૨ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં ૧.૯૨ ટકાનો, ઈન્ફોસિસમાં ૧.૦૫ ટકાનો, ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૧.૦૩ ટકાનો, ટૅક મહિન્દ્રામાં ૦.૯૩ ટકાનો અને અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૦.૬૭ ટકાનો ઘટાડો નોંધાયો હતો. વધુમાં આજે બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૨૮ ટકાનો અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૧૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. તેમ જ બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં ટૅક્નોલૉજી ઈન્ડેક્સમાં ૧.૧૭ ટકાનો, ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૧.૧૧ ટકાનો, બીએસઈ ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૦.૭૭ ટકાનો, આઈટી ઈન્ડેક્સમાં ૦.૭૧ ટકાનો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૦.૪૪ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે રિઅલ્ટી, મેટલ, ઑઈલ અને ગૅસ તથા યુટિલિટી ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો.

એકંદરે આજે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી સ્થાનિકમાં બજાર વધુ તૂટતી અટકી હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે આજથી શરૂ થઈ રહેલી પરિણામોની મોસમમાં ખાસ કરીને આઈટી કંપનીઓ નબળું આઉટલૂક દર્શાવે તેવી ભીતિ સપાટી પર હોવાથી ટીસીએસનાં પરિણામોની જાહેરાત પૂર્વે રોકાણકારોએ આઈટી અને ફાઈનાન્સ કંપનીઓમાં સાવચેતીનું વલણ અપનાવતા બૅન્ચમાર્ક દબાણ હેઠળ રહ્યા હતા. એકંદરે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ દ્વારા થનારી ટૅરિફની જાહેરાત તેમ જ આજથી ટીસીએસના પરિણામોની જાહેરાત સાથે આઈટી સહિત અન્ય ક્ષેત્રનાં નાણાકીય વર્ષ ૨૦૨૬નાં પહેલા ત્રિમાસિકગાળાના પરિણામોની મોસમ પૂર્વે રોકાણકારો અને ટ્રેડરોએ અપનાવેલા સાવચેતીના વલણને કારણે બજાર દબાણ હેઠળ રહી હોવાનું લેમન માર્કેટ ડેસ્કનાં વિશ્લેષક ગૌરવ ગર્ગે જણાવ્યું હતું. જોકે, રેલિગેર બ્રોકિંગનાં રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું કે ટીસીએના પરિણામોની જાહેરાત પૂર્વે આઈટી કંપનીઓમાં જોવા મળેલી નફારૂપી વેચવાલી ઉપરાંત એફએમસીજી અને ફાર્મા ક્ષેત્રના શૅરોમાં પણ નરમાઈનું વલણ રહેતાં બૅન્ચમાર્ક દબાણ હેઠળ આવ્યા હતા.

તેમ છતાં મેટલ અને રિઅલ્ટી ક્ષેત્રમાં સુધારાતરફી વલણ રહેતાં બજારમાં ઘટાડો સીમિત રહ્યો હતો. આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગનાં હૅંગસૅંગમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જ્યારે જાપાનના નિક્કી ૨૨૫ ઈન્ડેક્સમાં ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે મધ્યસત્ર દરમિયાન યુરોપના બજારોમાં પણ સુધારાતરફી વલણ રહ્યું હતું. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૭ ટકા ઘટીને બેરલદીઠ ૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

## એપ્રિલથી જૂન ત્રિમાસિકગાળામાં ટીસીએસના ચોખ્ખા નફામાં છ ટકાનો વધારો

### શૅરદીઠ ₹ ૧૧ના ડિવિડન્ડની જાહેરાત

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા અથવા તો એપ્રિલથી જૂન સુધીના ત્રિમાસિકગાળામાં દેશની અગ્રણી આઈટી સર્વિસીસ કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસનો ચોખ્ખો નફો ગત સાલના સમાનગાળાના રૂ. ૧૨,૦૪૦ કરોડ સામે છ ટકા વધીને રૂ. ૧૨,૭૬૦ કરોડની સપાટીએ રહ્યો હોવાનું તેમ જ કંપનીના બોર્ડે એ શૅરદીઠ રૂ. ૧૧ના વચગાળાના ડિવિડન્ડની જાહેરાત કરી હોવાનું કંપનીએ આજે બીએસઈને એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું છે. કંપનીની આંકડાકીય માહિતી અનુસાર સમીક્ષા હેઠળના સમયગાળામાં કંપનીની આવકો ગત સાલના સમાનગાળાના રૂ. ૬૨,૬૧૩ કરોડ સામે સાધારણ ૧.૩ ટકા વધીને રૂ. ૬૩,૪૩૭ કરોડની સપાટીએ રહી હતી, પરંતુ કોન્સ્ટન્ટ કરન્સીના ધોરણે ત્રણ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. વધુમાં સમીક્ષા હેઠળના સમયગાળાના અંતે કંપનીના કાર્યકારી નફાનું માર્જિન ૦.૩૦ ટકા વધીને ૨૪.૫ ટકાના સ્તરે રહ્યું છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ કે ક્રિષ્નવાસને જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે સતત બૃહદ આર્થિક અને ભૂરાજકીય અનિશ્ચિતતાઓની માગ પર માઠી અસર પડી છે. જોકે, સમીક્ષા હેઠળના સમયગાળામાં ૯.૪ અબજ ડૉલરની નવી ડીલ થઈ છે તેમ જ રોજગારોની સંખ્યા ગત સાલના સમાનગાળાની તુલનામાં ૬૦૦૦ વધીને ૬,૧૩,૦૬૯ની સપાટીએ રહી હોવાનું કંપનીએ જણાવ્યું હતું. આજે બીએસઈ ખાતે સત્રના અંતે ટીસીએસના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૬ ટકાના સાધારણ ઘટાડા સાથે શૅરદીઠ રૂ. ૩૩૮૨.૩૦ની સપાટીએ બંધ રહ્યા હતા.

# ખાંડમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૩૦થી ૩૭૮૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટોની ખપપૂરતી લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ અને રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૬થી ૩૯૪૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૬થી ૪૦૩૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**મુંબઈ પોર્ટ ઓથોરીટી**

**ધ મેજર પોર્ટ ઓથોરીટી એક્ટ, ૨૦૨૧ની**

**કલમ 30 હેઠળ વેચાણ માટે નોટીસ**

નીચે જણાવેલ માલ જે લેન્ડીંગની તેમની સંબંધિત તારીખથી ૩૦ દિવસ કરતાં વધુ સમયથી નિકાલ થયા વગરના પડી રહેલ છે તે આગામી વેચાણમાં ઈ-ટેન્ડર કમ ઈ-ઓકશનથી વેચવામાં આવશે. જો આ માલ આજની તારીખથી ૧૦ દિવસની અંદર કન્સાઈનીઝ દ્વારા નિકાલ નહીં કરવામાં આવે તો **ઈમર્સન રોડ વૉટર હીટર; યુનીવર્સલ મલ્ટીપ્લગ; કન્સાઈની - પાવર એન્ટરપ્રાઈસીસ; શીપીંગ એજન્ટ - એસ શીપીંગ એન્ડ ઑફશોર કું. P.L; ક્લિઅરીંગ એજન્ટ - યાંગ મીંગ લાઈન (I) P.L.**

માલની વધુ માહિતી માટે MbPA વેબસાઈટઃ **www.mumbaiport.gov.in**ની મુલાકાત લેવા વિનંતી.

MbPA-11-2025 ટ્રાફિક મેનેજર

BRIHANMUMBAI MAHANAGARPALIKA

જોબનપુત્રા કમ્પાઉન્ડ, નાનાચોક, મુંબઈ-૪૦૦ ૦૦૭.

ACD/A. E. (S.W.M.)/D/૩૧૫/તા. ૧૦/૦૭/૨૦૨૫

**EOI**

જોબનપુત્રા કમ્પાઉન્ડ, નાનાચોક, મુંબઈ-૪૦૦ ૦૦૭ ખાતે આવેલ આસીસ્ટન્ટ કમિશનર, 'D' વોર્ડ D વોર્ડમાં ગણેશ વિસર્જન દરમિયાન ગિરગાંવ ચોપાટીની સાફસફાઈ માટે NGO મજૂરોની જોગવાઈ માટે સિલબંધ ક્વોટેશનો મંગાવે છે. ૧૧.૦૭.૨૦૨૫થી ૧૭.૦૭.૨૦૨૫ સુધી સ. ૧૧.૦૦ ક.થી બ. ૦૧.૦૦ ક.ની વચ્ચે કોઈપણ કામના દિવસે આસી. એન્જિ. (SWM) 'D' વોર્ડ સાથે કોરાં ક્વોટેશન ફોર્મ ઉપલબ્ધ છે. D વોર્ડમાં સમાન પ્રકારના કામનો અનુભવ ધરાવતા ક્વોટેશનરને પ્રાધાન્ય આપવામાં આવશે.

વેક્સ સીલબંધ ક્વોટેશન પાકતી તા. એટલે કે ૧૧.૦૭.૨૦૨૫ના બ. ૧.૦૦ ક. સુધી આસીસ્ટન્ટ કમિશનર 'D' વોર્ડની ઓફિસે પહોંચવું જોઈએ અને તેજ દિવસે બ. ૪.૦૦ ક. ખોલવામાં આવશે.

ક્વોટેશન દસ્તાવેજો પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે નહીં.

સહી/-

PRO/971/ADV./2025-26 આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) 'D' વોર્ડ

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ) (O.C. ડિવિઝન)

નં. DyHE (M&E) MIIIA/ ૧૬૫૪/PP તા. ૦૭-૦૭-૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે દર્શાવેલ કામ માટે ત્રણ પેકેટ સિસ્ટમમાં **ટકાવારી રેટ** ધોરણે લાઈનમાં વ્યવહાર કરતી પેઢીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે.

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| સેકસન | ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (M&E) M-3A પીસે- પાંજરાપુર |
| મહાટેન્ડર બીડ નં. | ૨૦૨૫_MCGM_૧૧૯૮૦૮૩ |
| કામનું નામ | પિસે પાંજરાપુર કોમ્પ્લેક્સ ખાતે પાઈપ લાઈફની વૃદ્ધિ માટે વિવિધ સાઈઝની MS પાઈપ લાઈન, વાલ્વસ અને ગિયર બોક્સમાં ત્રણ લેયર એન્ટી કોરોસીવ ઈપોક્સી પેઈન્ટિંગની જોગવાઈ. |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |

ટેન્ડર દસ્તાવેજ BMC વેબસાઈટ & https://mahatenders.gov.in પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-

(A.S. ભોઈર)

ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (M&E)

PRO/948/ADV./2025-26 M-3A, પિસે પાંજરાપુર i/c

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટળો.


# ટ્રેડ વૉરની ચિંતા સપાટી પર આવતા સોનામાં ₹ ૯૬૧નો અને ચાંદીમાં ₹ ૬૫૪નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં પુનઃ વૈશ્વિક ટ્રેડ વૉરની ચિંતા સપાટી પર આવવાની સાથે ડૉલર ઈન્ડેક્સ તથા અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં પીછેહઠ જોવા મળી હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના અને ચાંદીના ભાવમાં ધીમો સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ખાસ કરીને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૫૭થી ૯૬૧નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૬૫૪નો ચમકારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે મધ્યસત્ર પછી સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી નીકળતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૬૫૪ના સુધારા સાથે રૂ. ૧,૦૭,૯૩૪ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચી સપાટીએથી ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પાંખી રહી હતી. વધુમાં આજે સોનામાં વિશ્વ બજાર પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં વેરારરહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૫૭ વધીને રૂ. ૯૬,૬૫૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૬૧ વધીને રૂ. ૯૭,૦૪૬ના મથાળે રહ્યા હતા. જોકે, રાબેતા મુજબ ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે વૈશ્વિક ટ્રેડ વૉરની ચિંતા સપાટી પર આવતા ડૉલર ઈન્ડેક્સ તથા અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હોવાથી હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૩૩૨૭.૪૨ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ૩૩૩૬.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૩૬.૭૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે એકંદરે સોનાને ડૉલર ઈન્ડેક્સની નરમાઈનો ટેકો મળ્યો હોવાથી ભાવમાં સુધારો જોવા મળ્યો હોવાનું એબીસી રિફાઈનરીના ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂશનલ માર્કેટના હેડ નિકોલસ ફ્રેપલે જણાવતાં ઉમેર્યું હતું કે ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અમેરિકામાં આયાત થતાં કોપર પર ૫૦ ટકા અને બ્રાઝિલથી થતી આયાત પર ૫૦ ટકા ટૅરિફ આગામી પહેલી ઑગસ્ટથી અમલી થવાની જાહેરાત કરી હતી. તેમ જ અન્ય ૧૪ વેપારી ભાગીદાર દેશોનો પણ પહેલી ઑગસ્ટથી ટૅરિફના અમલની જાણ કરતો પત્ર લખ્યો હતો. આમ વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરની ભીતિ સપાટી પર આવવાને કારણે પણ સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં સિટી ઈન્ડેક્સના વિશ્લેષક મેટ્ટ સિમ્પસને જણાવ્યું હતું કે હાલમાં અમેરિકાનાં તમામ સમાચારો પર બજારની નજર હોવાથી સોના સહિતની તમામ બજારોમાં ભારે ચંચળતાનું વલણ જોવા મળી રહ્યું છે. નોંધનીય બાબત એ છે કે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં ૦.૨ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ ટ્રેઝરીની યિલ્ડ પણ ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએથી પાછી ફરી હોવાથી સોનામાં સુધારો જોવા મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વની જાહેર થયેલી છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સમાં ફેડરલના માત્ર બે જ નીતિઘડવૈયાઓએ વ્યાજદરમાં શક્ય તેટલા વહેલા ઘટાડો કરવાની તરફેણ કરી હતી, જ્યારે અન્ય અધિકારીઓએ ફુગાવો જ્યાં સુધી લક્ષ્યાંકિત સપાટી સુધી ન પહોંચે ત્યાં સુધી અને ટ્રમ્પની ટૅરિફની નીતિની ફુગાવા પર કેવીક અસર પડે છે ત્યાં સુધી રાહ જોવી જોઈએ એવું મંતવ્ય આપ્યું હોવાનું જાણવા મળ્યું છે. જોકે, હવે ફેડરલની આગામી બેઠક ૨૯-૩૦ જુલાઈના રોજ યોજાનાર છે.


**જાહેર નોટિસ**

આ સાથે **નોટિસ** આપવામાં આવે છે કે ૩૦૫, સુખ સાગર, એન. એસ. પાટકર માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૭ ખાતે તેની ઓફિસ ધરાવતી **લોકુમલ સન્સ ("સદર પેઢી")** એક ભાગીદારી પેઢી તેના માત્ર ચાલુ રહેલા ભાગીદારો **(૧) મિસ. રાધા પરકાશ અને (૨) શ્રી ફટુ રોચીરામ મુલચંદાની** બંને સીલવન રોશે, ૨૧ કારમાઈકલ રોડ, મુંબઈ-૨૬ ખાતે રહેતાં, **(૩) શ્રી ચંદ્રુ ભગવાન મુલચંદાની,** અમીતા, માઉન્ટ પ્લીઝન્ટ રોડ, મુંબઈ-૬ ખાતે રહેતા **(૪) શ્રી અશોક બુલચંદ મુલચંદાની,** A-૭, મેફેર ગાર્ડન્સ, ન્યુ દિલ્હી-૧૧૦૦૧૬ ખાતે રહેતા **(૫) શ્રી ગોપાલ રમેશ મુલચંદાની અને (૬) શ્રી દિનેશ મુલચંદાની,** બંને M-૧૦૮, ગ્રેટર કૈલાશ-૧, ન્યુ દિલ્હી-૧૧૦૦૪૮ ખાતે સરનામું ધરાવતાં **("સદર ભાગીદારો")** દ્વારા અમારા અસીલોને અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં નીચે વર્ણવ્યા મુજબના ફ્લેટ નં. ૩૦૫ અને તેના શેર્સ તમામ બોજા, ગીરો, મુકદ્દમાઓથી મુક્ત અને માર્કેટેબલ ટાઈટલ સાથે વેચવા અને/અથવા ટ્રાન્સફર કરવા સંમત થયા છે.

કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓ, સદર પેઢીના અગાઉના કોઈપણ ભાગીદારો સહિત જેઓ સદર ફ્લેટ નં. ૩૦૫ કે એના કોઈ ભાગ અને સદર શેર્સની સામે કે તેમાં લીઝ, સબ-લીઝ, લાયસન્સ, ભોગવટો, વેચાણ, અદલાબદલી, વ્યવસ્થા, ગીરો, ન્યાયપૂર્ણ ગીરો, ભેટ, ટ્રસ્ટ, વારસો, વસિયત, કબજો, લીઅન, ચાર્જ, જાળવણી, ઈઝમેન્ટ, વિકાસ કરાર, સંયુક્ત સાહસ, ભાગીદારી ઈત્યાદિ દ્વારા કોઈ દાવો ધરાવતા હોય અને કોઈપણ વ્યક્તિ ઓરીજીનલ ટાઈટલ ડીડ કે અન્યથાનો કબજો ધરાવતી હોય તો સદરની જાણ તેના દસ્તાવેજી પુરાવા સાથે લેખિતમાં નીચે સહી કરનારને તેણીની ઓફિસ નં. ૨૦૫ (૨૨A), બીજો માળ, સર યુસુફ બિલ્ડિંગ કોન્ડોમીનીયમ, વીર નરીમાન રોડ, ફ્લોરા ફાઉન્ટન, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે, આજની તારીખથી ૧૪ (ચૌદ) દિવસની અંદર જાણ કરવી આવશ્યક છે, અન્યથા સદર ફ્લેટ નં. ૩૦૫ અને સદર શેર્સનું આવા કોઈ દાવા કે હિતનો સંદર્ભ લીધા વગર વેચાણ અને/અથવા ટ્રાન્સફર પૂરું કરવામાં આવશે અને આવા જો કોઈ હોય તો, બધા હેતુઓ અને ઉદ્દેશ્યોને ત્યજી દેવાયેલા ગણવામાં આવશે.

**ઉપરોક્ત ઉલ્લેખેલ પરિશિષ્ટ:**

માલિકીનો ફ્લેટ નં. ૩૦૫, ભરતમાં ૧૦૯૫ ચો.ફુટ કાર્પેટ એરિયા સુખ સાગર નામથી જાણીતા બિલ્ડિંગના ત્રીજા માળે, એન. એસ. પાટકર માર્ગ, મુંબઈ-૭ ખાતે સ્થિત, ગીરગાંવ ડીવીઝનનો કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૫૧૮ ધરાવે છે, તેની સાથે રૂા. ૫૦/-ના દરેક એવા દસ શેર્સ જે નં. ૩૯૬ થી ૪૦૫ (બંને સમાવિષ્ટ) ધરાવે છે, જે સુખ સાગર પ્રીમાઈસીસ કો-ઓપરેટીવ સોસાયટી લિ. દ્વારા અપાયેલ શેર સર્ટીફીકેટ નં. ૬૪માં સમાવિષ્ટ છે, જેમાં તેના ભોગવટાનો હક્ક અને તેની બાબતમાં સદર સોસાયટીમાં બીજા બધા આનુષંગિક હક, ટાઈટલ અને હિતનો સમાવેશ છે.

આજ તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૨૫

**વિમલા એન્ડ કું.**

સહી/-

પ્રોપરાઈટર

એડવોકેટ્સ & સોલીસીટર્સ


# ડૉલર સામે રૂપિયામાં ત્રણ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈતરફી વલણ છતાં અમેરિકા સાથે ટ્રેડ ડીલ થઈ જવાનો આશાવાદ ઉપરાંત વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં પીછેહઠ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૭૭ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને સાધારણ ત્રણ પૈસાના સુધારા સાથે ૮૫.૭૦ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૭૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૬૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૭૦ અને ઉપરમાં ૮૫.૫૩ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ત્રણ પૈસા વધીને ૮૫.૭૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

વાણિજ્ય મંત્રાલયની ટીમ અમેરિકા સાથેની પ્રસ્તાવિત ટ્રેડ ડીલની વાટાઘાટો માટેના બીજા તબક્કા માટે ટૂંક સમયમાં વૉશિંગ્ટનની મુલાકાત લેશે, જેમાં કૃષિ અને ઑટોમોબાઈલ ક્ષેત્ર અંગેના વિવાદોનો ઉકેલ લાવવામાં આવશે એમ એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું. જોકે, મુલાકાત માટેની તારીખ હજુ નક્કી નથી, પરંતુ શક્યતઃ આગામી સપ્તાહે ટીમ વૉશિંગ્ટન જશે, એમ તેમણે જણાવતા ઉમેર્યું હતું કે અમે સંપૂર્ણ ડીલ અંગે વાટાઘાટો કરીશું અને જે બાબતોમાં સમાધાન થશે તે કરવામાં આવશે અને વચગાળાની ડીલ કરવામાં આવશે તથા શેષ મુદ્દાઓ પર પછીથી વાટાઘાટ કરવામાં આવશે. દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩૪ ટકા ઘટીને બેરલદીઠ ૬૯.૯૫ આસપાસ અને ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૫ ટકા ઘટીને ૯૭.૪૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. તેમ છતાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે રૂ. ૩૪૫.૮૦ પૉઈન્ટનો અને ૧૨૦.૮૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં સુધારો

### કોપર કેબલ ક્રેપ, કોપર વાયરબાર, કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટો અને વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ ₹ એકથી સાતનો સુધારો આવ્યો હતો

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સની નરમાઈ સાથે કોપર સહિતની અમુક ધાતુઓના ભાવમાં સુધારો આવ્યાના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન અને નિકલમાં ઘટ્યા મથાળેથી અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૩ અને ૨૦નો સુધારો આવ્યો હતો.

તેમ જ તેની આગેવાની હેઠળ કોપર કેબલ ક્રેપ, કોપર વાયરબાર, કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટો અને વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી સાતનો સુધારો આવ્યો હતો. જોકે, આજે નિરસ માગે માત્ર કોપર આર્મિચર, કોપર યુટેનિસલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે નિકલ, ટીન અને કોપર વાયરબારમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૦ વધીને રૂ. ૧૩૩૫, રૂ. ૧૩ વધીને રૂ. ૨૯૩૫ અને રૂ. સાત વધીને રૂ. ૯૦૩ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગ જળવાઈ રહેતાં ભાવમાં સુધારો જોવા મળ્યો હતો. તેમાં બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૬૦૮, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૫૧, રૂ. ૮૪૧ અને રૂ. ૨૫૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૭૬૪ અને કોપર આર્મિચર તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૨૮ અને રૂ. ૧૮૪ના મથાળે રહ્યા હતા.

જ્યારે ખપપૂરતી માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૬૦, રૂ. ૨૧૫ અને રૂ. ૨૫૯ના મથાળે ટકેલા રહ્યા હતા.


**નોટીસ**

(i) અંબ્રિષા અનિલ વોરા (ii) આશિષ અનિલ વોરા સંયુક્ત લીઝધારકો છે અને તેઓ દરેક પાસે અંદાજે 603 ચોરસ ગજ (શીર્ષક દસ્તાવેજો મુજબ 551.38 ચો.મી. અને મિલ્કત રજીસ્ટર કાર્ડ મુજબ 483.5 ચો.મી.) જમીનના લીઝહોલ્ડ હકમાં અવિભાજિત ½ ભાગ છે. આ જમીન પ્લોટ નં. 65 (જે પ્લોટ નં. 14/4, JVPD સ્કીમનો ભાગ છે), સર્વે નં. 17 (જુહુ ગામ માટે સી.ટી.એસ. નં. 697) અને સર્વે નં. 287 વિલેપાર્લે (વેસ્ટ) ગામ માટે સી.ટી.એસ. નં. 105) ઉપર આવેલ છે, જે નોર્થ સાઉથ રોડ નં. 6, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઇ - 400056, તાલુકો અંધેરી, જિલ્લો મુંબઇ ઉપનગરમાં આવેલ છે ("આ જમીન" તરીકે ઓળખાય છે).

તેઓ "અભિનંદન" નામની ઈમારતના માલિક પણ છે, જે પહેલાં "પુષ્પા કુંજ" તરીકે ઓળખાતી હતી, જેમાં ભૂતળ + સાત મજલા અને 7મી મજલાની લાગતી ટેરેસ તેમજ ઉપરની (8મી) ટેરેસનો સમાવેશ થાય છે ("આ ઈમારત"). ઇમારતમાં હાજર ભાડેતતો અને ફ્લેટધારકોના અધિકારોને આ શરતે માન્ય રાખવામાં આવ્યા છે.

આ ઈમારતમાં 5મું, 6મું અને 7મું મંજિલ તથા જોડાયેલી ટેરેસ અને ઉપરની 8મી મંજિલની ટેરેસ તથા 8 કાર પાર્કિંગ જગ્યાઓ (5 સ્ટિલ્ટ અને 3 ઓપન) આશિષ અનિલ વોરાના માલિકીના છે અને તેઓ સત્તાવાર રીતે એકહથથી ધરાવે છે ("આશિષ વોરા સંપત્તિ"). જણાવવામાં આવ્યું છે કે 5મી અને 6ઠ્ઠી મંજિલની મિલ્કત સિટીબેંક એન.એ. ને ગીરવે રાખવામાં આવી છે.

પ્રથમ માળે ફ્લેટ નં. 3 અને 4 તથા બીજા માળે ફ્લેટ નં. 6 (અગાઉ ફ્લેટ નં. 2A અને 2B "પુષ્પા કુંજ" તરીકે ઓળખાતું હતું) હાલના ભાડૂતોને ભાડાપટ્ટે આપવામાં આવ્યા છે અને આ મિલ્કત આશિષ વોરા અને અંબ્રિષા વોરા સંયુક્ત રીતે ધરાવે છે. ભોંયતળિયે આવેલી બે નોકરની રૂમ પણ બંનેની સંયુક્ત માલિકીની છે ("અંબ્રિષા અને આશિષ વોરા સંપત્તિ").

બાકીની મિલ્કતો/ફ્લેટો અને પાર્કિંગ સ્થળો અન્ય ફ્લેટ ધારકોની માલિકી અને વાપરમાં છે.

લીઝધારકો પ્રેસિડેન્સી કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડના સભ્યો છે (રજિસ્ટર્ડ ઓફિસઃ વિશ્નુ પ્રસાદ દેસાઇ ભવન, વી.એલ. મહેતા રોડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઇ - 400056, જે આ જમીનના મૂળ માલિક છે. લીઝધારકો પાસે રૂ. 50ના 5 શેર છે (શેર પ્રમાણપત્ર નં. 85, વૈશિષ્ટ્ય નં. 321 થી 325 સુધી) ("આ શેર").

આ જમીન, આ ઈમારત, આશિષ વોરા સંપત્તિ, અંબ્રિષા અને આશિષ વોરા સંપત્તિ તથા ઉપરોક્ત શેરને અહીં સાથે મળીને "વિષય મિલ્કત" તરીકે ઓળખાવવામાં આવે છે. લીઝધારકો/ઇમારતના માલિકોના હકની તપાસ ચાલી રહી છે.

જો કોઇ વ્યક્તિ કે પક્ષે ઉપરોક્ત વિષય મિલ્કત કે તેના કોઈપણ ભાગ પર વેચાણ, સોંપણી, ગીરો, ટ્રસ્ટ, લાયન, ભેટ, હક્ક, કબજો, વારસો, લીજ, ભાડું, લાયસન્સ, મેન્ટેનન્સ, ઇઝમેન્ટ અથવા અન્ય કોઇ રીતે હક ધરાવતો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેલી તારીખથી 14 દિવસની અંદર લેખિતમાં અમને જાણ કરવી અનિવાર્ય છે, નહીં તો એવો કોઇ પણ દાવો કે હિત અમાન્ય ગણાશે.

**ફ્લેટ માલિકો અને ભાડેતતોની વિગતો નીચે આપેલ છે**

| ક્રમ નં. | નામ | માલિક/ભાડૂત | ફ્લોર |
|---|---|---|---|
| 1. | શ્રી નલિન જે શાહ | ભાડૂત | પહેલો માળ ફ્લેટ નં. 3 |
| 2. | શ્રી વિજય જે શાહ | ભાડૂત | પહેલો માળ ફ્લેટ નં. 4 |
| 3. | મિસ. પરિષા દેસાઇ | માલિક | બીજા માળનો ફ્લેટ નં. 5 |
| 4. | શ્રી ઉત્પલ વૈષ્ણવ અને શ્રીમતી હંસા એમ. વૈષ્ણવ | ભાડૂત | બીજા માળનો ફ્લેટ નં. 6 (અગાઉ ફ્લેટ નં. 2A અને 2B તરીકે ઓળખાતો હતો) |
| 5. | શ્રી જયેશ વોરા | માલિક | ત્રીજો માળ ફ્લેટ નં. 7 |
| 6. | શ્રી જયેશ વોરા | માલિક | ચોથો માળ ફ્લેટ નં. 8 |
| 7. | શ્રી આશિષ વોરા | માલિક | 5મો માળ |
| 8. | શ્રી આશિષ વોરા | માલિક | 6ઠ્ઠો માળ |
| 9. | શ્રી આશિષ વોરા | માલિક | જોડાયેલ ટેરેસ સાથે 7મો માળ |

મુંબઇ તારીખ આજ 11મી જુલાઇ, 2025

ડેરિલ વાસ

પાર્ટનર

**પી. વાસ એન્ડ કંપની, એડવોકેટ્સ એન્ડ સોલિસિટર્સ**

એ-1, લિબર્ટી, પહેલો માળ, 98-બી, હિલ રોડ, બાંદ્રા (પશ્ચિમ), મુંબઇ - 400050.

ઈ-મેઇલ : **mail@pvasco.com**

અંક ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ
વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર કિંમતઃ ₹ ૧૦૦/- સ્થાપના ઈ.સ. ૧૮૧૪ વર્ષ ૨૧૨
પંચાંગકર્તાઃ સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭



ટાર્ગેટ અર્બન નક્સલવાદ

# મહારાષ્ટ્ર વિધાનસભામાં જાહેર સુરક્ષા ખરડો મંજૂર

## મુખ્ય પ્રધાને ખાતરી આપી કે આનો દુરુપયોગ નહીં થાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાએ ગુરુવારે ધ્વનિ મતદાન દ્વારા વિશેષ જાહેર સુરક્ષા બિલ (સ્પેશિયલ પબ્લિક સિક્યોરીટી બિલ)ને મંજૂરી આપી હતી, જેનો હેતુ શહેરી નક્સલવાદ પર લગામ લગાવીને ડાબેરી ઉગ્રવાદી સંગઠનોની ગેરકાયદે પ્રવૃત્તિઓને રોકવાનો છે.

રાજ્યના ગૃહ ખાતાનો હવાલો સંભાળતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નીચલા ગૃહમાં મહારાષ્ટ્ર વિશેષ જાહેર સુરક્ષા બિલ રજૂ કર્યું હતું.

ફડણવીસે જણાવ્યું હતું કે, રાજ્ય વિધાનસભાના બંને ગૃહોની સંયુક્ત પસંદગી સમિતિ દ્વારા સુધારા સાથે તેને મંજૂરી આપવામાં આવી હતી, તેમણે ખાતરી આપી હતી કે જ્યારે તે અમલમાં આવશે, ત્યારે નવા કાયદાનો દુરુપયોગ કરવામાં આવશે નહીં.

વિપક્ષોએ બિલના કેટલાક પાસાઓ પર વાંધો ઉઠાવ્યો હતો, જેમાં તેમણે એવો દાવો કર્યો હતો કે 'શહેરી નક્સલ' શબ્દનું વ્યાપક અર્થઘટન કરવામાં આવ્યું છે. આ બિલ હજુ સુધી વિધાન પરિષદમાં રજૂ કરવામાં આવ્યું નથી.

રાજ્ય અને દેશની સલામતી અને સુરક્ષા મહત્વપૂર્ણ છે અને દેશના

(જુઓ પાનું ૪) ▸▸

# મિલકતમાં ધરખમ વધારોઃ શિંદે-સેનાના પ્રધાન સંજય શિરસાટને આઈટીની નોટિસ

**એકનાશ શિંદેના દીકરા શ્રીકાંતને પણ આઈટી નોટિસ મોકલાઈ હોવાની જાહેરાત કર્યા પછી શિરસાટ ફરી ગયા હતા**

મુંબઈઃ મહારાષ્ટ્રના સામાજિક ન્યાય મંત્રી સંજય શિરસાટે ગુરુવારે જણાવ્યું હતું કે તેમને આવકવેરા વિભાગ તરફથી ૨૦૧૯ અને ૨૦૨૪ વિધાનસભા ચૂંટણીઓ વચ્ચે તેમની સંપત્તિમાં થયેલા વધારા અંગે ખુલાસો માગતી નોટિસ મળી છે.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના શિવસેનાના ઔરંગાબાદ (પશ્ચિમ) ધારાસભ્યએ પણ વિધાનસભા સંકુલની બહાર પત્રકારોને જણાવ્યું હતું કે એકનાથ શિંદેના દીકરા અને કલ્યાણ સાંસદ શ્રીકાંત શિંદેને પણ નોટિસ મળી છે.

જોકે બાદમાં તેમણે કહ્યું હતું કે શ્રીકાંત શિંદેને કોઈ આવકવેરા નોટિસ મળી હોવા વિશે તેમને કશોય ખ્યાલ નથી.

''કેટલાક લોકોએ આવકવેરા વિભાગમાં મારી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે મને નોટિસ ફટકારવામાં આવી હતી. મારે બુધવારે જવાબ આપવાનો હતો, પરંતુ તેમણે વધુ સમય માગ્યો હતો. હું યોગ્ય જવાબ આપીશ. કંઈ ખોટું થયું નથી,'' શિરસાટે

(જુઓ પાનું ૪) ▸▸

# સિંદૂર બ્રિજનું ઉદ્ઘાટન

## પુલનું નવું નામકરણ સશસ્ત્ર દળોને શ્રદ્ધાંજલિઃ ફડણવીસ





**આખરે મુહૂર્ત નીકળ્યુંઃ** નવા કર્ણાક પુલનું ગઈ કાલે ઉદઘાટન કરાયું હતું. (જયપ્રકાશ કેળકર, અમય ખરાડે)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે દક્ષિણ મુંબઈમાં પુનઃનિર્માણ પામેલા કર્ણાક રોડ ઓવરબ્રિજ (આરઓબી)નું ઉદ્ઘાટન કર્યું હતું. ભારતીય સૈન્યના 'ઓપરેશન સિંદૂર' ને શ્રદ્ધાંજલિરૂપે પુલને ''સિંદૂર બ્રિજ'' નામ આપવામાં આવ્યું છે.

ભારતીય સૈન્યએ 'ઓપરેશન સિંદૂર' દરમિયાન પાકિસ્તાનના અંતરિયાળ વિસ્તારમાં આવેલા આતંકવાદી અડ્ડાઓમાં ઊંડે સુધી પ્રહાર કરીને અસાધારણ સાહસ અને વ્યૂહાત્મક અભિગમનું પ્રદર્શન કર્યું છે એમ ફડણવીસે જણાવ્યું હતું.

તેમણે આ પ્રસંગે વધુમાં જણાવ્યું હતું કે બ્રિજનું નામ બદલવું એ આપણા સશસ્ત્ર દળો અને ભારતની સંરક્ષણ તાકાતને શ્રદ્ધાંજલિ છે. મધ્ય રેલવે દ્વારા ૧૫૦ વર્ષ જૂના પુલને અસુરક્ષિત જાહેર કરવામાં આવ્યો હતો અને ઓગસ્ટ ૨૦૨૨માં તેને તોડી પાડવામાં આવ્યા બાદ બૃહન મુંબઈ મ્યુનિસિપલ

(જુઓ પાનું ૪) ▸▸

# ધારાવીના લોકોનું મીઠાના અગરોની જમીન પર પુનર્વસન શક્યઃ કોર્ટની હા

## સૉલ્ટ પૅન લૅન્ડ સરકારને ટ્રાન્સફર કરવાને પડકારતી અરજી અદાલતે ફગાવી

મુંબઈઃ ધારાવી પુનર્વિકાસથી પ્રભાવિત પ્રોજેક્ટ અસરગ્રસ્ત વ્યક્તિઓના પુનર્વસન માટે પૂર્વીય ઉપનગરોમાં ૨૫૫.૯ એકર મીઠાના અગરની જમીન મહારાષ્ટ્ર સરકારને ટ્રાન્સફર કરવાને પડકારતી જાહેર હિતની અરજી (પીઆઇએલ) ગુરુવારે બોમ્બે હાઈકોર્ટે ફગાવી દીધી હતી. કોર્ટે નોંધ્યું હતું કે મીઠાના અગરની જમીનનો ઉપયોગ પ્રોજેક્ટ અસરગ્રસ્ત વ્યક્તિઓના પુનર્વસન માટે થઈ શકતો નથી તે દર્શાવતી કોઈ માહિતી રેકોર્ડ પર રજૂ કરવામાં આવી નથી.

મુખ્ય ન્યાયાધીશ આલોક આરાધે અને ન્યાયાધીશ સંદીપ માર્નેની બેન્ચે જણાવ્યું હતું કે, ''અમારા મતે, જો પ્રોજેક્ટ અસરગ્રસ્ત વ્યક્તિઓના પુનર્વસન કરવામાં આવે તો જાહેર હિત જળવાઈ રહેશે.'' એડવોકેટ અને સામાજિક કાર્યકર સાગર દેવરેની પીઆઈએલમાં ૭ ઓગસ્ટ અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજના બે સરકારી ઠરાવોને પડકારવામાં આવ્યો હતો, જેમાં ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટને કારણે

(જુઓ પાનું ૪) ▸▸




# મરાઠીઓને હાઉસિંગ સોસાયટીઓમાં ઈનકારઃ નવાં ધોરણો બનાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મરાઠી માણસોને ઘર ફાળવવામાં અથવા વેચાણ કરવામાં અવગણવામાં આવવાની ફરિયાદ વધી રહી હોવાથી મહારાષ્ટ્ર સરકારે હવે આકરાં પગલાં લેવાનો નિર્ણય લીધો છે. જો કોઈ બિલ્ડરે મરાઠી માણસને ઘર આપવાનો ઈનકાર કર્યો તો તેની વિરોધમાં સખત કાર્યવાહી કરવામાં આવશે એવી જાહેરાત રાજ્યના પ્રધાન શંભુરાજ દેસાઈએ કરી હતી. વિધાન પરિષદમાં મિલિંદ નાર્વેકરે નવી બિલ્ડિંગમાં મરાઠી માણસને ઘર ખરીદીમાં આરક્ષણ આપવા સંદર્ભમાં સવાલ કર્યો હતો તેના પર જવાબ આપતા શંભુરાજ દેસાઈએ કહ્યું હતું મુંબઈમાં કોઈ પણ મરાઠી માણસને ઘર નકારવાનો અધિકાર નથી. જો કોઈ એવી

(જુઓ પાનું ૪) ▸▸

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં મોટી સિદ્ધિઃ બીકેસી અને શીળફાટા વચ્ચે ૨.૭ કિ.મી. ટનલનું કામ પૂરું

મુંબઈઃ નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (એનએચએસઆરએલ)એ ગુરુવારે જણાવ્યું હતું કે મુંબઈમાં બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) અને થાણેમાં શિળફાટા વચ્ચે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે બનાવવામાં આવી રહેલી ૨૧ કિલોમીટર લાંબી ટનલમાં પ્રથમ સફળતા પ્રાપ્ત થઈ છે.

આ સાથે, ન્યૂ ઓસ્ટ્રિયન ટનલિંગ મેથડ (એનએટીએમ) નો ઉપયોગ કરીને ૨.૭ કિલોમીટર લાંબી ટનલ સેક્શન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે, એમ રિલીઝમાં ઉમેર્યું છે. નેશનલ હાઇ-સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે ગુરુવારે જણાવ્યું હતું કે, મુંબઈમાં બીકેસી અને પડોશી થાણેમાં શીળફાટા વચ્ચે ૨.૭ કિલોમીટર લાંબી ટનલ સેક્શનનું કામ સફળતાપૂર્વક પૂર્ણ થયું છે.

એનએચએસઆરસીએલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ૨૧

(જુઓ પાનું ૪) ▸▸

વિદ્યાર્થિનીઓને પિરિયડ્સ છે કે નહીં એના માટે તેમને કપડાં ઉતારવાની ફરજ પાડનાર...

# શહાપુરની શાળાની પ્રિન્સિપાલ સામે કડક પગલાંનો ફડણવીસનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શાળામાં છોકરીઓ પિરિયડ્સમાં છે કે નહીં તે તપાસી શકાય તે માટે કપડાં ઉતારવા માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવા નિર્દેશો જારી કર્યા છે, એમ રાજ્યના પ્રધાન ગિરીશ મહાજને ગુરુવારે જણાવ્યું હતું.

તેમણે વિધાનસભામાં એવી માહિતી આપી હતી કે મુખ્ય પ્રધાને થાણે જિલ્લાની એક ખાનગી શાળામાં બનેલી ઘટનાની તપાસના આદેશ આપ્યા છે.

મહાજને કહ્યું કે દોષીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

કોંગ્રેસના નાના પટોલેએ વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને એવી ચિંતા વ્યક્ત કરી હતી કે આવી ઘટના મહારાષ્ટ્ર જેવા પ્રગતિશીલ રાજ્યમાં પણ બની શકે છે.

એનસીપી (એસપી)ના જીતેન્દ્ર આવ્હાડે કહ્યું હતું કે શાળાના આચાર્ય પોતે એક મહિલા છે. પોલીસે છોકરીઓના કપડાં ઉતારવાના આરોપમાં પ્રિન્સિપાલ અને અન્ય એક કર્મચારીની ધરપકડ કરી છે.

પોલીસે આ કેસમાં પહેલેથી જ કાર્યવાહી કરી છે એ બાબત પર ભાર મૂકતાં મહાજને ગૃહને એવી ખાતરી આપી હતી કે આ ઘટનાની તપાસ કરવામાં આવશે અને કડક પગલાં લેવામાં આવશે.

કોંગ્રેસના વિધાનસભ્ય જ્યોતિ ગાયકવાડે

(જુઓ પાનું ૪) ▸▸

# અનિલ અંબાણીના ખાતાને 'ફ્રોડ' ગણતો આદેશ કૅનેરા બૅન્કે પાછો ખેંચી લીધો

મુંબઈઃ કેનેરા બેન્કે ગુરુવારે બોમ્બે હાઇ કોર્ટને માહિતી આપી હતી કે તેણે ઉદ્યોગપતિ અનિલ અંબાણી સાથે સંકળાયેલી એક ફર્મના લોન એકાઉન્ટને છેતરપિંડી તરીકે વર્ગીકૃત કરવાનો પોતાનો આદેશ પાછો ખેંચી લીધો છે. બેન્કના ખુલાસા બાદ ન્યાયમૂર્તિ રેવતી મોહિતે ડેરે અને નીલા ગોખલેની ખંડપીઠે અંબાણી દ્વારા બેન્કના આદેશને પડકારતી અરજીનો નિકાલ કરતાં કહ્યું હતું કે તેમાં કંઈ રહ્યું નથી. આદેશ પાછા ખેંચવાના જાણ ભારતીય રિઝર્વ બેંકને કરવામાં આવશે. આ લોન એકાઉન્ટ અંબાણીની કંપની રિલાયન્સ કમ્યુનિકેશન્સને લગતું હતું, જે નાદારીની કાર્યવાહીમાંથી પસાર થઈ રહી છે.

આઠમી નવેમ્બર, ૨૦૨૪ના દિવસે બેંકે લોન ખાતાને ''છેતરપિંડી'' તરીકે વર્ગીકૃત કર્યું હતું. ૨૦૧૭માં ૧,૦૫૦ કરોડ રૂપિયાની લોન જૂથની કંપનીને કનેક્ટેડ અથવા સંબંધિત પક્ષોને અન્ય જવાબદારીઓ ચૂકવવા માટે વાળવામાં આવી હતી. (પીટીઆઈ)■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**